અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

18 JUNE-2026 THURSDAY | Vol. : 17 | Issue : 346 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

બ્રિટનમાં સૌથી જૂની ભારતીય રેસ્ટોરન્ટ પર બંધ થવાનો ખતરો: વીરાસ્વામીની 100 વર્ષ જૂની લીઝ સમાપ્ત, માલિક કોર્ટ પહોંચ્યા

4

હોર્મુઝ ખુલશે છતાં ફૂડ-ગેસનો સપ્લાય નોર્મલ થતાં 4 વર્ષ લાગશે!

6

સોનુ નિગમને ગંભીર બીમારી થવા છતાં શો કેન્સલ ના કર્યો, કહ્યું - ખૂબ જ પીડા થાય છે...

7


મસ્કની સ્પેસએક્સ દુનિયાની 5મી સૌથી મૂલ્યવાન કંપની બની

# મોદીએ ટ્રમ્પને કહ્યું- ભારતીય નાવિકોની સુરક્ષા મહત્વપૂર્ણ

## મોદી જબરદસ્ત નેતા છે, તેમની લીડરશીપમાં ભારત હંમેશા મોટી ભૂમિકા ભજવશે : ટ્રમ્પ

**એવિયન, તા.17**

ફ્રાન્સના એવિયન ખાતે ચાલી રહેલી 52મી G7 સમિટમાં બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુલાકાત થઈ. આ દરમિયાન મોદીએ કહ્યું કે હોર્મુઝ ખુલ્લું રહેવું જરૂરી છે. સમુદ્રમાં ભારતીયોની સુરક્ષા જરૂરી છે. ટ્રમ્પના નેતૃત્વમાં પશ્ચિમ એશિયામાં શાંતિની આશા દેખાઈ રહી છે. આ પહેલા ટ્રમ્પે વર્કિંગ લંચ સ્ટેટમેન્ટમાં વડાપ્રધાન મોદીના વખાણ કર્યા. ટ્રમ્પે કહ્યું- મોદી શાંત અને જબરદસ્ત નેતા છે, પરંતુ હું મોદી જેવો નથી. જ્યારે બુધવારે વર્કિંગ સેશનમાં ટ્રમ્પ મોડા પહોંચ્યા ત્યારે બધા તેમની તરફ જોઈ રહ્યા હતા. ટ્રમ્પ થોડીવાર ચાલ્યા અને રોકાઈને મજાકમાં કહ્યું- આઈ એમ ધ બોસ. ત્યારબાદ બધા હસવા લાગ્યા. સમિટમાં 14 દેશોના નેતાઓએ ભાગ લીધો.

આજે સમિટનો બીજો દિવસ છે.આ પહેલા મોદીએ કહ્યું- 'વેસ્ટ એશિયામાં સંકટને કારણે ફ્યુઅલ, ફર્ટિલાઈઝર અને ફૂડ સપ્લાય ચેઈનમાં આવેલી અડચણોની અસર ગ્લોબલ સાઉથ (દક્ષિણી દેશો) પર લાંબા સમય સુધી રહેશે.'પશ્ચિમ એશિયામાં ભારતના રોલ પર ટ્રમ્પે કહ્યું- હા, મને આશા છે. મને લાગે છે કે ભારત દરેક બાબતમાં મોટી ભૂમિકા ભજવે છે. જ્યાં સુધી મોદી નેતા છે, ભારત મોટી ભૂમિકા ભજવશે. યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું- અમે ટ્રેડ ડીલ કરી રહ્યા છીએ. અમેરિકા અને ભારત વચ્ચે ઘણી બધી વસ્તુઓ થઈ રહી છે. અમેરિકા અત્યાર સુધીનું સૌથી સારું કામ કરી રહ્યું છે. અમારી પાસે $19.2 ટ્રિલિયનથી વધુ આવી રહ્યા છે. અમે બધું જ બનાવી રહ્યા છીએ.

વડાપ્રધાન અમેરિકામાં ઘણું બધું બનાવી રહ્યા છે અને ઘણા પૈસા ખર્ચ કરી રહ્યા છે, તેથી અમે તે કામની પ્રશંસા કરીએ છીએ. પરંતુ હું બસ એટલું કહેવા માંગુ છું કે તેઓ લાંબા સમયથી મારા મિત્ર છે અને અમારા વચ્ચે હંમેશા ખૂબ સારા સંબંધો રહ્યા છે, અને તમારી સાથે હોવું ખૂબ સારું છે. મંગળવારે સમિટના પહેલા દિવસે મોદીએ હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય નાગરિકોના મોતનો મુદ્દો ઉઠાવ્યો હતો. આઉટરીચ સેશનમાં તેમણે કહ્યું હતું કે આ મહત્વપૂર્ણ




દરિયાઈ માર્ગમાં ઘણા ભારતીયોએ જીવ ગુમાવ્યા છે અને વૈશ્વિક વેપારને જોડતા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ તમામ દેશોની જવાબદારી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વર્કિંગ લંચ સ્ટેટમેન્ટમાં પીએમ મોદીના વખાણ કર્યા. ટ્રમ્પે કહ્યું કે મોદી શાંત, કૂલ અને જબરદસ્ત વ્યક્તિ છે, પરંતુ તેઓ મોદી જેવા નથી. G7 દેશોના નેતાઓએ અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતીની પ્રશંસા કરી અને તેને પ્રાદેશિક સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું. નેતાઓએ કહ્યું કે આ સમજૂતી ઈરાનને પરમાણુ હથિયારો મેળવતા રોકવા અને તેની પ્રાદેશિક ગતિવિધિઓ સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવા માટે એક ઐતિહાસિક તક છે.

G7એ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ અને મધ્ય દેશોની ભૂમિકાની પણ પ્રશંસા કરી. સમૂહે કહ્યું કે તે આ સમજૂતીને સમર્થન આપે છે અને તેને સફળતાપૂર્વક લાગુ કરવામાં સહયોગ આપવા તૈયાર છે. મોદીએ ફેડરલ ચાન્સેલર મર્ઝ સાથે વાતચીત કરી. પીએમએ જણાવ્યું કે મર્ઝ સાથેની વાટાઘાટો ખૂબ ફાયદાકારક રહી. અમે વેપાર, રોકાણ, સર્ક્યુલર ઈકોનોમી, સંરક્ષણ, IT અને અન્ય ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવા પર ચર્ચા કરી. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે G7 શિખર સંમેલનના આયોજન માટે ફ્રાન્સ અને રાષ્ટ્રપતિ મેક્રોનની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ એક શાનદાર શિખર સંમેલન રહ્યું અને મેક્રોને તેના આયોજનમાં ઉત્તમ કામ કર્યું છે. ટ્રમ્પે કહ્યું કે સંમેલનને બધા દેશો તરફથી સારો ટેકો મળ્યો છે અને અહીં હાજર નેતાઓ તેનાથી સંતુષ્ટ દેખાયા. તેમણે કહ્યું કે ફ્રાન્સે યજમાનીની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી અને મેક્રોનનું પ્રદર્શન પ્રશંસનીય રહ્યું.

ટ્રમ્પ અને ઈટાલીના પીએમ મેલોની વચ્ચેના સંબંધોમાં એપ્રિલમાં આવેલી કડવાશ પછી હવે બંનેના સંબંધો સુધરતા જોવા મળી રહ્યા છે. આ સંકેત ફ્રાન્સમાં ચાલી રહેલી G7 સમિટ દરમિયાન જોવા મળ્યો. જ્યારે બંને નેતાઓની મુલાકાત થઈ ત્યારે ટ્રમ્પે મેલોનીને મજાકમાં કહ્યું, 'તમે મારો સાથ છોડી દીધો છે.' તેના પર મેલોનીએ જવાબ આપ્યો, 'આ સાચું નથી, અમે હંમેશાથી મિત્રો રહ્યા છીએ.'

પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે 16 મહિના પછી મુલાકાત થઈ. બંને નેતાઓ પહેલા ગ્રુપ ફોટો સેશન દરમિયાન મળ્યા. ટ્રમ્પે મોદીનો હાથ પકડી રાખ્યો. આ પછી, આઉટરીચ સેશનમાં મુલાકાત થઈ. મોદીને જોઈને ટ્રમ્પ સીટ પરથી ઊભા થયા અને તેમની સાથે હાથ મિલાવ્યો. આ પછી બંને વચ્ચે લગભગ 5 મિનિટ સુધી વાત થઈ.આ પહેલા બંને નેતાઓ ફેબ્રુઆરીમાં વોશિંગ્ટનમાં મળ્યા હતા. છેલ્લા 16 મહિના દરમિયાન ભારત-અમેરિકાના સંબંધોમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. જેમાં ટ્રમ્પ ટેરિફ અને એચ-1 બી વિઝાના મુદ્દા ખાસ રહ્યા. પીએમ મોદી અને ટ્રમ્પ વચ્ચે 16 મહિના પછી મુલાકાત થઈ. બંને નેતાઓ પહેલા ગ્રુપ ફોટો સેશન દરમિયાન મળ્યા. ટ્રમ્પે મોદીનો હાથ પકડી રાખ્યો. આ પછી, આઉટરીચ સેશનમાં મુલાકાત થઈ. મોદીને જોઈને ટ્રમ્પ સીટ પરથી ઊભા થયા અને તેમની સાથે હાથ મિલાવ્યો. આ પછી બંને વચ્ચે લગભગ 5 મિનિટ સુધી વાત થઈ.

# રાજભર બોલ્યા- મહારાષ્ટ્ર પછી હવે યુપીમાં સપા તૂટશે

- રામગોપાલે શાહને પત્ર આપી દીધો છે, અખિલેશે કહ્યું- જે ડરશે તે છોડી દેશે

**લખનઉ, તા.17**



મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની જેમ જ સપામાં પણ ભંગાણ થવાનું છે. આ મોટો દાવો યુપીના કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે બુધવારે કર્યો. તેમણે ANI સાથેની વાતચીતમાં કહ્યું- મહારાષ્ટ્ર તરફ ધ્યાન ન રાખો, હવે યુપીનો નંબર છે.

રાજભરે કહ્યું- ખનન પ્રકરણમાં CBIએ અખિલેશ યાદવનું પણ નામ રાખ્યું છે. તેઓ હજુ બહાર છે, તે જ મામલામાં પૂર્વ મંત્રી ગાયત્રી પ્રજાપતિ જેલમાં છે. ગોમતી રિવરફ્રન્ટ મામલામાં કોઈ જેલમાં ગયું છે ખરું? પીએમ મોદીએ સદનમાં કહ્યું હતું કે ક્યારેક-ક્યારેક અખિલેશજી પણ મદદ કરી દે છે, તો અખિલેશ મદદ રામગોપાલ પાસેથી કરાવે છે. તે જ પત્ર તેમણે આપ્યો છે.

રાજભરના નિવેદન પર સપા અધ્યક્ષ અખિલેશ યાદવે પ્રેસ કોન્ફરન્સમાં કટાક્ષ કર્યો. કહ્યું- 'દાના અને ગાના ક્યાં સુધી ચાલશે અફસાના'.

અખિલેશે કહ્યું, ભાજપ આ જ રીતે કામ કરે છે. ઘણા પક્ષોને તોડી ચૂકી છે. યુપીમાં પણ સપાના ઘણા ધારાસભ્યો અને MLCને રાજ્યસભા ચૂંટણીમાં તેમણે તોડ્યા હતા. જે ડરી જશે અને પોતાનો પક્ષ છોડીને જતો રહેશે. જો ભાજપનો મુકાબલો કરવો હોય તો બહાદુર લોકોની ટીમ હોવી જોઈએ. મુકાબલો કરવા માટે સપા તૈયાર છે. યુપીમાં તો ભાજપના જ ધારાસભ્યો પક્ષ બદલવા માટે તૈયાર છે.

મંત્રી ઓપી રાજભરના નિવેદન પર સપાની મહિલા સભાના પ્રવક્તા જુહી સિંહે કહ્યું, ઓપી રાજભર પક્ષ બદલનારા નેતા છે, જેમાં ન તો કોઈ નૈતિકતા છે અને ન તો કોઈ મૂલ્ય. તેઓ સમાજવાદી પાર્ટીની મદદથી ચૂંટાયા હતા અને હવે રામ મંદિરમાં થયેલા ભારે ભ્રષ્ટાચારને છુપાવવા માટે ભાજપના પ્રવક્તાની જેમ કામ કરી રહ્યા છે. તપાસ એજન્સીઓએ ઓપી રાજભરને સમન્સ મોકલવું જોઈએ. તપાસ એજન્સીઓને સહયોગ ન કરનાર વ્યક્તિ તરીકે તેમની સામે કાર્યવાહી થવી જોઈએ. આ ખૂબ મોટા પાયે ભ્રષ્ટાચાર છે, ભગવાન રામના ભક્તોની આસ્થા સાથે ચેડાં કરવામાં આવ્યા છે. લોકો દુ:ખી અને નારાજ છે. ઓપી રાજભરે રાજીનામું આપી દેવું જોઈએ કારણ કે તેઓ તપાસની માંગ કરવાને બદલે આવા ભ્રષ્ટાચારને છુપાવવાનું માધ્યમ બની ગયા છે.

# ઈરાન-યુએસ ડીલ પર સસ્પેન્સ, ટ્રમ્પ બોલ્યા- હજુ ફાઈનલ નથી

## તેહરાને શરતો ન માની તો ફરી બોમ્બમારો કરીશું, એક-બે દિવસમાં હોર્મુઝ સંપૂર્ણપણે ખુલશે

**તેહરાન, તા.17**

અમેરિકા અને ઈરાન વચ્ચેની ડીલ પર હજુ પણ સસ્પેન્સ યથાવત છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથે થયેલો કરાર હજુ અંતિમ નથી. G7 માં ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અલ-સીસી સાથે મુલાકાત દરમિયાન તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચે હાલમાં માત્ર મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) થયું છે અને હજુ ઘણી બાબતો નક્કી થવાની બાકી છે. ટ્રમ્પે ચેતવણી આપી કે જો ઈરાન કરારની શરતોનું પાલન નહીં કરે, તો અમેરિકા ફરીથી સૈન્ય કાર્યવાહી કરી શકે છે. તેમણે કહ્યું, "જો તેઓએ યોગ્ય રીતે વર્તન ન કર્યું, તો અમે ફરીથી બોમ્બ વરસાવીશું." ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે ઈરાન સાથેના કરારથી બજારોમાં વિશ્વાસ વધ્યો છે અને તેની અસર દેખાઈ રહી છે.



તેમણે કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ આગામી એક-બે દિવસમાં સંપૂર્ણપણે ખુલી જશે. તેમના મતે, દરિયાઈ માર્ગ પર જહાજોની અવરજવર ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. હોર્મુઝમાં સુરક્ષિત અવરજવરનો ભરોસો: ઈરાન અને ઓમાને કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવામાં આવશે. બંને દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવા અને ક્ષેત્રમાં સ્થિરતા જાળવી રાખવા પર ભાર મૂક્યો. ટ્રમ્પે કહ્યું- હિઝબુલ્લાહ સાથે સીરિયા નિપટી શકે છે: ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જો ઈઝરાયલ હિઝબુલ્લાહ વિરુદ્ધ કાર્યવાહીમાં સામાન્ય લોકોના મોતને રોકી શકતું નથી, તો સીરિયા આ જવાબદારી સંભાળી શકે છે. લેબનોનમાં યુદ્ધ સમાપ્ત કરવાની માગ: ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘેર ગાલીબાફે કહ્યું કે માત્ર ઈરાનમાં સંઘર્ષ રોકવો પૂરતો નથી. તેમણે માગ કરી કે લેબનોન સહિત તમામ મોરચે યુદ્ધ સમાપ્ત થાય અને ઈઝરાયલી સેના દક્ષિણ લેબનોનમાંથી પાછી હટે. અમેરિકા-ઈરાન વાટાઘાટો પર ચીનની ચેતવણી: ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું કે વર્તમાન સહમતિ અંતિમ મંઝિલ નથી, પરંતુ નવી શરૂઆત છે. તેમણે કહ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીતનો બીજો તબક્કો પહેલા કરતા વધુ મુશ્કેલ હશે અને કાયમી શાંતિ માટે તમામ પક્ષોએ સતત પ્રયાસ કરવા પડશે.

# ઉદ્ધવની પાર્ટી તૂટી, રાઉતે પ્રેસ કોન્ફરન્સમાં ગાળો આપી

## 9માંથી 6 સાંસદો બળવાખોર, 4 વર્ષ પહેલાં શિંદે 39 ધારાસભ્યો સાથે અલગ થયા હતા

**મુંબઈ, તા.17**

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)ના 9માંથી 6 સાંસદોએ બળવો કર્યો છે. સૂત્રો અનુસાર, છ સાંસદોએ બુધવારે સવારે 9:30 વાગ્યે લોકસભા સ્પીકર ઓમ બિરલાને શિંદે જૂથમાં વિલીન થવા માટે પત્ર મોકલ્યો હતો. જોકે, હજુ સુધી સ્પીકર કે બળવાખોર જૂથ દ્વારા તેની પુષ્ટિ કરવામાં આવી નથી.

બળવાખોર સાંસદોમાં નાગેશ પાટીલ આષ્ટિકર અને સંજય દીના પાટીલનો સમાવેશ થાય છે. સંજયે બુધવારે સવારે જ પાર્ટી છોડવાના સમાચારોને નકારી કાઢ્યા હતા. આ દરમિયાન દિલ્હીમાં રાજ્યસભા સાંસદ સંજય રાઉતે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બળવાખોર સાંસદોને ગાળો આપી હતી.

રાઉતે કહ્યું- આ બેઈમાન લોકો છે. બેઈમાની તેમના લોહીમાં છે.



રાઉતે બાદમાં સ્પષ્ટતા કરતા કહ્યું- મરાઠીમાં આવા શબ્દો સામાન્ય બોલચાલનો ભાગ છે. શિવસેનામાં ચાર વર્ષમાં આ બીજી મોટી તિરાડ છે. જૂન 2022માં એકનાથ શિંદેના નેતૃત્વમાં 39 ધારાસભ્યોએ બળવો કરીને શિવસેનાનું અલગ જૂથ બનાવ્યું હતું.

છેલ્લા 3 મહિના દરમિયાન વિપક્ષી જૂથના 27 સાંસદોએ પોતાની પાર્ટીમાંથી બળવો કરીને ભાજપ અથવા NDAને સમર્થન આપ્યું છે. તેમાં AAPના 7 રાજ્યસભા સાંસદો અને TMCના 20 લોકસભા સાંસદોનો સમાવેશ થાય છે.

શિવસેના (UBT) માં ભંગાણની અટકળો વચ્ચે સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (SBSP) ના વડા અને યુપીના મંત્રી ઓમ પ્રકાશ રાજભરે દાવો કર્યો હતો કે સમાજવાદી પાર્ટીમાં મોટું ભંગાણ થવાનું છે અને પાર્ટીના ઘણા નેતાઓ ભાજપમાં જોડાવા માટે તૈયાર છે.

સપા પ્રમુખ અખિલેશ યાદવે પાર્ટીમાં ભંગાણની અટકળોને નકારી કાઢતા કહ્યું કે સપા મજબૂત અને એકજૂટ છે. અખિલેશે કહ્યું કે ઉત્તર પ્રદેશમાં ભાજપના પોતાના ધારાસભ્યો પક્ષ બદલવાના છે.

ઉદ્ધવ અને અન્ય પાર્ટીના નેતાઓ તેમના સાંસદો સાથે સતત સંપર્ક કરવાનો અને તેમને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તેમનો સંપર્ક થઈ રહ્યો નથી. પાર્ટીએ ગુરુવારે દિલ્હીમાં સંસદીય સમિતિની બેઠક બોલાવી છે.

ન્યૂઝ એજન્સી PTI અનુસાર, પાર્ટીએ તમામ સાંસદોને વ્હીપ જારી કરીને બેઠકમાં ફરજિયાતપણે હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. જે સાંસદો બેઠકમાં હાજર નહીં રહે, પાર્ટી તેમની વિરુદ્ધ ગેરલાયક ઠેરવવાની કાર્યવાહી કરી શકે છે.

મહારાષ્ટ્રના મંત્રી ચંદ્રશેખર બાવનકુળેએ શિવસેના (UBT) માં ભંગાણ માટે ભાજપને જવાબદાર ઠેરવતા આરોપોને નકારી કાઢ્યા.

તેમણે કહ્યું- ઉદ્ધવ ઠાકરેના સાંસદો ક્યાં જાય છે, તેનાથી ભાજપને કોઈ લેવાદેવા નથી. ઉદ્ધવ ઠાકરેએ પોતે વિચારવું જોઈએ કે તેમના સાંસદો અને ધારાસભ્યો તેમને છોડીને શા માટે જઈ રહ્યા છે.

બાવનકુળેએ કહ્યું કે જો સાંસદો એકનાથ શિંદે સાથે જઈ રહ્યા છે, તો આ શિંદે અને ઉદ્ધવનો આંતરિક મામલો છે. ભાજપ કે તેના કોઈ નેતાનો તેની સાથે કોઈ સંબંધ નથી.

સંજય રાઉતના પૈસાની લેવડદેવડના આરોપો પર તેમણે કહ્યું- એવું માની લેવું ખોટું છે કે કોઈ સાંસદ કે ધારાસભ્ય પૈસા માટે પક્ષ બદલે છે.



# ગુજરાતના ગાજવીજ સાથે વરસાદની આગાહી

## નવસારી શહેરમાં વરસાદી ઝાપટું, મુંબઈમાં ચોમાસાની દસ્તકને હજુ અઠવાડિયું લાગશે

**અમદાવાદ, તા.17**

ગુજરાતમાં ચોમાસું બેસવાની તારીખ 15 જૂન છે અને 30 જૂન સુધીમાં તો ચોમાસું આખા ગુજરાતને કવર કરી લેતું હોય છે. પરંતુ, 15 જૂન વિતી ગયા બાદ પણ રાજ્યમાં સત્તાવાર ચોમાસાની એન્ટ્રી ન થતા ચિંતાના વાદળો ઘેરાયા છે. ચોમાસું 8 જૂનથી પશ્ચિમી તટ પર લગભગ સ્થિર છે. ત્યારે હવામાન એજન્સી સ્કાયમેટ અનુસાર, ચોમાસાને મુંબઈ પહોંચવામાં હજુ 7થી 8 દિવસ લાગી શકે છે.

તો આ તરફ આજે (17 જૂન) ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે દાસે જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ માટે ગુજરાત, દીવ, દમણ અને દાદરા નગર હવેલી માટે કોઈ મોટું એલર્ટ નથી, પરંતુ કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે 17 જૂને સવારે નવસારી શહેરમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. એટલે કે શહેરના પૂર્વ વિસ્તારોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું. શહેરના સર્કિટ હાઉસ, ડેપા સહિત તેની આસપાસના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. પવન સાથે વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. તો દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી પહેલા ખેડૂતો અને શહેરીજનો હજુ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી છૂટાછવાયા વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના છે. બાકીના જિલ્લાઓમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે.

અરવલ્લી, મહીસાગર, દાહોદછૂટાછવાયા વિસ્તારોમાં



હળવોથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટાં પડવાની સંભાવના છે. બાકીના જિલ્લાઓમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે દાસના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. આજે એટલે કે, 17 જૂનના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તેમજ દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, તાપી, ડાંગ, વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને દીવના અમરેલી, ભાવનગર અને ગીરસોમનાથ જેવા છૂટાછવાયા વિસ્તારોમાં પણ હળવોથી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. જ્યારે 18 જૂનના રોજ અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ રહેશે અને બાકીના દિવસોમાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાનું અનુમાન છે.

હવામાન વિભાગના મતે ગુજરાતમાં 15 જૂને સત્તાવાર ચોમાસું બેસી જતું હોય છે. છેલ્લા બે વર્ષની વાત કરીએ તો, 2025માં 16મી જૂને બેસ્યું હતું. જ્યારે 2024માં 3 દિવસ વહેલા એટલે કે 12મી જૂને જ ચોમાસું બેસી ગયું હતું.

આ વર્ષે અલનીનોના કારણે સંકટના વાદળો ઘેરાયા છે. IMD દ્વારા જાહેર કરાયાલે લોંગ રેન્જ પૂર્વાનુમાનમાં અલનીનોના કારણે સામાન્ય કરતા ઓછા વરસાદની શક્યતા વ્યકત કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે દાસે જણાવ્યું હતું કે આગામી દિવસમાં અલનીનોની સ્થિતિ વધુ મજબૂત થવાનું પૂર્વાનુમાન છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દેશના અન્ય ભાગો જેવા કે તેલંગાણા, ઓડિશા, ઝારખંડ, બિહાર અને છત્તીસગઢ તરફ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ બની રહી છે. જો કે, ગુજરાતમાં હાલ નીચલા સ્તરે સામાન્ય રીતે દક્ષિણ-પશ્ચિમી પવનો ફૂંકાઈ રહ્યા છે. છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં વાતાવરણ મુખ્યત્વે સૂકું રહ્યું છે અને મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. આગામી 7 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી.

ગરમીની વાત કરીએ તો, 16 જૂને 40.6 ડિગ્રી સાથે અમદાવાદ શહેર સૌથી ગરમ શહેર રહ્યું. ત્યારબાદ ભાવનગરમાં 40.2 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો અન્ય શહેરો ગાંધીનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો 38 ડિગ્રીને પાર રહ્યો હતો.

અમદાવાદ શહેરમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે. દરિયાકાંઠાના વિસ્તારોની વાત કરીએ તો, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના તટીય વિસ્તારોમાં પવનની દિશા મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ રહેશે અને સ્ટીપ પ્રેશર ગ્રેડિયન્ટના કારણે પવનની ગતિ 15 થી 20 નોટ્સ અને ક્યારેક વધીને 25 નોટ્સ સુધી પહોંચી શકે છે.

## સગીરને નગ્ન કરી માર મારનારા 3 ઝડપાયા: જૂની અદાવતમાં ઈન્કમટેક્સ પાસે દોડાવી દોડાવીને માર્યો હતો



**અમદાવાદ, તા.17**

અમદાવાદ શહેરના ઈન્કમટેક્સ બ્રિજ પાસે થોડા દિવસ અગાઉ એક સગીરને પાંચથી છ શખ્સોએ ભેગા મળીને મારમાર્યો હતો.સગીર દોડ્યો તો તેના કપડા ઉતારીને રોકીને મારમાર્યો હતો.આ અંગે વાડજ પોલીસે ફરિયાદ નોંધીને અગાઉ 2 આરોપીઓ ઝડપ્યા હતા. પોલીસે આ કેસમાં વધુ 3 આરોપીઓની ધરપકડ કરી છે.

શાહપુરમાં રહેતા ફરિયાદીએ વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદીના સગીર વયના દીકરાને પાંચ શખ્સોએ ભેગા મળીને ઈન્કમટેક્સ પાસે પાન પાર્લર પાસે જાહેરમાં ફટકાર્યો હતો.સગીર જ્યારે ભાગ્યો ત્યારે કપડા કાઢીને આરોપીઓએ મારમાર્યો હતો.સગીરને સ્ટીલની પાઈપ અને ધોકા વડે મારમારતા આસપાસના લોકોએ છોડાવ્યો હતો.જે અંગે વાડજ પોલીસે પાંચ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

પોલીસે આ કેસમાં અગાઉ મોહિત પરમાર અને કરણ ચૌહાણી ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન હિમાંશુ ઉર્ફે બંટો વાઘેલા,સાહિલ વાઘેલા અને રવિન્દ્ર ઉર્ફે રવિ રાજપુરોહિતની ધરપકડ કરી છે.પોલીસે તપાસ દરમિયાન ભોગ બનનાર સગીરે થોડા સમય અગાઉ આરોપીઓ પૈકી એક આરોપી સાથે ઝગડો કરી મારામારી કરી હતી જેની અદાવતમાં આરોપીઓએ સગીરને માર્યો હતો.વાડજ પોલીસે પાંચેય આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## હવે બાંગ્લાદેશીઓની ઓળખ સરળતાથી થશે

# પ્રતિરક્ષા એપ્લિકેશનમાં ચહેરો સ્કેન કરવાથી જ વ્યક્તિની આધારકાર્ડ સહિતની તમામ વિગતો સેકન્ડમાં મળશે

**અમદાવાદ, તા.17**

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગેરકાયદેસર રહેતા 600થી વધુ બાંગ્લાદેશીઓને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા હતા. તમામને પકડ્યા બાદ દસ્તાવેજ ચકાસવાની કામગીરી ખૂબ લાંબી રહી હતી. જેથી હવે સરળતાથી બાંગ્લાદેશીની ઓળખ થાય તે માટે પોલીસ દ્વારા પ્રતિરક્ષા એપ્લિકેશન ડેવલપ કરવામાં આવી છે જેમાં માત્ર ચહેરો સ્કેન કરતા તમામ વિગતો મળી જશે.

આ એપ્લિકેશન આધારકાર્ડ સાથે લિંક કરવામાં આવી છે, જેના કારણે કોઈપણ વ્યક્તિનો ફોટો સ્કેન કરતાં જ તેના આધારકાર્ડની તમામ વિગતો સામે આવી જાય છે. આધારકાર્ડમાં કોઈ ચેડાં કરીને વિગતોમાં ફેરફાર કરવામાં આવ્યો હોય તો પણ આ એપ્લિકેશનમાં તરત જ સાચી વિગતો સામે આવી જાય છે.અમદાવાદમાં આવીને ખોટા આધારકાર્ડ સહિતના દસ્તાવેજોના આધારે બાંગ્લાદેશી નાગરિકોએ પાસપોર્ટ, ચૂંટણીકાર્ડ તેમજ અન્ય ઓળખપત્રો પણ બનાવી લીધા હતા, ત્યારે બાંગ્લાદેશી ઘુસણખોરોને ડિપોર્ટ કરવા માટે શરૂ કરાયેલા



'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત ખૂબ મોટી સંખ્યામાં શંકાસ્પદ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

આ તમામ લોકો પાસે બોગસ દસ્તાવેજો હતા.ત્યારે તેમના વેરિફિકેશન માટે પોલીસ દ્વારા ડેવલપ કરવામાં આવેલી 'પ્રતિરક્ષા' એપ્લિકેશન ખૂબ ઉપયોગી સાબિત થઈ હતી.આ એપ્લિકેશનને આધાર ડેટાબેઝ સાથે લિંક કરવામાં આવી છે,જેના કારણે દેશભરમાં જેટલા લોકો પાસે આધારકાર્ડ છે,તેમની સાચી વિગતો આ એપ્લિકેશન દ્વારા મેળવી શકાય છે.એટલે કે હવે કોઈ ગઠિયો કે ઘુસણખોર કોઈના આધારકાર્ડમાં ચેડાં કરીને પોતાનો ફોટો લગાવી દે અથવા પોતાના અસલી ફોટા સાથે બીજું નામ કે અન્ય વિગતો ઉમેરી દે તો પણ તે બચી શકશે નહીં.આવા કિસ્સાઓમાં જ્યારે આધારકાર્ડ બનાવતી વખતે આપવામાં આવેલી મૂળ વિગતો આ એપ્લિકેશનમાં સંબંધિત વ્યક્તિનો ચહેરો સ્કેન કરતાં જ સામે આવી જશે.

આ કવાયત દરમિયાન 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' હેઠળ કુલ 269 બાંગ્લાદેશી ઘુસણખોરોના દસ્તાવેજો બોગસ હોવાનું સામે આવ્યું હતું.અન્ય રાજ્યોના ગુનેગારોને પણ જ્યારે પોલીસ પકડી લેતી હોય છે ત્યારે તેમની પાસે રહેલું આધારકાર્ડ સાચું છે કે તેમાં કોઈ ચેડાં કરવામાં આવ્યા છે તેની ચકાસણી પણ આ એપ્લિકેશનના માધ્યમથી કરી શકાય છે.

# કિસાન કોંગ્રેસ હવે કોંગ્રેસ પાર્ટીના નેજા હેઠળ જ લડત કરશે

## 15મી જૂનની ટ્રેક્ટર રેલીમાં વિવાદ થયા બાદ નિર્ણય, કહ્યું- બે ગણા ટ્રેક્ટર ભેગા કરી અધૂરી લડાઈ લડીશું

**અમદાવાદ, તા.17**

15 જૂનના ખેડૂત આંદોલન દરમિયાન થયેલા ઘર્ષણ બાદ કિસાન કોંગ્રેસ દ્વારા હવે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી સમયમાં ખેડૂતો માટે જે પણ આંદોલન લડવામાં આવશે તે કિસાન કોંગ્રેસ અને ગુજરાત કોંગ્રેસના નેતૃત્વમાં લડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. 15 જૂનના ખેડૂત આંદોલનમાં ખેડૂતોને ગુમરાહ કરવા માટે આમ આદમી પાર્ટીના લોકોએ કામ કર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ભાજપના ઈશારે આમ આદમી પાર્ટીના આગેવાનોએ ખેડૂતોને ગુમરાહ કર્યા હોવાથી કિસાન કોંગ્રેસ દ્વારા ગુજરાત કોંગ્રેસના નેજા હેઠળ જ આગામી ખેડૂત આંદોલન કરવાની જાહેરાત કરી છે. તેમજ આગામી સમયમાં અગાઉ જે રેલી યોજાઈ તેના કરતા બે ગણા ટ્રેક્ટર સાથે ગાંધીનગર કૂચ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે.

સેવા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા 6 મહિના સુધી ગામ અને તાલુકામાં ખેડૂતો વચ્ચે અમે લોકો જઈ રહ્યા છીએ. અમારા જેવા અનેક સાથીઓએ સોમનાથથી ટ્રેક્ટર યાત્રા કરી હતી. જે બાદ



ટંકારામાં રેલી કરીને ત્યાં પણ કામ અટકાવ્યું હતું. જ્યાં કંપનીઓ અને કંપનીના દલાલ ભાજપ સરકાર 6 લાખ રૂપિયા આપીને અદાણી અને અંબાણીના થાંભલા ખેડૂતોની સોના જેવી જમીન પર નાખવામાં આવે છે. બહેન દીકરીઓને ઢસડીને ખેતરમાંથી બહાર કાઢવામાં આવે અને કલેક્ટરના હુકમના કારણે બધું કામ થતું હોય છે. જેથી કિસાન આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. ભાજપ અને ભાજપની ભગિની સંસ્થા ભારતીય કિસાન સંઘ અને સાથે સાથે આમ આદમી પાર્ટી દ્વારા જેને ખેડૂતને હળદરમાં ભેગા કરી જેલ ભેગા કરવાનો કારસો કરવામાં આવ્યો હતો.

આમ આદમી પાર્ટીએ રાજકીય સ્ટંટ કર્યો હોવાનો આક્ષેપ કરી લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, જેથી અમે આમ આદમી પાર્ટીને ગામો ગામ જઈને સમર્થન કરવા કહ્યું હતું પરંતુ હજારો ટ્રેક્ટર ભેગા થવાના છે તો આમ આદમી પાર્ટીએ કહ્યું કે અમારા આગેવાનો આ યાત્રામાં જોડાશે. જે દરમિયાન મર જવાન મર કિસાન ન થાય તે માટે અમે લોકો ચૂપ રહ્યા હતા. 2013 પછી ફરી એક વખત આવી યાત્રા નીકળી હતી. પરંતુ ભીડ ભેગી થતા રાજકીય સ્ટંટ કરવાનું અને પીઠમાં ખંજર ખોપવાનું કામ કરવામાં આવ્યું હતું. ખેડૂતો અને પોલીસ વચ્ચે દંડાવાળી ન થાય તે માટે અમે લોકોએ શાંત રહેવા અને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ આમ આદમી પાર્ટીએ જે કરવાનું હતું તે તે લોકોએ કર્યું છે. હવે તો ખેડૂતોની લડાઈમાં વટનો સવાલ છે એટલે હવે મરણિયો જંગ લડવાના છીએ.

વધુમાં લાલજી દેસાઈએ જણાવ્યું હતું કે, આજથી અમે કિસાન કોંગ્રેસના નેતૃત્વમાં અને કોંગ્રેસ પાર્ટી સાથે જ લડવામાં આવશે. જેને જોડાવવું હોય તે અમારી સાથે જોડાઈ શકે છે. લડવાવાળા સાથે અને નડવાવાળા જે તે વિસ્તારમાં તમારી લડાઈ લડી શકે છે. ભાજપની બી ટીમ કોંગ્રેસને નબળી પાડતી હોવાથી અને બંને ટીમ ભેગી થઈને ગુજરાતને લૂંટવાનો પ્રયાસ કરી રહી છે. જેથી જ આમ આદમી પાર્ટીના ત્રણ મોટા કિસાન નેતાઓએ આમ આદમી પાર્ટી છોડી દીધી હતી. રાજુ કરપડા, સાગર રબારી અને કરસનદાસ બાપુએ આમ આદમી પાર્ટી છોડવા માટે મજબૂર થયા હતા. 30 જૂન પહેલા સરકાર નમતું નહીં મુકે ત્યારે આંદોલન કરીને સરકારને ઊંઘવા નહીં દઈએ અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સરકારે એવું કહ્યું હતું કે 51 ટ્રેક્ટર સાથે ગાંધીનગર આવો તો અમે મંજૂરી આપીએ. ચૂંટણી સિવાય મંજૂરી લેવાની થતી નહતી પરંતુ 144 લાગુ કરવામાં આવી જેથી અમે મંજૂરી માટે અરજી કરી હતી. અમને 13 તારીખે સાંજે મંજૂરી આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. મર્યાદિત લોકો સાથે આવવા કહેવામાં આવ્યું હતું પરંતુ અમે તે કરવા તૈયાર નહતા.

કિસાન કોંગ્રેસ સંઘર્ષ સમિતિના અધ્યક્ષ જયેશ પટેલે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના લોકોએ ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. આગામી સમયમાં શું કાર્યક્રમ કરવામાં આવશે તેની અમે લોકોએ જાહેરાત કરી દીધી છે. સમગ્ર ગુજરાતમાં વીજ થાંભલા મુદ્દે ખેડૂતોના નિરાકરણ માટે ગુજરાત કિસાન કોંગ્રેસ લડત લડશે. તાલુકા કક્ષાએ આવેદનપત્ર અને ધરણા પ્રદર્શન કરવામાં આવશે. તેમજ વિશાળ સંખ્યામાં ગુજરાત કોંગ્રેસ અને કિસાન કોંગ્રેસના નેજા હેઠળ રેલી યોજવામાં આવશે. જિલ્લાઓમાં પણ ધરણા પ્રદર્શન અને આવેદનપત્ર આપવાનું કાર્યક્રમ કરવામાં આવશે. 30મીએ દરેક જિલ્લાઓમાં રસ્તાઓ પર ચક્કાજામ કરવામાં આવશે. જેને લઈને પ્રવાસ પણ કરવામાં આવશે. 15 જૂને જે અધૂરી લડત રહી છે તે આગામી સમયમાં બે ગણા ટ્રેક્ટર સાથે રેલી યોજીને લડત લડવામાં આવશે.

# સાવકા પિતાને 7 વર્ષની કેદ: સગીર દીકરી પર જાતીય હુમલો કર્યો

**અમદાવાદ, તા.17**

અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતે એક 40 વર્ષીય સાવકા પિતાને સગીર દીકરી ઉપર જાતીય હુમલો કરવા બદલ 7 વર્ષની કેદ અને 10 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જજ એ.બી.ભટ્ટે 12 સાહેદ અને 31 પુરાવા તપાસીને, સરકારી વકીલ કે.જી.જૈનની દલીલો ધ્યાને રાખીને ઉપરોક્ત ચુકાદો આપ્યો છે.

કેસને વિગતે જોતાં 14 વર્ષ અને 4 મહિનાની સગીરાની દાદીએ તેના સાવકા પિતા વિરુદ્ધ ગયા વર્ષે ઓઢવ પોલીસ મથકે BNS અને પોક્સો એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. આરોપી સાવકા પિતાએ 14 વર્ષ પહેલા પીડિતાની માતા સાથે બીજા લગ્ન કર્યા હતા. ત્યારે સગીરા 1 વર્ષની હતી. લગ્ન બાદ પીડિતાની માતાને બે સંતાન થયા હતા.

પોલીસ ફરિયાદના 2 વર્ષ પહેલા સગીરાની માતાનું મૃત્યુ નીપજ્યું હતું. પીડિતા તેની સાવકી બહેન સાથે સિદ્ધપુરમાં અભ્યાસ કરતી હતી. તે વેકેશનમાં પોતાના સાવકા પિતા અને દાદીના ઘરે આવી હતી. તે દિવસે પીડિતાના દાદી એક પ્રસંગે નડિયાદ ગયા હતા. રાત્રે 9 વાગે તેઓ ઘરે પરત ફર્યા ત્યારે તેમના ઘરે લોકોનું ટોળું




ભેગું થયું હતું.

પીડિતાએ રડતા રડતા જણાવ્યું હતું કે તેના સાવકા પિતા જ્યારે ઘરમાં એકલા હોય ત્યારે તેને રૂમમાં બોલાવી દરવાજો બંધ કરીને તેની જાતીય હેરાનગતિ કરતા હતા. એટલું જ નહીં તે અગાઉ પણ જ્યારે વેકેશનમાં કે તહેવારોમાં ઘરે આવતી, ત્યારે તેને હેરાન કરતા હતા. તેને હિંમત કરીને પડોશી મહિલાને વાત કરતા, પડોશી મહિલાએ તેને પિતા સાથે મોકલી હતી અને હેરાનગતિનો વીડિયો ઉતારી લઈને પોલીસ બોલાવી હતી.

સગીરાનો સાવકો પિતા શરાબ પણ પીતો હતો. સગીરાને આ શારીરિક અને માનસિક યાતનામાંથી બચાવવા પડોશીએ મહત્વનો ભાગ ભજવ્યો હતો. આરોપી સામે મોબાઈલ વીડિયો મહત્વનો પુરાવો સાબિત થયો હતો. કોર્ટે સગીરાને 50 હજાર રૂપિયા માનસિક યાતના પેટે ચૂકવવા ઓથોરિટીને હુકમ કર્યો છે.

# મરીન સેન્ચ્યુરીને કાળા રણમાં ફેરવવા મુદ્દે હાઈકોર્ટના કડક આદેશ

## જિલ્લા કલેક્ટર આંખ ખુલ્લી રાખે, ઈકોલોજીનું પુનઃસ્થાપન કરાય, ટાટાના કર્મીઓને સાથે રાખી રેગ્યુલર ઈન્સ્પેક્શન કરે

**અમદાવાદ, તા.17**

ટાટા કેમિકલ મીઠાપુર દ્વારા જામનગરની મરીન સેન્ચ્યુરીમાં છોડવામાં આવતા કેમિકલ કચરાને તાત્કાલિક ધોરણે બંધ કરવા ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો હતો. આ સંદર્ભે આજે હાઈકોર્ટમાં ચીફ જજની બેન્ચ સમક્ષ વધુ સુનવણી યોજાઈ હતી. જેમાં GPCB એ એફિડેવિટ ઉપર જણાવ્યું હતું કે, ટાટા કેમિકલ દ્વારા ખુલ્લી ચેનલો મારફતે કેમિકલ વેસ્ટનો મરીન સેન્ચુરીમાં કરાતો નિકાલ બંધ કરવામાં આવ્યો છે. હવે ટ્રીટેડ કચરાનું NIOની મંજૂરી સાથે કચ્છના અખાતમાં ડીપ ડિસ્ચાર્જ કરાય છે. કોર્ટના હુકમ મુજબ પર્યાવરણીય નુકશાનનું વળતર મેળવવા નેશનલ એન્વાયર્મેન્ટલ એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ નાગપુરનો સંપર્ક કરાયો છે, આગળની કાર્યવાહી પ્રોસેસમાં છે. જોઈન્ટ ઈન્સ્પેક્શન ટીમ દ્વારા ટાટા કેમિકલની વિઝીટ કરાઈ છે, કચરાનો નિકાલ કરતી ઓપન ચેનલ સંપૂર્ણ બંધ છે. કચ્છના અખાતમાં ઊંડા દરિયામાં જ્યાં કચરાનો નિકાલ કરાય છે, તે મરીન સેન્ચ્યુરીથી દૂર છે.

હાઈકોર્ટે કહ્યું હતું કે ફક્ત પર્યાવરણીય નુકશાનનું વળતર નહીં, પરંતુ ત્યાંની ઈકોલોજીનું પુનઃસ્થાપન કરવામાં આવે. તે



અંગે નીરી જેવી પર્યાવરણીય એક્સપર્ટ સંસ્થાની મદદ સરકાર લે. વળી આવી પર્યાવરણીય બાબતોમાં જિલ્લા કલેક્ટર આંખ ખુલ્લી રાખે, જેથી ઉદ્યોગો પર્યાવરણને નુકશાન કરે નહીં. GPCB, જિલ્લા કલેક્ટર, જંગલ વિભાગ ટાટાના કર્મચારીઓને સાથે રાખીને રેગ્યુલર ઈન્સ્પેક્શન કરશે. આ અંગે વધુ સુનવણી આગામી સમયમાં યોજાશે.

મૂળ ટાટા કેમિકલ્સ લિમિટેડ મીઠાપુર ખાતે 1939 થી સોડા એશ અને અન્ય રસાયણોનું ઉત્પાદન કરે છે. કંપની દ્વારા ખુલ્લી નહેરો દ્વારા ઔદ્યોગિક પ્રદૂષિત પાણી- કેમિકલ વેસ્ટ દરિયાના ઈન્ટર-ટાઈડલ ઝોનમાં છોડવામાં આવતું હતું. 1982 માં સરકાર દ્વારા આ વિસ્તારને મરીન સેન્ચ્યુરી જાહેર કરવામાં આવ્યો હતો. કલેક્ટર જામનગર દ્વારા કંપનીના આ વિસ્તારમાં પ્રદૂષિત પાણી છોડવાના હક્કને નકારી કાઢતા અને તેને ગેરકાયદેસર દબાણ ગણાવતા ઓર્ડર વિરુદ્ધ ટાટા કેમિકલ્સે આ અરજી વર્ષ 2006 માં હાઈકોર્ટમાં દાખલ કરી હતી. વન વિભાગ અને કલેક્ટરના જણાવ્યા મુજબ 1982 ની જાહેરનામા બાદ ટાટા કેમિકલ્સે કોઈ કાયદેસર હક્ક દાવો કર્યો નહોતો. કંપનીએ પોતાની માલિકીની જમીનની બહાર સરકારી અને અભયારણ્યની આશરે 100 હેક્ટર જેટલી જમીન પર ગેરકાયદેસર રીતે કેમિકલ કચરો અને પ્રદૂષિત પાણી છોડીને મોટું દબાણ કર્યું હતું. પ્રદૂષિત પાણીના સતત નિકાલને કારણે આ સંવેદનશીલ દરિયાઈ વિસ્તાર વેરાન બની ગયો હતો.

હાઈકોર્ટે આ બાબતે કેમિકલ યુક્ત પાણી મરીન સેન્ચ્યુરીને નુકશાન કરે છે કે કેમ તેનો સ્વતંત્ર અહેવાલ પણ મંગાવ્યો હતો. કોર્ટે ગત સુનવણીમાં નોંધ્યું હતું કે 15 કરતા વધુ વર્ષથી દરિયામાં ગેરકાનૂની ડિસ્ચાર્જ કરવામાં આવતું હતું. કોઈની પણ મંજૂરી વગર કેમિકલ કચરો દરિયામાં નાખતા મરીન સેન્ચ્યુરીને કાળા રણમાં ફેરવી નાખવામાં આવી છે. ટાટા કેમિકલ દબાણકર્તા અને પર્યાવરણને નુકસાનકર્તા છે. તેને પર્યાવરણને નુકસાન કરવા બદલ વળતર ચૂકવવાનું રહેશે. તેને શા માટે સાવચેતીના પગલાં લીધા નહોતા? કોર્ટે નોંધ્યું હતું કે, કંપની વર્ષો સુધી કોર્ટના વચગાળાના આદેશોની આડમાં આ સંવેદનશીલ પર્યાવરણીય વિસ્તારમાં પ્રદૂષિત પાણી છોડતી રહી છે. અદાલતે GPCB ને આદેશ આપ્યો છે કે તેઓ નિષ્ણાતોની ટીમ દ્વારા આ વિસ્તારની નાજુક પર્યાવરણ વ્યવસ્થાને થયેલા નુકસાનનું 3 મહિનામાં આકલન કરાવે. તેનું વળતર કંપની પાસેથી વસૂલવામાં આવે. જ્યાં સુધી નવી બંધ પાઈપલાઈન સિસ્ટમ સંપૂર્ણપણે કાર્યરત ન થાય ત્યાં સુધી આ વિસ્તારના પર્યાવરણને વધુ નુકસાન થતું અટકાવવા માટે ઉદ્યોગને બંધ કરવા સહિતના કડક પગલાં તાત્કાલિક લેવા માટે GPCB ને નિર્દેશ આપવામાં આવ્યો છે.

# થલતેજ, વસ્ત્રાપુર અને બોડકદેવની 6 હોટેલને સીલ કરાઈ: ફાયરના નિયમોનું પાલન ન થતા નોટિસ ફટકારાઈ હતી

**અમદાવાદ, તા.17**

દિલ્હીના હોટલમાં આગની ઘટના બાદ અમદાવાદ ફાયર બ્રિગેડ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલ અને બિલ્ડીંગોમાં ચેકિંગ હાથ ધર્યું હતું જેમાં ફાયરના નિયમોનું પાલન ન થતા નોટિસ આપવામાં આવી હતી. 7 દિવસમાં ફાયરના નિયમોનું યોગ્ય રીતે પાલન કરવા અંગેની નોટિસની સમય મર્યાદા પૂર્ણ થઈ જતા ફાયર વિભાગ અને એસ્ટેટ વિભાગ દ્વારા થલતેજ, વસ્ત્રાપુર અને બોડકદેવની 6 હોટલોને સીલ કરવામાં આવી છે.

અમદાવાદ ફાયર બ્રિગેડના ડિવિઝનલ ફાયર ઓફિસર એસ. બી. જાડેજાએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં હોટેલમાં લાગેલી આગની ઘટના બાદ અમદાવાદ ફાયર બ્રિગેડ અને ઉત્તર પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા બોડકદેવ અને થલતેજ વિસ્તારમાં હોટેલ, રેસ્ટોરન્ટ, કિચન અને ગેસ્ટ રૂમ ધરાવતા બિલ્ડિંગોમાં ફાયર જોખમ નિવારણ, જીવન સુરક્ષા (Life Safety), કાયદાકીય પાલન (Compliance), વિજિલન્સ ચેકિંગ અને અમલવારી (Enforcement) અંતર્ગત ચેકિંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કેટલીક હોટલોમાં ફાયર સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત નહોતી, રસોડામાં ફાયર સસ્પેન્શન સિસ્ટમનો અભાવ હતો. LPG ગેસ




પાઈપલાઈન લીકેજ હતી.

અલગ અલગ હોટલોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગ દ્વારા ફાયર સિસ્ટમમાં ખામીથી લઈને બિલ્ડીંગમાં રહેલી ખામીઓ અંગે નોટિસ આપવામાં આવી હતી. 7 દિવસની સમય મર્યાદા સાથેની નોટિસ આપવામાં આવી હતી, જેમાં ખામીઓ દૂર કરવા અંગે જણાવ્યું હતું. જોકે કેટલીક હોટેલો દ્વારા નોટિસ આપ્યા બાદ પણ કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા થલતેજ, બોડકદેવ વિસ્તારની 6 જેટલી હોટેલોને સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. "ફાયર સેફ અમદાવાદ" અભિયાન અંતર્ગત તમામ હોટેલ, રેસ્ટોરન્ટ, ગેસ્ટ હાઉસ, બેન્ક્વેટ હોલ અને કોમર્શિયલ બિલ્ડિંગોએ અગ્નિ સુરક્ષા કાયદા, NBC Part-4, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી માપદંડો તથા AMCની સૂચનાઓનું કડક પાલન કરવું જરૂરી છે. જાહેર સુરક્ષા સર્વોપરી છે અને ગંભીર ઉલ્લંઘન સામે સીલિંગ, દંડાત્મક કાર્યવાહી તથા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# મેલોનીએ સિગારેટ પીવાનું છોડ્યું, કહ્યું-મહિનાથી નથી પીધી

## મેક્રોન ઘડિયાળ ભૂલ્યા તો ટ્રમ્પે કહ્યું- મને આપી દો, G7 સમિટમાં માઇકમાં રેકોર્ડ થઇ વર્લ્ડ લીડર્સની મજાક-મસ્તી



એવિયન, તા.17

ફ્રાન્સમાં ચાલી રહેલા G7 શિખર સંમેલન દરમિયાન નેતાઓની અનૌપચારિક વાતચીત માઈક્રોફોનમાં રેકોર્ડ થઈ ગઈ. આ નેતાઓને સિગારેટ, ફૂટબોલ, ભેટ જેવી બાબતો પર હળવાશથી મજાક કરતા સાંભળવામાં આવ્યા.

આ બધામાંથી ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની સિગારેટ છોડી દેવાની વાતચીતની ખૂબ ચર્ચા થઈ રહી છે. બેઠક શરૂ થતા પહેલા મેલોનીએ નેતાઓ સાથેની વાતચીતમાં કહ્યું કે આજે તેમણે 3 કપ કોફી પીધી છે.

આ સાંભળીને યુરોપિયન યુનિયનના ચીફ ઉર્સુલા વોન ડેર લેયેને આશ્ચર્યચકિત થઈને પૂછ્યું- શું આજે સવારે, ઉઠવા માટે? આના પર જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે મજાક કરતા કહ્યું- અને સિગારેટ કેટલી પીધી?

મેલોનીએ આનો ઈનકાર કરતા કહ્યું કે તેમણે એક મહિનાથી સિગારેટ પીધી નથી. આ સાંભળતા જ કેનેડા, બ્રિટન, જાપાન અને યુરોપિયન યુનિયનના નેતાઓએ તેમને અભિનંદન આપ્યા. મેલોનીએ ખુશીમાં બંને હાથ ઊંચા કર્યા. આ પછી કેનેડિયન PM માર્ક કાર્નીએ મજાકિયા અંદાજમાં પોતાના હાથ તરફ ઈશારો કરીને પૂછ્યું, શું તમે નિકોટિન પેચ લગાવ્યો છે? આના પર આસપાસ હાજર લોકો હસી પડ્યા.

નિકોટિન પેચ શરીરની ત્વચા પર લગાવવામાં આવે છે. તે ધીમે ધીમે શરીરમાં થોડી માત્રામાં નિકોટિન પહોંચાડે છે, જેનાથી સિગારેટ, બીડી કે તમાકુ છોડનારા લોકોને તેની તલબ ઓછી લાગે છે અને છોડવામાં સરળતા રહે છે.

અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં ચાલી રહેલા ફીફા વર્લ્ડ કપ દરમિયાન નેતાઓ રમતો પર ચર્ચા કરતા જોવા મળ્યા. મેક્રોને ફ્રાન્સની ટીમને સમર્થન આપતા કહ્યું, અલેઝ લે બ્લુ એટલે કે આગળ વધો ફ્રાન્સ. એક નેતાએ પેરિસ સેન્ટ-જર્મન (PSG) ક્લબની તાજેતરની ચેમ્પિયન્સ લીગ જીતની પ્રશંસા કરી. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે પણ કેપ વર્ડેની ટીમની પ્રશંસા કરી, જેણે વર્તમાન વિશ્વ ચેમ્પિયન સ્પેન સામે 0-0થી ડ્રો રમ્યો હતો. સ્ટાર્મરે કહ્યું, 'આ આશ્ચર્યજનક પ્રદર્શન હતું.'

અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ ફૂટબોલ સિવાય UFC મુકાબલાનો ઉલ્લેખ કર્યો. હકીકતમાં, ટ્રમ્પના જન્મદિવસ 14 જૂને વ્હાઈટ હાઉસમાં UFC મુકાબલો થયો હતો. ટ્રમ્પે તેના આયોજક ડાના વ્હાઈટની ખૂબ પ્રશંસા કરી.

સમિટમાં એક રહસ્યમય વાતચીત પણ રેકોર્ડ થઈ. ટ્રમ્પ યુરોપિયન કાઉન્સિલના ચીફ એન્ટોનિયો કોસ્ટા સાથે વાત કરી રહ્યા હતા. વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું, 'તમે જાણતા હશો.' થોડીવાર રોકાયા પછી તેમણે કોસ્ટા તરફ જોતા કહ્યું - ગ્રીનલેન્ડ. વાતચીતનો બાકીનો ભાગ સ્પષ્ટ સંભળાયો નહીં.

ટ્રમ્પની આ ટિપ્પણી એટલા માટે ચર્ચામાં આવી ગઈ કારણ કે તેઓ પહેલા પણ ઘણી વખત ડેનમાર્કના સ્વાયત્ત ક્ષેત્ર ગ્રીનલેન્ડને ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે. તેમના આ પ્રસ્તાવથી પાછલા વર્ષોમાં ઘણા યુરોપિયન નેતાઓને નારાજ કર્યા હતા. જોકે આ વખતે ટ્રમ્પનો શું મતલબ હતો, તે સ્પષ્ટ થઈ શક્યું નહીં. સંમેલન દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પોતાની ઘડિયાળ ક્યાંક ભૂલી ગયા. જ્યારે નેતાઓ બપોરના ભોજન માટે જઈ રહ્યા હતા, ત્યારે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, મેક્રોન પોતાની ઘડિયાળ અહીં છોડી ગયા છે. અમારી પાસે તેમની ઘડિયાળ છે. આના પર ટ્રમ્પે તરત જ મજાક કરતા કહ્યું, જો તેમણે છોડી દીધી છે તો મને આપી દો. તેમની વાત સાંભળીને ત્યાં હાજર લોકો હસી પડ્યા. સમિટમાં ભેટોની આપ-લે પણ થઈ. મેક્રોનએ બધા G7 નેતાઓને વ્યક્તિગત સાયકલ ભેટ કરી. ટ્રમ્પને સાયકલ મળવા પર ઘણા લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કારણ કે તેઓ ગોલ્ફ સિવાય અન્ય શારીરિક પ્રવૃત્તિઓ અને ખાસ કરીને સાયકલ ચલાવવામાં રસ દાખવતા નથી. જોકે તે સમયે નજીકમાં કોઈ માઈક્રોફોન નહોતો, તેથી તેમની વાતો રેકોર્ડ થઈ શકી નહીં. જર્મન ચાન્સેલર મર્ઝ પણ ટ્રમ્પ માટે એક ખાસ ભેટ લઈને પહોંચ્યા. તેમણે ટ્રમ્પને જર્મનીની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમની જર્સી ભેટ કરી, જેના પર ટ્રમ્પનું નામ અને 47 નંબર લખેલો હતો. આ તેમના અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ હોવાનો સંકેત હતો.

ટ્રમ્પે હસતાં હસતાં જર્સી કેમેરા સામે બતાવી અને ફોટો પડાવ્યા. બાદમાં મર્ઝે તેની તસવીર સોશિયલ મીડિયા પર શેર કરતાં લખ્યું, આખરે આપણે એક જ ટીમમાં છીએ. આ દરમિયાન મોદી અને ઈટાલિયન પીએમ જ્યોર્જિયા મેલોની વચ્ચે વાતચીત પણ થઈ. મેલોનીએ મોદીને કહ્યું- ફરી મળીને સારું લાગ્યું, આપણે ઈન્સ્ટાગ્રામ પર સૌથી ફેમસ છીએ. મોદી ગયા મહિને 5 દેશોના પ્રવાસે ગયા હતા. જ્યાં તેમણે રોમમાં પીએમ મેલોનીને મેલોડી ટોફી આપી હતી. જેનો વીડિયો વાયરલ થયો હતો.

સંમેલન દરમિયાન જ્યારે ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામસામે આવ્યા. મેલોનીએ હસતાં હસતાં મોદીને કહ્યું, તમને ફરી મળીને સારું લાગ્યું.

વાતચીત દરમિયાન વડાપ્રધાન મોદીએ ઈન્સ્ટાગ્રામનો ઉલ્લેખ કર્યો, જેના પર મેલોનીએ મજાકિયા અંદાજમાં જવાબ આપ્યો, હા, અમે ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ પ્રખ્યાત છીએ. તેમની આ ટિપ્પણી પર આસપાસ હાજર લોકો હસી પડ્યા.

બધી વાતચીત મજાકિયા ન હતી. એક માઈક્રોફોનમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીની વાતચીત પણ રેકોર્ડ થઈ હતી. યુક્રેન યુદ્ધને લઈને ટ્રમ્પ સાથે થયેલી અગાઉની વાતચીતનો ઉલ્લેખ કરતા મેક્રોને ઝેલેન્સ્કીને કહ્યું, ગઈકાલે કેમેરા સામે અમારી એક મુશ્કેલ વાતચીત થઈ હતી.

ત્યારબાદ તેમણે પૂછ્યું કે શું ઝેલેન્સ્કીની ટ્રમ્પ સાથે અલગથી કોઈ બેઠક નક્કી છે. જ્યારે ઝેલેન્સ્કીએ જણાવ્યું કે તેઓ બીજા દિવસે બ્રસેલ્સ જવાના છે, ત્યારે મેક્રોને જવાબ આપ્યો, ઠીક છે, હું તેની વ્યવસ્થા કરી દઈશ.

અન્ય એક વાતચીતમાં કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની અને ટ્રમ્પ ચીન સંબંધિત એક કરાર પર ચર્ચા કરતા સંભળાયા. કાર્નીએ જણાવ્યું કે ચીનની તાજેતરની મુલાકાત દરમિયાન એક એવો કરાર થયો છે જેના હેઠળ કેનેડામાં મર્યાદિત સંખ્યામાં ચીની ઈલેક્ટ્રિક વાહનોની આયાતને મંજૂરી મળશે. ટ્રમ્પને ખાતરી આપવા માટે કાર્નીએ કહ્યું- આ અમારા બજારનો 3% થી પણ ઓછો હિસ્સો છે, એટલે કે લગભગ 49 હજાર કારો. અમે આના પર સખત મર્યાદા નક્કી કરી છે. મને લાગ્યું કે તમને આ ગમશે. ટ્રમ્પે કહ્યું- આ સારું છે, મને ગમ્યું.

# અમેરિકાએ સૌથી મોટા સૈન્ય કમાન્ડમાંથી 'ઈન્ડો' શબ્દ હટાવ્યો

## ચીન વિરુદ્ધ ભારતને મહત્વ આપવા માટે ટ્રમ્પે જ નામ બદલ્યું હતું



વોશિંગ્ટન, તા.17

અમેરિકી સંરક્ષણ મંત્રાલયે જાહેરાત કરી છે કે US ઈન્ડો-પેસિફિક કમાન્ડ (USINDOPACOM) નું નામ બદલીને ફરીથી US પેસિફિક કમાન્ડ (USPACOM) કરી દેવામાં આવ્યું છે. હવે આ કમાન્ડમાંથી 'ઈન્ડો' શબ્દ હટાવી દેવામાં આવ્યો છે.

અમેરિકી સંરક્ષણ મંત્રી જિમ મેટિસે 2018 માં કમાન્ડના નામમાં ફેરફાર કર્યો હતો. તે સમયે અમેરિકાએ કહ્યું હતું કે હિંદ મહાસાગર (ઈન્ડિયન ઓશન) ક્ષેત્રનું વ્યૂહાત્મક મહત્વ વધી રહ્યું છે અને આ ક્ષેત્ર પ્રશાંત મહાસાગર (પેસિફિક ઓશન) ની સુરક્ષા વ્યવસ્થા સાથે પહેલાની સરખામણીમાં વધુ જોડાઈ ગયું છે.

2018 માં અમેરિકી સંરક્ષણ મંત્રી જિમ મેટિસે આ સૈન્ય કમાન્ડનું નામ બદલીને ઈન્ડો-પેસિફિક કમાન્ડ કરી દીધું હતું. અમેરિકાનું કહેવું હતું કે હિંદ મહાસાગરનું મહત્વ ઝડપથી વધી રહ્યું છે અને હવે હિંદ મહાસાગર તથા પ્રશાંત મહાસાગરની સુરક્ષા અને રણનીતિ એકબીજા સાથે પહેલાથી વધુ જોડાઈ ગઈ છે. તેથી કમાન્ડના નામમાં ઈન્ડો (હિંદ મહાસાગર) ને પણ સામેલ કરવામાં આવ્યું હતું.

અમેરિકી સેના આખી દુનિયાને અલગ-અલગ ક્ષેત્રોમાં વહેંચીને ચાલે છે. તેમના માટે 11 કમાન્ડ છે. તેમાંથી 6 વ્યૂહાત્મક (સ્ટ્રેટેજિક) અને 5 કાર્યાત્મક (ફંક્શનલ) કમાન્ડ છે.

યુએસ પેસિફિક સ્ટ્રેટેજિક કમાન્ડનો એક ભાગ છે. આ અમેરિકાની સૌથી મોટી અને સૌથી મહત્વપૂર્ણ સૈન્ય કમાન્ડોમાંથી એક છે. આ કમાન્ડ એશિયા અને પ્રશાંત મહાસાગર વિસ્તારમાં સક્રિય છે.

અમેરિકી સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે યુએસ પેસિફિક કમાન્ડ નામ ખૂબ જૂનું અને ઐતિહાસિક છે. તેને પાછું લાવવાથી સૈનિકો ગર્વ અનુભવાશે. આ નામ ઘણા મોટા યુદ્ધો અને મહત્વપૂર્ણ મિશનો સાથે જોડાયેલું રહ્યું છે, તેથી તેને ફરીથી અપનાવવામાં આવ્યું છે.

પેન્ટાગોને એમ પણ કહ્યું કે કમાન્ડનું માત્ર નામ બદલાયું છે, રણનીતિ અને જવાબદારીઓમાં કોઈ ફેરફાર થયો નથી. પરંતુ કેટલાક નિષ્ણાતોનું માનવું છે કે 'ઈન્ડો' શબ્દ હટાવવાથી એવો સંદેશ જઈ શકે છે કે અમેરિકા હિંદ મહાસાગર અને ભારતને પહેલા જેટલું મુખ્ય મહત્વ આપવા માંગતું નથી.

પોતાના પહેલાં કાર્યકાળમાં ટ્રમ્પ ચીનને સૌથી મોટો ખતરો માનતા હતા. ત્યારે તેઓ બતાવવા માંગતા હતા કે ભારત તેની એશિયા રણનીતિનો મહત્વનો ભાગ છે અને ચીનને કાઉન્ટર કરવામાં ભારતની મહત્વની ભૂમિકા છે.

તેમણે એ પણ દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો કે હિંદ મહાસાગર અને પ્રશાંત મહાસાગર એક જ વ્યૂહાત્મક ક્ષેત્ર છે. નિષ્ણાતોના મતે હવે કદાચ ટ્રમ્પની પ્રાથમિકતાઓ બદલાઈ ગઈ છે.

કમાન્ડનું નામ ફરીથી બદલવામાં આવતા કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે પ્રતિક્રિયા આપી. તેમણે અમેરિકી આદેશનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કરતા લખ્યું, શું આ ક્વાડના તાબૂતમાં વધુ એક ખીલી છે?

# નેપાળે ચીન સામે કાલાપાની-લિપુલેખનો મુદ્દો ઉઠાવ્યો: કહ્યું- ભારત સાથે કરાર કયા આધારે, ચીન બોલ્યું- આ તમારા બંનેનો મામલો છે



કાઠમંડુ, તા.17

નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલે બેઈજિંગમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત દરમિયાન કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખ વિવાદનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે ભારત અને ચીન વચ્ચે લિપુલેખ ઘાટના ઉપયોગને લઈને થયેલા કરાર પર સવાલ ઉઠાવતા પૂછ્યું કે આ વ્યવસ્થા કયા આધારે બનાવવામાં આવી અને તેની પ્રકૃતિ શું છે.

તેના જવાબમાં વાંગ યીએ કહ્યું કે આ મૂળભૂત રીતે ભારત અને નેપાળ વચ્ચેનો મામલો છે અને તેનો ઉકેલ વાતચીતથી જ નીકળશે. તેમણે કહ્યું કે આવા મુદ્દાઓ સંબંધિત દેશો વચ્ચે રાજદ્વારી વાટાઘાટો દ્વારા ઉકેલવા જોઈએ.

નેપાળે પુનરોચ્ચાર કર્યો કે કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખ તેના ક્ષેત્રનો ભાગ છે. કાઠમંડુએ અગાઉ પણ નવી દિલ્હી અને બેઈજિંગને વિરોધ નોંધ મોકલીને કહ્યું છે કે તેની સંમતિ વિના આ વિસ્તાર સાથે સંબંધિત કોઈ કરાર સ્વીકાર્ય રહેશે નહીં.

ભારત અને ચીને 2020માં લિપુલેખ ઘાટ દ્વારા કૈલાશ માનસરોવર યાત્રા અને સરહદ પારના વેપારને ફરીથી શરૂ કરવા પર સહમતિ દર્શાવી હતી. બંને દેશોએ આ માર્ગનો તીર્થયાત્રા અને વેપાર માટે ઉપયોગ કરવાની વ્યવસ્થા પર સહમતિ દર્શાવી હતી.

નેપાળે તે સમયે તેનો વિરોધ કર્યો હતો. કાઠમંડુનું કહેવું હતું કે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા તેના ક્ષેત્રનો ભાગ છે, તેથી તેની સલાહ લીધા વિના આ માર્ગને લઈને કોઈ પણ કરાર સ્વીકારી શકાય નહીં. આ પછી નેપાળે ભારત અને ચીન બંનેને રાજદ્વારી વિરોધ નોંધ મોકલી હતી.

આમ છતાં ભારત અને ચીન કૈલાસ માનસરોવર યાત્રા અને સરહદી વેપાર માટે આ માર્ગનો ઉપયોગ કરતા રહ્યા છે.

રસપ્રદ વાત એ છે કે શિશિર ખનાલે તાજેતરના ભારત પ્રવાસ દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો ન હતો. તે સમયે તેમણે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વાતચીત કરી હતી.

બેઠક બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં પણ કાલાપાની, લિમ્પિયાધુરા અને લિપુલેખનો ઉલ્લેખ ન હતો. આવી સ્થિતિમાં રાજદ્વારી વર્તુળોમાં એ વાતની ચર્ચા છે કે નેપાળે નવી દિલ્હીની સરખામણીમાં બીજિંગમાં વધુ કડક વલણ અપનાવ્યું.

વિશ્લેષકોનું માનવું છે કે નેપાળ બંને પડોશીઓ સાથે સંતુલન જાળવી રાખીને સરહદી વિવાદને જીવંત રાખવા માંગે છે, પરંતુ ખુલ્લો સંઘર્ષ ટાળવા પણ માંગે છે.

ભારત-ચીન સરહદ પર આવેલા લિપુલેખ ઘાટથી વેપાર ફરી શરૂ થવા જઈ રહ્યો છે. ગલવાન ઘાટીમાં 2020માં થયેલા સંઘર્ષ બાદ આ માર્ગ બંધ થઈ ગયો હતો. લગભગ છ વર્ષ પછી હવે આ રસ્તેથી વેપાર ફરી શરૂ કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાંથી લગભગ 300 વેપારીઓના નામ વિદેશ મંત્રાલયને મોકલવામાં આવ્યા છે. તેમને પાસપોર્ટ અને વિઝાને બદલે ટ્રેડ પાસ દ્વારા તિબેટના તકલાકોટ બજાર સુધી જવાની મંજૂરી આપવામાં આવશે.

આ વખતે સરહદ સુધી રસ્તો પહોંચવાથી વેપારીઓને મોટો ફાયદો થશે. પહેલા સામાન ઘોડા-ખચ્ચર દ્વારા લઈ જવામાં આવતો હતો, પરંતુ હવે વાહનો સીધા સરહદ સુધી પહોંચી શકશે. આનાથી વેપારનો ખર્ચ અને સમય બંને ઘટશે.

# બ્રિટનમાં સૌથી જૂની ભારતીય રેસ્ટોરન્ટ પર બંધ થવાનો ખતરો: વીરાસ્વામીની 100 વર્ષ જૂની લીઝ સમાપ્ત, માલિક કોર્ટ પહોંચ્યા

લંડન, તા.17

બ્રિટનમાં આવેલા સૌથી જૂના ભારતીય રેસ્ટોરન્ટ વીરાસ્વામી પર બંધ થવાનો ખતરો વધી ગયો છે. જે ઈમારતમાં આ રેસ્ટોરન્ટ ચાલે છે, તેનો માલિક ક્રાઉન એસ્ટેટ છે. ક્રાઉન એસ્ટેટ બ્રિટનની એક મોટી સરકારી સંપત્તિ સંસ્થા છે, જે રાજા કે રાણીના નામે ચાલે છે.

હવે ક્રાઉન એસ્ટેટ વીરાસ્વામીની ઈમારતમાં કેટલાક ફેરફારો અને નવું નિર્માણ કરવા માંગે છે. આ જ કારણોસર તેમણે રેસ્ટોરન્ટનો ભાડાનો કરાર (લીઝ) આગળ વધારવાનો ઈનકાર કર્યો છે.

વીરાસ્વામી રેસ્ટોરન્ટની જૂન 2025માં લીઝ પૂરી થઈ ગઈ હતી. રેસ્ટોરન્ટનું કહેવું છે કે જો લીઝ લંબાવવામાં નહીં આવે તો તેને 100 વર્ષ જૂની પોતાની જગ્યા છોડવી પડશે. તેથી રેસ્ટોરન્ટે આ નિર્ણયને પડકારવા માટે અદાલતનો દરવાજો ખખડાવ્યો છે.

વીરાસ્વામીની શરૂઆત એપ્રિલ 1926માં થઈ હતી. આ માત્ર એક રેસ્ટોરન્ટ જ નહીં, પરંતુ બ્રિટનમાં ભારતીય ભોજનના ઈતિહાસનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે.

છેલ્લી એક સદીમાં અહીં ઘણા પ્રખ્યાત લોકો આવી ચૂક્યા છે. તેમાં બ્રિટનના પૂર્વ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ, અભિનેત્રી



વિવિયન લી, અભિનેતા માર્લન બ્રાન્ડો, લોરેન્સ ઓલિવિયર, ચાર્લી ચેપ્લિન અને અહીં સુધી કે મહારાણી એલિઝાબેથ દ્વિતીય પણ સામેલ છે.

રેસ્ટોરન્ટનું મેનૂ ભારતમાં જન્મેલા એડવર્ડ પામરે તૈયાર કર્યું હતું. તેમને હૈદરાબાદના શાહી મહેલમાં બનતી વાનગીઓની રેસીપી પોતાની દાદી પાસેથી મળી હતી અને તેમાંથી પ્રેરણા લઈને તેમણે અહીંનું ભોજન તૈયાર કર્યું.

વીરાસ્વામીને 2016માં મિશેલિન સ્ટાર મળ્યો હતો. આ દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત રેસ્ટોરન્ટ સન્માનોમાંથી એક છે.

રેસ્ટોરન્ટ સાથે જોડાયેલો એક રસપ્રદ દાવો પણ કરવામાં આવે છે. કહેવાય છે કે ઈંગ્લેન્ડમાં કરી સાથે બિયર પીવાની આદત સૌથી પહેલા આ જ રેસ્ટોરન્ટથી શરૂ થઈ હતી. રેસ્ટોરન્ટના માલિકોના મતે, ડેનમાર્કના રાજા જ્યારે પણ લંડન આવતા હતા, ત્યારે વીરાસ્વામીમાં જમવા જરૂર પહોંચતા હતા.

એટલું જ નહીં, તેમણે પોતાની મનપસંદ કાર્લ્સબર્ગ બિયરનો એક આખો પીપો રેસ્ટોરન્ટમાં રખાવી દીધો હતો જેથી જ્યારે પણ તેઓ કરી ખાવા આવે, ત્યારે તે જ બિયર તેમને પીરસી શકાય.

આ રેસ્ટોરન્ટ બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જર્મન બોમ્બમારાથી પણ બચી ગયું. તેણે રેસ્ટોરન્ટ ઉદ્યોગના ઉતાર-ચઢાવ પણ જોયા, પરંતુ હવે એક વર્ષથી ચાલી રહેલી કાનૂની લડાઈ પછી તેના અસ્તિત્વ પર સવાલ ઊભો થયો છે.

વીરાસ્વામીની મૂળ કંપની એમડબ્લ્યુ ઈટ (MW Eat) 29 જૂનથી શરૂ થનારી પાંચ દિવસની સુનાવણીમાં સેન્ટ્રલ લંડન કાઉન્ટી કોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કરશે.

ક્રાઉન એસ્ટેટનું કહેવું છે કે તે વિક્ટરી હાઉસ નામની ઈમારતના ઉપરના માળ પર આવેલા કાર્યાલયોમાં ફેરફાર કરવા માંગે છે. આ કાર્યાલયો 2023માં આવેલા પૂર પછી વીજળી વ્યવસ્થા પ્રભાવિત થવાથી ખાલી પડ્યા છે.

યોજના હેઠળ રેસ્ટોરન્ટ અને કાર્યાલયોના એન્ટ્રી પોઈન્ટ વચ્ચેની દીવાલ હટાવીને એક મોટો રિસેપ્શન એરિયા બનાવવામાં આવશે. ક્રાઉન એસ્ટેટનું કહેવું છે કે તેનાથી તે ઓફિસનું ભાડું ઘણું વધારી શકશે.

જોકે, રેસ્ટોરન્ટના માલિકો આ દલીલ સાથે સહમત નથી. તેમનું કહેવું છે કે રેસ્ટોરન્ટને હટાવ્યા વિના પણ સમારકામ અને નવીનીકરણનું કામ કરી શકાય છે.

ક્રાઉન એસ્ટેટે જૂન 2025માં વીરાસ્વામી રેસ્ટોરન્ટની વાર્ષિક 2.05 લાખ પાઉન્ડ (લગભગ 2.6 કરોડ રૂપિયા)ની લીઝ રિન્યુ કરવાનો ઈનકાર કર્યો હતો. જો કોર્ટમાં રેસ્ટોરન્ટ હારી જાય છે, તો જે જગ્યાએ તે હાલમાં ચાલી રહ્યું છે, તેનો ઉપયોગ ઓફિસો માટે કરી શકાય છે. રેસ્ટોરન્ટની માલિક કંપની MW Eatનું કહેવું છે કે જો તેને 100 વર્ષ જૂની આ જગ્યા છોડવી પડે, તો મામલો માત્ર સામાન ઉઠાવીને બીજી જગ્યાએ જવાનો નહીં હોય.

કંપનીના મતે, સૌથી પહેલા તેને લંડનના વેસ્ટ એન્ડ જેવા મોંઘા વિસ્તારમાં કોઈ નવી જગ્યા શોધવી પડશે. આ પછી, તે જગ્યાને વીરાસ્વામી જેવા પ્રતિષ્ઠિત રેસ્ટોરન્ટના સ્તર મુજબ તૈયાર કરવી પડશે. આમાં રસોડું, ડાઈનિંગ એરિયા, ઈન્ટિરિયર, ફર્નિચર, વીજળી-પાણીની વ્યવસ્થા અને લાઈસન્સ જેવી ઘણી વસ્તુઓ પર મોટો ખર્ચ આવશે.

આ ઉપરાંત, સ્થળાંતર દરમિયાન રેસ્ટોરન્ટને થોડા સમય માટે બંધ પણ કરવું પડી શકે છે. આ સમયગાળા દરમિયાન તેની આવક સંપૂર્ણપણે અટકી જશે, જ્યારે કર્મચારીઓનો પગાર, વહીવટી ખર્ચ અને અન્ય ચૂકવણીઓ ચાલુ રહેશે. કંપનીનું કહેવું છે કે 100 વર્ષ જૂની ઓળખવાળી જગ્યા છોડવાથી ગ્રાહકોનો એક ભાગ પણ ગુમાવી શકાય છે, જેની આર્થિક અસર અલગ હશે. આ તમામ ખર્ચાઓને જોડીને MW Eat નો અંદાજ છે કે નવી જગ્યાએ જવાની કુલ કિંમત લગભગ 50 લાખ પાઉન્ડ (લગભગ 57-58 કરોડ રૂપિયા) સુધી પહોંચી શકે છે.

# સાવ સામાન્ય પક્ષ સાથે બળવાખોર સાંસદો શા માટે જોડાયા

તૃણમુલ કોંગ્રેસના ૨૦ બળવાખોર સાંસદો નેશનાલીસ્ટ સીટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા (એનસીપીઆઇ)માં જોડાઈ ગયા છે. આ વાતની નવાઈ ઘણાને લાગી રહી છે. ત્રણ વર્ષ પહેલા એટલે કે ૨૦૨૩માં બંગાળના ઉત્તીયા કુંડુ અને સેઉલી કુંડુ નામના યુગલે આ પક્ષની શરૂઆત કરી હતી. એનસીપીઆઈના દસ્તાવેજોમાં ઉત્તીયા કુંડુ પક્ષના પક્ષ પ્રમુખ છે. પત્ની સેઉલીનું નામ ખજાનચી તરીકે છે. ઉત્તીયાએ ૧૩મી મેએ મુખ્યમંત્રી શુભેંદુ અધિકારી સાથે પોતાનો ફોટો ફેસબુક પર શેર કર્યો હતો. ઉત્તીયા પોતાને બંગાળી અખબારના તંત્રી અને શિક્ષક ગણાવે છે. એમના પત્નીના નામની તકતી નીચે હાઈકોર્ટના વકીલ લખ્યું છે. લોકસભામાં બહુમતિ હોવા છતા તૃણમુલ કોંગ્રેસ પર દાવો કરવાને બદલે બળવાખોર સાંસદો નાનકડી પાર્ટીમાં કેમ જોડાયા એનું કારણ એ છે કે, બળવાખોરોએ ટીએમસીના બંધારણને કારણે રણનીતિ બદલવી પડી છે. પક્ષના બંધારણ પ્રમાણે તૃણમુલ કોંગ્રેસના સંગઠન સાથે જોડાયેલા અધિકારીઓની સત્તા જનપ્રતિનિધિ કરતા વધુ છે. આ એક વચગાળાનો નિર્ણય છે. ભાજપના નેતાઓની સલાહ પ્રમાણે જ બળવાખોર સાંસદોએ નાના પક્ષ સાથે જોડાવાનું નક્કી કર્યું છે.

તૃણમુલ કોંગ્રેસ સામે બળવો પોકારનાર ૨૦ સાંસદોમાં ભૂતપૂર્વ ક્રિકેટર - સાંસદ યુસુફ પઠાણનું નામ પણ છે. વડોદરામાં આવેલા બંગલાની બાજુની સરકારી જમીન હડપવાનો કેસ યુસુફ પઠાણ પર ચાલી રહ્યો છે. થોડા દિવસો પહેલા યુસુફ પઠાણે અમીત શાહ સાથે મુલાકાત પણ કરી હતી. એમ મનાતુ હતું કે, જમીનનો કેસ ઢીલો કરવા માટે યુસુફ પઠાણે કદાચ અમીત શાહને ભલામણ કરી હોય. જોકે શાહને મળ્યા પછી પણ યુસુફ પઠાણની મુશ્કેલી ઓછી થઈ નથી. યુસુફ પઠાણનો જમીન વિવાદ હાઈકોર્ટમાં છે અને હાઈકોર્ટે યુસુફ પઠાણને વધુ ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે. જમીન ખાલસા કરવાના સીંગલ જજના ચુકાદા પછી યુસુફ પઠાણે ડબલ જજ સમક્ષ અપીલ કરી છે. યુસુફ પઠાણએ જવાબ આપવા માટે સમય માંગ્યો હતો ત્યારે કોર્ટે કહ્યું હતું કે અમે તમને સમય આપીએ છીએ પરંતુ જેટલું તમે મોડું કરતો એટલો દંડ વધુ થશે.

કોંગ્રેસે નરેન્દ્ર મોદી સરકારની વિદેશનીતિની આકરી ટીકા કરી છે. કોંગ્રેસનું કહેવું છે કે, પાકિસ્તાને વૈશ્વિક સ્તર પર પોતાનો પ્રભાવ વધાર્યો છે. ભારત માટે આ એક ગંભીર રાજકીય પડકાર છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશનું કહેવું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચેના પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને રોકવા માટે ૧૯મી જૂને જીનીવામા થનાર સમજૂતીનું અમે સ્વાગત કરીએ છીએ. જોકે એની પૂરી જાણકારી હજી સુધી જાહેર થઈ નથી. ૨૦૦૮ના આતંકવાદી હુમલા પછી જે રીતે કોંગ્રેસ સરકારે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ કરવામાં



સફળતા મેળવી હતી એ જ સ્થિતિ આજે બદલાઈ ગઈ છે. પાકિસ્તાન સાથે ચીનની રાજકીય ભાગીદારી ભારતની વિદેશનીતિ સામે મોટો પડકાર છે. વડાપ્રધાન મોદીએ ઈઝરાયલ પ્રતિ પોતાનું વલણ બદલવાની પણ જરૂર છે.

પશ્ચિમ બંગાળના રાજકારણમાં મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીનો ખરાબ સમય ચાલી રહ્યો છે. બંગાળના બહુ ચર્ચાયેલા પ્રાથમિક શિક્ષણ ભરતી કૌભાંડમાં રૂપિયાની ગેરકાયદેસર લેણદેણની તપાસ ઈડી કરી રહ્યું છે. ઈડીએ તૃણમુલ કોંગ્રેસના મહામંત્રી અભિષેક બેનર્જીની પૂછપરછ શરૂ કરી છે. ઈડીની ઓફિસે બોલાવીને કલાકો સુધી અભિષેકની પૂછપરછ કરવામાં આવી હતી. શિક્ષક ભરતી ગોટાળાની તપાસમાં અભિષેક બેનર્જીની કંપની 'લીપ્સ એન્ડ બાઉન્ડ્સ'નું નામ સામે આવ્યું હતું. આરોપ છે કે આ કંપની મારફતે મોટી રકમની આપલે થઈ છે. કંપનીનું નામ બહાર આવ્યા પછી ઈડી અભિષેક બેનર્જીની સતત પૂછપરછ કરી રહી છે. તૃણમુલ કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે પણ કેન્દ્રીય એજન્સીઓ આ ગોટાળા બાબતે તપાસ કરતા જ હતા. એ વખતે અભિષેક બેનર્જી કેન્દ્રીય એજન્સીઓને તપાસમાં સહકાર આપતા નહોતા.

ત્રણ દાયકા કરતા વધુ સમય પછી પોતે પસાર કરેલા બાળપણની ગલીઓ, બંધ પડેલા ઘરો અને જૂની યાદો વાગોળતા વિસ્થાપીત કાશ્મીરી હિન્દુઓએ પોતાની જન્મભૂમી પર પગ મૂક્યો હતો. તમામ કાશ્મીરી પંડીતો ભાવુક થઈ ગયા હતા. અમેરિકા અને યુરોપ સહિત દુનિયાના વિવિધ દેશોમાંથી આવેલા કાશ્મીરી પંડીતોનું એક પ્રતિનિધિ મંડળ આજકાલ કાશ્મીર ખીણની મુલાકાતે છે. આમાની ઘણી વ્યક્તિઓ એવી છે કે ૩૬ વર્ષમાં પહેલી વખત પોતાની જન્મભૂમીની માટીને ફરીથી અનુભવી શક્યા છે. આ વિસ્થાપીત કાશ્મીરી હિન્દુઓ છેલ્લા થોડા દિવસોમાં દક્ષિણ કાશ્મીર સિવાય મધ્ય કાશ્મીર અને ઉત્તર કાશ્મીરના ઘણા વિસ્તારોમાં ફરી રહ્યા છે. પ્રતિનિધિ મંડળનો ઉદ્દેશ ખીણની હાલની પરિસ્થિતિનો તાગ લેવાનો છે. એમણે નક્કી કરવું છે કે શું ખીણમાં ફરીથી પાછા ફરવાનો સમય થઈ ગયો છે કે નહીં.

દિલ્હી એનસીઆરમાં બપોરના સમયે વાતાવરણ અચાનક બદલાયું હતું. નોઈડા, ગાઝીયાબાદ, ગુરુગ્રામ, સોનીપત અને ફરીદાબાદમાં એકાએક કાળા વાદળો છવાઈ ગયા હતા અને ધૂળની આંધી ચાલુ થઈ હતી. દિવસે પણ ઘોર અંધારૂ છવાઈ ગયું હતું. રસ્તા પરથી પસાર થતા વાહનોએ એમની ઝડપ ધીમી કરી નાખવી પડી હતી. હવામાન નિષ્ણાંતોએ આવનાર દિવસોમાં દિલ્હીમાં ભારે વરસાદની આગાહી કરી છે. દિલ્હી, નોઈડા અને ગુરુગ્રામમાં સવારે પણ વરસાદ પડયો હતો જેને કારણે ઓફિસે જનારાઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. શહેરમાં ઠેરઠેર ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. દિલ્હી અને ગુરુગ્રામમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વરસાદ પડયા પછી દિલ્હીની ગરમી ૪૦ ડીગ્રીથી ઘટીને ૩૭ ડીગ્રી થઈ ગઈ હતી.

બિહારમાં દિપક પ્રકાશની મંત્રી તરીકેની નિમણૂકને પડકારતી અરજી સુપ્રિમ કોર્ટે સ્વીકારી લીધી છે. સુપ્રિમ કોર્ટે બિહાર સરકાર અને સંબંધીત વ્યક્તિઓ પાસે જવાબ માગ્યો છે. પ્રકાશને હમણા જ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ બિહાર કેબિનેટમાં પંચાયત રાજ્યમંત્રી બનાવ્યા હતા. દિપક પ્રકાશ બિહાર વિધાનસભા કે રાજ્યવિધાન પરિષદના ચૂંટાયેલા સભ્ય નથી. અરજી કરનાર રાકેશકુમાર સિંહના વકીલના કહેવા પ્રમાણે પ્રકાશ કોઈ પદ પર ચૂંટાયા નહીં હોવા છતા મંત્રીપદ પર છે. સુપ્રિમ કોર્ટે બિહાર સરકાર, પ્રકાશ અને ભારતના ચૂંટણી કમિશન પાસે જવાબ માંગ્યો છે. પ્રકાશને જ્યારે ૨૦૨૫ની ૨૦મી નવેમ્બરે તત્કાલીન મૂખ્યમંત્રી નિતિશકુમારે મંત્રી બનાવ્યા ત્યારે પણ તેઓ વિધાનસભા કે વિધાન પરિષદના સભ્ય નહોતા.

## તંત્રી લેખ

# મમતા નહીં પણ અભિષેકને ટાર્ગેટ કરતી ભાજપ સરકાર

ભાજપના નેતાઓ બહુ ચતુર છે. પૌરાણીક વાર્તાઓમાં જેમ જાદુગરનો જીવ બંધ પાંજરામાં પુરેલા પોપટમાં હોય છે અને પોપટને મારવાથી સમાજમાં ત્રાસ ફેલાવતો જાદુગર મરી જાય છે એમ તૃણમૂલ કોંગ્રેસના સર્વેસર્વા મમતા બેનરજીના રાજકીય જીવનનો આધાર અભિષેક બેનરજીમાં રહેલો છે તે જાણીને હવે અભિષેકને ટાર્ગેટ બનાવાઇ રહ્યો છે. સત્તા છીનવાયા બાદ અભિષેકની જાહેરમાં પીટાઇ અને તેના ખાસ એવા જહાગીરખાનની ઓફિસને ઉશ્કેરાયેલા લોકોએ તોડી પાડી તે ઘટનાએ અભિષેકની રાજકીય વગને બોટમ પર લાવીને મુકી દીધી હતી.

અભિષેકના ઘરની બહાર રખાયેલી સુરક્ષા હટાવાયાને મમતા બેનરજીએ એ બંધારણ પર ઘા સમાન ગણાવી હતી. સાસંદોની ખોટી સહીના વિવાદમાં કોર્ટે અભિષેકને રાહત આપી છે પરંતુ અન્ય કેસોની તપાસ ચાલુ રખાઇ છે. અભિષેકના ઘરનું તાળું તોડીને પોલીસ અંદર પ્રવેશી હતી અને ચાર કલાક સુધી તપાસ કરી હતી.

અચાનકજ પોલીસ ઘરમાં ઘૂસી જવાની ઘટના જોઇને મમતા બેનરજી ઘૂંઆ પૂંઆ થઇ ગયા છે. એક તરફ મમતાના ટેન્ટના ૬૨ વિધાનસભ્યો પક્ષ છોડીને અલગ ચોકો બનાવી રહ્યા છે તો બીજી તરફ રાજ્યસભાના સાસંદો પણ તૂટી રહ્યા છે. લોકસભામાં પણ તૃણમૂલ કોંગ્રેસમાં બળવો જાહેર થઇ ચૂક્યો છે.

ચારેબાજીથી ઘેરાયેલા મમતા બેનરજીએ કોંગ્રેસના સોનિયા ગાંધીની મુલાકાત કરીને તેમને ભેટેલી તસ્વીરો જોઇને તેમના સાંસદો વધુ ભડક્યા હતા. કોંગ્રેસમાં પક્ષના વિલીનીકરણની વાતોથી પણ પક્ષના કાર્યકરો મમતા વિરોધી બની ગયા હતા. તૃણમૂલ કોંગ્રેસમા પક્ષના કોંગ્રેસમાં વિલીનીકરણની વાતો અફવા છે એવો ખુલાસો ખુદ મમતા બેનરજીએ કરવો પડયો હતો.

મમતા બેનરજીના વફાદાર ગણાતા કલ્યાણ બેનરજી પણ અવઢવમાં છે. તે સવારે અભિષેક બેનરજી પર આક્ષેપો કરે છે અને સાંજે એમ કહે છે કે તે તો મારા દિકરા જેવો છે. તે કહે છેકે પિતાની ફરજ છેકે પુત્રની ભૂલોને માફ કરવી. કલ્યાણ બેનરજીને મમતાની વફાદારી કર્યા વગર છૂટકો નથી.

બીજી તરફ તૃણમૂલના કોઇ નેતા કલ્યાણ બેનરજીના કહ્યામાં નથી. અભિષેક બેનરજી પછી કલ્યાણ બેનરજી પર પણ હુમલો થયો હતો. જોકે આ હુમલો નાટકબાજી હોવાનું ચર્ચાઇ રહ્યું છે. પ.બંગાળની ભાજપ સરકાર મમતા બેનરજી પર કીન્નાખોરી કરી રહી છે જેવા કલ્યાણ બેનરજીના આક્ષેપોનો જવાબ આપવાના બદલે ભાજપ તેના નેતાઓને તોડવામાં રસ હોય એમ લાગી રહ્યું છે.

તૃણમૂલના હારેલા અને જીતેલા નેતાઓ દિલ્હીમાં પડયા પાથર્યા રહે છે કેમકે તેમના મત વિસ્તારમાં જવાની તેમની હિંમત નથી. એક સ્થાનિક નેતાનો ટકો મૂંડો કરીને ફેરવવામાં આવ્યા પછી તૃમણૂલના સ્થાનિક નેતાઓની દાદાગીરી બંધ થઇ ગઇ છે. બળાત્કાર કે મહિલા શોષણની ફરિયાદો થાય કે તરતજ પોલીસ એક્ટીવ થઇ જાય છે. જે પોલીસ તંત્ર મમતા બેનરજીના રાજકીય વગદાર ગુંડાના હાથનું રમકડું બની ગયા હતા તે હવે ભાજપના રાજમાં રાતોરાત રાષ્ટ્રવાદી બની ગયા છે. તૃણમૂલ કોંગ્રેસમાંથી છૂટા પડેલા લોકસભાના સાંસદોએ પોતાની અલગ બેઠક વ્યવસ્થાની માગણી કરી છે. તેમને હજુ ભાજપે પ્રવેશ નથી આપ્યો. રાજકીય સમિક્ષકો માને છે કે લોકસભામાં કોંગ્રેસના નેતાઓના ભાષણને ટેકો આપનારાની સંખ્યા હવે ઘટી જશે તે નક્કી છે. સમિક્ષકો એમ પણ કહે છે કે તૃણમૂલના બળવાખોરોએ અંતે તો ભાજપના શરણમાંજ રહેવું પડશે.

**છેલ્લાં સાડા ત્રણ મહિના એટલે કે અંદાજે 100થી વધારે દિવસથી હોર્મુઝની ખાડી બંધ છે. યુદ્ધના કારણે ખાડી દેશોમાં મોટાભાગનાએ ક્રૂડનું ઉત્પાદન બંધ કરી દીધું હતું, ધીમું કરી દીધું હતું અને ઘણા દેશઓએ પોતાના ભંડાર ખાલી કરી લીધા હતા. હવે આ સમજૂતીની જાહેરાત થઈ છે અને શુક્રવારથી હોર્મુઝની ખાડી ખુલશે. યુદ્ધ પહેલાની સ્થિતિમાં કામગીરી થશે અથવા તો વેપાર શરૂ થશે તે માની લેવું ભુલ ભરેલું છે : હોર્મુઝની વાત કરવામાં આવે તો એક સાંકડો સમુદ્રમાર્ગ છે જ્યાંથી દુનિયાભરનું 20 ટકા ક્રૂડ સપ્લાય થાય છે. બીજી તરફ કતાર દુનિયાભરમાં જે એલએનજી સપ્લાય કરે છે તેમાંથી 93 ટકા સપ્લાય આ રસ્તે થાય છે**

# હોર્મુઝ ખુલશે છતાં ક્રૂડ-ગેસનો સપ્લાય નોર્મલ થતાં 4 વર્ષ લાગશે!

### હજી તો સંધી થવાનું નક્કી થયું છે, અમેરિકા અને ઈરાન દ્વારા જે ચાર્જ વસુલાશે તેની કોઈ સ્પષ્ટતા નથી અને ખાડી દેશોમાં પ્રોડક્શન પણ ઠપ છે જેનો કોઈ અંદાજ નથી



યુએઈનો ૭૬ ટકા ક્રૂડ અને ગેસ સપ્લાય આ રસ્તે જ થાય છે. આ સિવાય ખાડી દેશો પાસે પોતાના ક્રૂડ અને ગેસ એશિયા તથા અન્ય પશ્ચિમી દેશોમાં મોકલવાનો કોઈ રસ્તો નથી. આ બધું એકાએક સામાન્ય થઈ શકે નહીં : કતારના ગેસ પ્લાન્ટને જે નુકસાન થયું છે તેને સામાન્ય થતાં ઓછામાં ઓછા પાંચ વર્ષ લાગશે. 18 માર્ચે ઈરાને આક્રમક રીતે કતારના રાસ લાફન ગેસ કોમ્પ્લેક્સ ઉપર હુમલા કર્યા હતા. તેના કારણે આ પ્લાન્ટને મોટું નુકસાન થયું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર ફાઈનલ થઈ ગયો છે. તેના કારણે વિશ્વભરમાં રાહતનું વાતાવરણ સર્જાયું છે. આ જાહેરાત સાથે જ ક્રૂડના ભાવમાં ઘટાડો થયો છે અને વિશ્વભરના બજારોમાં સ્થિતિ સામાન્ય જોવા મળી હતી. દુનિયાભરના લોકોને લાગે છે કે, હવે સ્થિતિ સામાન્ય થઈ જશે અને જે ઊર્જા સંકટ સમગ્ર વિશ્વ ઉપર સર્જાયું હતું તેનો અંત આવી જશે. જાણકારો માને છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચેની સંધી દેખાય છે તેટલી સરળ નથી. ટ્રમ્પ હોય કે પેન્ટાગોન કે પછી બીજી તરફ ઈરાન હોય કે તેના નેતાઓ કોઈની પાસે જાદુઈ છડી નથી કે ફેરવશે અને બધું સામાન્ય થવા લાગશે. સૌથી મોટી વાત જ એ છે કે, હોર્મુઝની ખાડી ખુલશે ક્યારે એ કોઈને ખબર નથી. તે ખરેખર ખુલશે અને સંપૂર્ણ કાર્યરત થશે તેની પણ આપણને ખબર નથી. જો હોર્મુઝની ખાડી ખોલી પણ દેવામાં આવશે તો દુનિયાભરમાં ક્રૂડ અને ગેસનો સપ્લાય સામાન્ય થવામાં કેટલાક વર્ષ લાગી શકે તેમ છે.

પ્રેક્ટિકલી પણ વિચારીએ તો છેલ્લાં સાડા ત્રણ મહિના એટલે કે અંદાજે ૧૦૦થી વધારે દિવસથી હોર્મુઝની ખાડી બંધ છે. યુદ્ધના કારણે ખાડી દેશોમાં મોટાભાગનાએ ક્રૂડનું ઉત્પાદન બંધ કરી દીધું હતું, ધીમું કરી દીધું હતું અને ઘણા દેશઓએ પોતાના ભંડાર ખાલી કરી લીધા હતા. હવે આ સમજૂતીની જાહેરાત થઈ છે અને બંને વચ્ચે બધું બરાબર ગોઠવાશે તો શુક્રવારથી હોર્મુઝની ખાડી ખુલશે. યુદ્ધ પહેલાની સ્થિતિમાં કામગીરી થશે અથવા તો વેપાર શરૂ થશે તે માની લેવું ભુલ ભરેલું છે. સ્થિતિ સામાન્ય થવામાં ઘણો સમય જવાનો છે.

ઉલ્લેખનીય છે કે, હોર્મુઝની વાત કરવામાં આવે તો એક સાંકડો સમુદ્રમાર્ગ છે જ્યાંથી દુનિયાભરનું ૨૦ ટકા ક્રૂડ સપ્લાય થાય છે. બીજી તરફ કતાર દુનિયાભરમાં જે એલએનજી સપ્લાય કરે છે તેમાંથી ૯૩ ટકા સપ્લાય આ રસ્તે થાય છે. યુએઈનો ૯૬ ટકા ક્રૂડ અને ગેસ સપ્લાય આ રસ્તે જ થાય છે. આ સિવાય ખાડી દેશો પાસે પોતાના ક્રૂડ અને ગેસ એશિયા તથા અન્ય પશ્ચિમી દેશોમાં મોકલવાનો કોઈ રસ્તો નથી. સાઉદી અને યુએઈ પાસે પાઈપલાઈન છે પણ તે પૂરતી નથી. તેના દ્વારા ક્રૂડ સપ્લાય કરી શકાય પણ ગેસ માટે તો જહાજો ઉપર જ આધાર રાખવો પડે. હવે આ રસ્તો બંધ થતા જ દુનિયાભરના સપ્લાયમાં ૨૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે. દર અઠવાડિયે ૨૦૦ કરોડ ઘન મીટર ગેસ સપ્લાય અટકી ગયો છે. સાદી ભાષામાં કહીએ તો આધુનિક ઈતિહાસની સૌથી મોટી ક્રૂડ અને ગેસની સમસ્યા ઊભી થઈ હતી.

જાણકારો માને છે કે, માત્ર આ રસ્તો ખુલી જવાથી સમસ્યાનો ઉકેલ આવે તેમ નથી. કતારના ગેસ પ્લાન્ટને જે નુકસાન થયું છે તેને સામાન્ય થતાં ઓછામાં ઓછા પાંચ વર્ષ લાગશે. ૧૮ માર્ચે ઈરાને આક્રમક રીતે કતારના રાસ લાફન ગેસ કોમ્પ્લેક્સ ઉપર હુમલા કર્યા હતા. તેના કારણે આ પ્લાન્ટને મોટું નુકસાન થયું હતું.

અહેવાલો પ્રમાણે આ પ્લાન્ટના કુલ ઉત્પાદનમાંથી ૧૭ ટકા ઉત્પાદન ઘટી ગયું છે. કતારને જ પોતાનો ગેસ સપ્લાય પૂર્વવત કરવામાં ઘણો સમય લાગે તેમ છે. આ સિવાય એક અહેવાલ એવો પણ છે કે, કતારે જણાવ્યું છે કે, જ્યાં સુધી તેના જહાજો ઓપરેટ કરવા માટે સુરક્ષાની ખાતરી નહીં મળે ત્યાં સુધી તે ગેસનું ઉત્પાદન જ નહીં કરે. ધારો કે હોર્મુઝની ખાડી ખુલી જશે તો પણ તાત્કાલિક ક્રૂડ અને ગેસનો સપ્લાય બજારમાં આવી જશે અને અછત ઓછી થઈ જશે તેમ માનવું નહીં. તેવી જ રીતે ઈરાનના, સાઉદીના, કુવૈતના, કતારના ક્રૂડના કેન્દ્રો ઉપર જે હુમલા થયા છે તેને રિપેર કરતા અને ફરીથી સંપૂર્ણ રીતે કામ કરતા કરવામાં પણ ઘણો સમય પસાર થશે.

મહત્વની વાત એ છે કે, સોમવાર સુધી હોર્મુઝ અને તેની આસપાસ સ્થિતિ સામાન્ય જ હતી. મરિન ટ્રેકિંગ કંપનીઓ, નાવિકો અને જાણકારોના મતે ત્યાં કોઈ ગતિવિધિ જોવા મળી નહોતી. કોઈપણ નાવિકને કે જહાજના ઈન્ચાર્જને જહાજ ફરી શરૂ કરવાના કે આગળ વધવાની તૈયારી કરવાના કોઈ સંકેત કે મેસેજ આપવામાં આવ્યા હતા. ત્યાં એક જ ફેરફાર થયો છે કે, લગભગ દોઢ-બે મહિના બાદ અહીંયા જીપીએસ સિગ્નલ આવ્યા છે તેના કારણે હવે જહાજોને રસ્તો શોધવામાં મુશ્કેલી નહીં પડે. જહાજો અહીંયાથી જશે કે નહીં અથવા કેવી રીતે જશે અને ક્યારે જશે તેનો કોઈ જવાબ કોઈની પાસે નથી.

સૂત્રોના મતે હજી તો માત્ર રસ્તો ખોલવાની વાત થઈ છે. જહાજ ક્યારથી આવવા-જવાની શરૂઆત કરે છે તે મહત્ત્વનું છે. તે પહેલાં આ સામુદ્રિક રસ્તાઓમાં જે મરિન સુરંગો ગોઠવવામાં આવી છે તેને દૂર કરવી પડશે. તે ઉપરાંત અન્ય ભયસ્થાનો છે તેને દૂર કરવા પડશે. ટેન્કરોને ખાડી દેશોના ક્રૂડ અને ગેસ સપ્લાય કરનારા બંદરો સુધી પહોંચાડવા પડશે. ક્રૂડ અને ગેસનું ઉત્પાદન જે અટકેલું કે ઓછું થયેલું છે તેને ફરીથી સામાન્ય બનાવવું પડશે. જાણકારોના મતે જૂનના અંત સુધીમાં પણ જો હોર્મુઝની ખાડી સંપૂર્ણ રીતે ખોલી દેવામાં આવે તો પણ એશિયાના દેશોમાં ક્રૂડ અને ગેસ પહોંચવામાં, તેના ઉપર પ્રોસેસ થવામાં અને લોકો સુધી પહોંચવામાં ૬૦ થી ૭૦ દિવસ લાગે તેમ છે. સપ્ટેમ્બર પહેલાં સપ્લાયની અસર દેખાય તેમ લાગતું નથી. આ તો માત્ર શરૂઆતનો તબક્કો છે. યુદ્ધ પહેલાની સ્થિતિ લાવવામાં તો ઘણો સમય પસાર થઈ જવાનો છે.

અમેરિકી જાણકારોનો જ અહેવાલ છે કે, મે મહિનામાં ખાડી દેશોનું ક્રૂડ ઉત્પાદન યુદ્ધ પહેલાની સરખામણીએ ૧ કરોડ બેરલ પ્રતિદિન જેટલું ઓછું હતું. જાણકારોનું માનવું છે કે, ખાડી દેશોને આ સપ્લાય શરૂ કરવામાં જ એકાદ વર્ષ લાગી જશે. જે તેલના ઉત્પાદન કેન્દ્રો, તેલના કુવાઓ અને સ્ટોરેજ વિસ્તારોને નુકસાન થયું છે તેનું સમારકામ કરવામાં અને તેને ફરીથી કાર્યરત થવામાં દોઢ-બે વર્ષનો સમય લાગી જશે. જ્યાં તેલના કુવાઓ, રિફાઈનરીઓ, ગેસ ઉત્પાદન કેન્દ્રો અત્યાર સુધી બંધ રહ્યા છે ત્યાં પણ ખામી સર્જાઈ હશે. આ બધું પણ નોર્મલ કરવામાં એકાદ વર્ષ જતું રહેશે.

ઉલ્લેખનીય છે કે, યુદ્ધ પહેલાં હોર્મુઝની ખાડી ક્રૂડ અને ગેસના સપ્લાય માટે જીવાદોરી હતી. ત્યાં દરરોજ ૧૦૦ જેટલા જહાજો પસાર થતા હતા.

હાલમાં સ્થિતિ એવી છે કે, અહીંયા રોજના ૧૦ જહાજ પણ પસાર થઈ શકતા નથી. ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશને પણ જણાવ્યું કે હોર્મુઝની ખાડીમાં જહાજોનો વ્યાપક જમાવડો થયેલો છે. અહીંયા મોટી સંખ્યામાં જહાજો બહાર નીકળવાની રાહ જોઈ રહ્યા છે. આ ઉપરાંત જહાજ ઉપર રહેલા ચાલકદળ થાકી ગયા છે, કામ કરનારા માણસો પણ હવે થાક્યા છે. હજી તો માત્ર સમજુતીની જાહેરાત થઈ છે.

સમજૂતી થયા પછી જ્યારે જહાજો નીકળશે ત્યારે ફરી સિક્ટોરિટી ચેકિંગ અને અન્ય પ્રોસેસ થશે જેમાં પણ ઘણો સમય જશે. તમામ જહાજો આવવા-જવામાં મહિનાઓ લાગી શકે છે. બીજી તરફ જાણકારોએ ટકોર પણ કરી છે કે, જહાજો છેલ્લાં ત્રણ મહિના કરતા વધારે સમયથી સમુદ્રના પાણીમાં સ્થિર પડયા રહ્યા છે. તેના કારણે તેની નીચેની સપાટી ઉપર શેવાળ, સમુદ્રી જીવો અને અન્ય ગંદકી ચોંટી ગઈ હશે. તેના પગલે જહાજની ઝડપ ઓછી થઈ શકે છે. આ ઉપરાંત આવા જહાજો જ્યારે પોતાના નક્કી કરેલા બંદરે પહોંચશે ત્યારે તેમની સાફસફાઈ કરવામાં પણ મહિનાઓ પાસ થઈ જશે. આ બધી સમસ્યાઓ ઝડપથી ઉકલે તેમ નથી.

જાણકારોના મતે આગામી ચાર વર્ષ સુધી આ સ્થિતિની અસર વૈશ્વિક ધોરણે જોવા મળશે. બીજી તરફ આઈઈએના અહેવાલો જણાવે છે કે, વર્ષ ૨૦૨૬માં જે સ્થિતિ સર્જાઈ છે અને ગેસ તથા ક્રૂડનો સપ્લાય ઘટયો છે તેની અસર ૨૦૩૦ સુધી જોવા મળશે. આ ચાર વર્ષમાં દુનિયાને અંદાજે ૧૨૦ અબજ ઘન મીટર ગેસ ઓછો મળશે. જાણકારોના મતે ભારત દ્વારા એક વર્ષમાં જેટલો ગેસ ઉપયોગમાં લેવામાં આવે છે તેનાથી અનેકગણો આ ગેસનો જથ્થો છે. ગેસનો સપ્લાય ઘટવાના બે મોટા કારણ છે. એક તેનો સપ્લાય અટકેલો છે અને બીજું નવો ગેસ બનાવવા માટે હાલ ઘણી કંપનીઓ તૈયાર નથી અને ઘણાને નુકસાન થયેલું છે જે સરભર કરવામાં સમય જશે. તેના કારણે આ કામગીરીમાં પણ ઓછામાં ઓછા બે વર્ષ લાગે તેમ છે. ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં જે ગેસનો સપ્લાય વધવાની આશા હતી તેના ઉપર યુદ્ધને પગલે પાણી ફરી વળ્યું છે તેથી હવે આ સપ્લાય વધવાની આશા પણ ૨૦૨૮ સુધી લંબાઈ ગઈ છે.

# સ્વાભિમાનનો અમર દિવસ ઝાંસીની સિંહણની શહાદત અમર વીરાંગના-ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો શહીદ દિવસ 18મી જૂન

### કોટાહ કી સેરાઈના રણમાં ખરેલું તેજ રાણી લક્ષ્મીબાઈ: શહાદતથી અમરત્વ સુધી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય ઈતિહાસના પાને જ્યારે જ્યારે શૌર્ય,સ્વાભિમાન અને બલિદાનની વાત નીકળે ત્યારે એક નામ સૌથી પહેલું યાદ આવે:ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ની જ્વાળાને પ્રજ્વલિત રાખનાર આ વીરાંગનાએ માતૃભૂમિની રક્ષા કાજે પોતાના પ્રાણની આહુતિ આપી.૧૮ જૂન ૧૮૫૮ના રોજ ગ્વાલિયરના યુદ્ધમેદાનમાં લડતાં લડતાં તેમણે વીરગતિ પ્રાપ્ત કરી. તેમનો આ શહીદ દિવસ આપણને યાદ અપાવે છે કે આઝાદીની કિંમત કેટલી મોટી હતી.રાણી લક્ષ્મી બાઈ માત્ર એક શાસક નહોતા, તે નારીશક્તિ,દેશપ્રેમ અને અન્યાય સામે ઝઝૂમવાની અદમ્ય હિંમતનું પ્રતીક બની ગયા. આજે તેમના શહીદ દિવસે આપણે તેમના તેજસ્વી જીવન ચરિત્રને વાગોળીએ.

*બાળપણથી જ વીરતાના સંસ્કાર ૧૯મી નવેમ્બર ૧૮૨૮ ના રોજ કાશીની પવિત્ર ભૂમિ પર મોરોપંત તાંબે અનેભાગીરથી બાઈના ઘરે એક દીકરીનો જન્મ થયો.નામ રાખ્યું મણિકર્ણિકા, પરંતુ ઘરમાં બધા પ્રેમથી મનુ કહીને બોલાવતા. મનુની માતા સંસ્કારી અને ધાર્મિક હતા,પણ મનુ નાની હતી ત્યારે જ તેમનું અવસાન થયું. પિતા મોરોપંત મરાઠા બાજીરાવ બીજાના દરબારમાં સેવા આપતા હતા. માતાની છત્રછાયા ગુમાવનાર મનુને પિતા પોતાની સાથે દરબારમાં લઈ જતા.ત્યાં આ રમતિયાળ અને નીડર બાળકી સૌની લાડકી બની ગઈ.તેના તેજ અને સૌંદર્યને કારણે લોકો તેને ‘છબીલી‘ કહેતા.

પેશ્વાના દરબારનું વાતાવરણ મનુ માટે પાઠશાળા બની ગયું. અહીં તેને માત્ર શાસ્ત્રોનું જ નહીં, શસ્ત્રોનું પણ જ્ઞાન મળ્યું. ઘોડેસવારી, તલવારબાજી,મલ્લ યુદ્ધ અને નિશાનેબાજીમાં તે પારંગત બની.તે સમયની બીજી છોકરીઓથી અલગ, મનુના હાથમાં પુસ્તક સાથે ઢાલ તલવાર પણ એટલી જ શોભતી હતી.આ તાલીમે જ આગળ જતાં તેને ઝાંસીની રણચંડી બનાવી.

*ઝાંસીની રાણી બન્યા અને શરૂ થયો સંઘર્ષ:૧૮૪૨માં મનુના લગ્ન ઝાંસીના મરાઠા શાસક રાજા ગંગાધર રાવ નેવાલકર સાથે થયા. લગ્ન પછી મરાઠી પરંપરા મુજબ તેમનું નામ લક્ષ્મીબાઈ રાખવામાં આવ્યું અને તે ઝાંસીની રાણી બન્યા. સપ્ટેમ્બર ૧૮૫૧માં રાણીએ એક પુત્રને જન્મ આપ્યો, પરંતુ કમનસીબે ચાર મહિનામાં જ બાળકનું મૃત્યુ થયું. આ આઘાતમાંથી રાજપરિવાર હજી બહાર આવ્યું નહોતું ત્યાં ૧૮૫૩માં રાજા ગંગાધર રાવની તબિયત લથડી. રાજ્યનો વારસ જાળવવા માટે તેમણે એક પુત્ર દત્તક લેવાનો નિર્ણય કર્યો. દત્તક પુત્રનું નામ દામોદર રાવ રાખવામાં આવ્યું. પુત્ર દત્તક લીધાના થોડા જ દિવસોમાં ૨૧ નવેમ્બર ૧૮૫૩ના રોજ રાજા ગંગાધર રાવનું અવસાન થયું. રાજાના મૃત્યુ પછી અંગ્રેજોએ પોતાની કુખ્યાત ’રાજ્યોના જોડાણની નીતિ’ હેઠળ દામોદર રાવને વારસદાર તરીકે માન્ય રાખવાનો ઈનકાર કર્યો. અંગ્રેજ સરકારે કોર્ટમાં કેસ કર્યો કે દત્તક પુત્ર રાજગાદીનો હકદાર નથી. કેસમાં રાણીની જીત થઈ છતાં અંગ્રેજોએ ઝાંસીનું રાજ્ય ખાલસા કરવાનો હુકમ કર્યો. રાજ્યની તિજોરી જપ્ત કરી લેવાઈ. રાણીને માત્ર વાર્ષિક પેન્શન બાંધી આપવામાં આવ્યું અને એમાંથી પણ તેમના પતિના દેવાની વસૂલાત શરૂ થઈ. તેમને ઝાંસીનો કિલ્લો ખાલી કરીને રાણી મહેલમાં રહેવા મજબૂર કરવામાં આવ્યા. અંગ્રેજોને લાગ્યું કે એક વિધવા રાણી હવે શું કરી શકશે. પરંતુ તેમણે રાણીના સ્વાભિમાનને પડકાર્યું હતું. રાણીએ ગર્જના કરી: ‘હું મારી ઝાંસી નહીં આપું‘.

*૧૮૫૭નો સંગ્રામ અને રાણીનું શૌર્ય:૧૮૫૭માં જ્યારે દેશમાં આઝાદીની ચિનગારી ભડકી, ત્યારે ઝાંસી તેનું મુખ્ય કેન્દ્ર બન્યું. રાણી લક્ષ્મીબાઈએ આ તકને વધાવી લીધી. તેમણે કિલ્લાની સુરક્ષા મજબૂત કરી અને એક સ્વયંસેવક સેના ઊભી કરી. આ સેનાની ખાસ વાત એ હતી કે તેમાં મોટી સંખ્યામાં મહિલાઓને ભરતી કરવામાં આવી. તેમને યુદ્ધની તાલીમ આપવામાં આવી. રાણીના સૈન્યમાં ઝલકરી બાઈ નામની એક વીરાંગનાનો ઉલ્લેખ ખાસ કરવો પડે. ઝલકરી બાઈ દેખાવમાં રાણીને મળતી આવતી હતી. રાણીએ તેને પોતાની સેનામાં મહત્વનું સ્થાન આપ્યું.

સપ્ટેમ્બર અને ઓક્ટોબર ૧૮૫૭માં પડોશી રાજ્યો ઓરછા અને દતિયાએ ઝાંસી પર હુમલો કર્યો, પણ રાણીએ તેમને સફળતાપૂર્વક હરાવ્યા. જાન્યુઆરી ૧૮૫૮માં અંગ્રેજ સેનાપતિ હ્યુ રોઝ વિશાળ લશ્કર લઈને ઝાંસી આવી પહોંચ્યો. માર્ચ મહિનામાં અંગ્રેજોએ ઝાંસીને ચારેબાજુથી ઘેરી લીધું. લગભગ બે અઠવાડિયા સુધી ઝાંસીના કિલ્લા પરથી તોપો ગર્જતી રહી. રાણી પોતે ઘોડા પર સવાર થઈને સૈન્યનું નેતૃત્વ કરતી હતી. દામોદર રાવને પીઠ પર બાંધીને તે દુશ્મનો સાથે લડી રહી હતી. અંતે અંગ્રેજો કિલ્લો જીતી ગયા, પણ રાણી કિલ્લાની ગુપ્ત રાહેથી દામોદર રાવને લઈને બહાર નીકળી ગયા.

ઝાંસીથી નીકળીને રાણી કાલ્પી પહોંચ્યા અને ત્યાં ૧૮૫૭ના બીજા મહાન નાયક તાત્યા ટોપેને મળ્યા. બંનેએ મળીને ગ્વાલિયરના કિલ્લા પર હુમલો કર્યો અને તેના પર કબજો મેળવ્યો. આ સંઘર્ષમાં બાજીરાવ પ્રથમના વંશજ અલી બહાદુર બીજાએ પણ રાણીને રાખડી બાંધીને ભાઈ તરીકે સાથ આપ્યો. *શહીદી અને અમર વારસો: અંગ્રેજ સેનાએ ગ્વાલિયર પર ફરી હુમલો કર્યો. ૧૮મી જૂન ૧૮૫૮ના રોજ ગ્વાલિયર નજીક કોટાહ કી સેરાઈ નામના સ્થળે ભીષણ યુદ્ધ ખેલાયું. રાણી લક્ષ્મીબાઈ પુરુષ વેશમાં, હાથમાં તલવાર લઈને અંગ્રેજ સેના પર તૂટી પડ્યા. તેમણે અદ્દ્ભુત પરાક્રમ બતાવ્યું. યુદ્ધ કરતાં કરતાં તે ગંભીર રીતે ઘાયલ થયા અને ઘોડા પરથી પડી ગયા. અંગ્રેજોના હાથમાં જીવતા ન પકડાવું પડે તે માટે તેમણે એક સાધુને પોતાના શરીર ને અગ્નિદાહ આપવાની વિનંતી કરી.એ જ યુદ્ધમેદાનમાં ભારત ની આ સિંહણએ વીરગતિ પ્રાપ્ત કરી.

રાણીના શૌર્યથી પ્રભાવિત થઈને બ્રિટીશ જનરલ હ્યુ રોઝે પોતે નોંધ્યું હતું કે, ‘રાણી લક્ષ્મીબાઈ માત્ર તેમની સુંદરતા, હોશિયારી અને દૃઢતા માટે જ નોંધપાત્ર નહોતા, પરંતુ તમામ બળવાખોર નેતાઓમાં સૌથી ખતરનાક પણ હતા.‘

# રાખ ભવસિંધુનાં અતાગ મહાભય થકી! એ રચનામાં નરસિંહ એ કયાં રુપકો લીધાં છે?

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. બ્રહ્મા એ જ્યારે જીવ સૃષ્ટિનું સર્જન કર્યું અને પોતાના માનસ પુત્રો, પ્રજાપતિઓને માનવ સૃષ્ટિ સર્જનનું સોંપ્યું હતું. જેમાં મુખ્યત્વે દક્ષ, કશ્યપ, મરીચી, અને સ્વયંભુવ મનુ જેવા ઋષિઓનો સમાવેશ થાય છે, જેમણે આગળ જઈને માનવ વંશનો વિસ્તાર કર્યો! પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે એ લોકો એ જેટલા માનવ વંશનું સર્જન કર્યું એટલાં જ રહ્યા! કારણકે એમાં પુરુષ જ હતાં સ્ત્રી વંશ નહોતો! પરંતુ ઈશ્વર ને પૃથ્વી પર માનવ સૃષ્ટિ નું નિર્માણ કરવું હતું અને એટલે આપણે શિવપુરાણ માં જોયું કે ભગવાન શિવે પાર્વતીને આ કામ સોંપ્યું અને પછી પુરુષ અને સ્ત્રી નું મિલન થયું અને જે જીવ સૃષ્ટિનું નિર્માણ થયું એ ટકી ગઈ! એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે ઈશ્વર ઈચ્છે છે કે મનુષ્ય જન્મ લઈ મોટો થઈ સંસારી બને અને આમ આ વંશ વધતો જાય! હાલાકી હવે એ વંશ વિસ્તાર ખૂબ વધી ગયો છે. ટૂંકમાં સંસારી હોવું એ કોઈ શરમની વાત નથી! સમ્યક ભાવે સમસ્ત વ્યવહાર નિભાવીને આ સંસારમાં જીવીને, મનુષ્ય એ શક્તિ, બુદ્ધિ, વિદ્યા, ક્ષમા, મૈત્રી, પ્રિતી,ભક્તિ, કરુણા અને શાંતિ જેવાં ભાવને હૃદયસ્થ રાખી જીવન મુક્તિ સુધીની સફર તય કરવાની હોય! પણ પરમાત્મા નિર્ગુણ અને આપણે તો અંત સુધી નગુણા જ રહ્યા એટલે સંસારને જ જન્મનો સાર સમજી જીવ્યાં અને મર્યા! ભોગ નો આ ભાવ જ સંસાર ને ભવ સાગર બનાવે છે અને કેમે કરીને એ પાર થતો નથી! પણ આજે ગુરુવાર એટલે નરસિંહની અમર ચેતના ને શત વંદન કરી એણે બતાવેલ માર્ગ પર ચાલવાનું છે!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

*નરસિંહ મહેતા*

**રાખ ભવસિંધુના અતાગ મહા ભય થકી,
નામ નારાયણ નાવ મેલી.
ગોરવ સિંધુની વેળની રેલમાં
મહેરના પવનને મેલ ઠેલી..(૧)

સંસાર એવો ભવસાગર છે કે એનો તાગ મેળવી શકાતો નથી! એટલે કે એની ઉંડાઈ નો અંદાજ આંકવામાં આવે તો, દુ:ખ અને ભય સિવાય બીજું કંઈ જ દેખાતું નથી. પરંતુ આ ભવસાગર મા નારાયણ નાં નામની હોડી તરતી મુકીએ તો આખું ચિત્ર બદલી જાય છે, જે ગર્વ મોહ અને ભય જેવા પૂરમાં તણાઈ જવાશે એવું લાગતું હતું ત્યાં નારાયણની મહેર થઇ એટલે કે કૃપાનો પવન આ ભય સ્થાનો ને દૂર ઠેલી દે છે.

**વિષય તૃષ્ણા હરો મોહ મન ના ધરો,
હું ને મારું જગત તેમાં બૂડો,
તું થકી વેગળા આસુરી માં ભળ્યાં
શરણ આવ્યાં જેનો અખંડ ચૂડો...(૨)

નરસિંહ નારાયણ ને કહે છે કે મારા મનનાં વિષય તૃષ્ણાને હરી લ્યો, મનમાં મોહ ધારણ કર્યા વગર રહી શકો! હું અને મારું વાળા અહંકાર ભર્યા જગતની માન્યતા જ ભવસાગરમાં ડૂબી જાય! જે તારાં થી વેગળા અથવા છૂટા પડ્યાં એ અસૂર સાથે ભળ્યા! અને જે સૌભાગ્ય વતી હોય એ જ નારાયણનાં શરણે આવશે.

**સુખ તો અલ્પ ને દુ:ખ સાગર જસુ,
જન્મિયો જંતુ તે જન્મરોગી.
એક નિશ્ચે તારા નામનો આશરો,
હશે કોઈ વિરલો તેનો ભોગી...(૩)

દુન્યવી ભાવથી જોઈએ તો સુખ બહું થોડા છે અને દુઃખ તો સાગર જેટલા! પણ આ દુઃખનો સાગર પાર કરવા માટે તારાં નામનો આશરો જ શ્રેષ્ઠ છે એવો નિશ્ચય કરી શકે એવો વિરલ ભક્ત તો ભાગ્યે જ કોઈ હશે.

કલેશ આ વિશ્વનાં તાપ નિવારવાં,
મંગલ શ્રીકૃષ્ણનું નામ જાણો;
બે ઉપર જોડીને નરસૈયો વિનવે,
ભવજળ બુડતાં બાંહે તાણો...(૪)

આ વિશ્વના ક્લેશ અને તાપ નું નિવારણ કરનાર કોઈ હોય તો એ શ્રીકૃષ્ણ નું મંગલમય નામ છે! અને સંસારીઓ ને નરસિંહ બે હાથ જોડીને વિનવે છે, કે ભવસાગર ના જળમાં જો ડૂબી જઈએ તો અમારું બાવડું ઝાલીને અમને તણાઈ જતાં બચાવજે.

આ પણ નામ સ્મરણનો મહિમા ગાતી જ રચના છે! પરંતુ રુપક આપવામાં નરસિંહનો જોટો જડવો મુશ્કેલ છે! જેમ કે નરસિંહ ભવસાગર આગળ રાખ શબ્દ પ્રયોગ કરીને બહુ મોટી વાત કરે છે, કે માનવ શરીર અંતે તો રાખ જ છે! અને આ ભવસાગરનું તળિયું એટલું ઉંડુ છે, કે વિચારીને ભય લાગે છે. હકીકતમાં નરસિંહ અતાગ શબ્દ પ્રયોગ એટલાં માટે કરે છે,કે સંસાર રુપી ભવસાગરનું તો એણે ખુદ નિર્માણ કર્યું છે, અને વ્યક્તિ ખુદ, વર્તન, વ્યવહાર, કે વ્યવસ્થાને નામે આસપાસ એટલું બધું ખડકતો ગયો, કે એનાં જીવનની સચ્ચાઈ સાવ તળિયે જતી રહી! અને એટલે હવે મૂળ માનવતા વિશે કે જે સાવ તળિયે પડી છે, એને વિશે વિચારીને જ એને ભય લાગે છે, પણ છતાં જો નારાયણનું નામ લીધું હશે, તો કૃપા બહુ મોટું કામ કરે છે, અને આ તમામ ભયને દૂર ઠેલી દે છે. અસૂર અને અખંડ ચૂડો , આ બે શબ્દ પ્રયોગ કરીને નરસિંહ કહે છે, સમયે ઈશ્વર સ્મરણ જો ચૂકી જઈએ તો, આંતરિક વૃત્તિઓમાં અસૂર પણું આવી જશે, એટલે કે અન્ય ને પ્રતાડિત કરતી વિકૃતિ આવશે અને જીવન પતન તરફ જશે! જે ભોગ છોડવાનું ક્યારેય વિચારશે નહીં, ભક્તિનો ભાવ અનુભવ્યાં વગર જ મરણને શરણ થશે. અખંડ ચૂડો એટલે કે નારાયણનાં નામની ભક્તિ સ્વામીની છત્રછાયા મેળવીને પરમ સૌભાગ્ય પ્રાપ્ત કરશે! બિલકુલ સૌભાગ્યવતી સ્ત્રી જેમ પછી એને પોતાનાં પતિ કહે એ જ ધર્મ એમ કર્મનું બંધન છૂટી જશે, એટલે કે ભક્તિનો ભાવ શ્રેષ્ઠ છે. માનવીય મન કાયમ અતૃપ્ત રહે છે, એટલે એને સુખની અવધિ કાયમ ટૂંકી લાગે છે, અને એ જ રીતે નાની ફોડકી પણ એને ગુમડું લાગે, એમ દુઃખની વૃત્તિ મૂંઢીયા ગુમડાં જેમ સતત મોટા સાગરના મોજાં જેમ લબકારા મારે છે! જન્મ સમયે જે જંતુ જેવડો જન્મરોગી હતો, એટલે કે જન્મથી જ જેને ‘હું પણા‘ નો રોગ લાગ્યો છે, એ નામનાં સહારે નિરોગી બની વિરલ વ્યક્તિત્વનો સ્વામી બનશે! વિશ્વના આવાં અનેક ક્લેશ, સંકટ અને તાપનું નિવારણ માત્ર મંગલમય શ્રીકૃષ્ણનું નામ જ છે! અને એટલે નરસૈંયો હાથ જોડીને નારાયણને વિનવે છે, કે તમે જ મને આ ભવજળ માં ડૂબતા હોઈએ ત્યારે બાવડું ઝાલીને બહાર કાઢજો. આમ નરસિંહ ચારે વેદનાં સાર એટલે કે હરિનામ સ્મરણની વાત સહજ સમજાઈ જાય એમ આપણી આગળ મુકીને પોતાની ભક્તિનો એકડો ઘૂંટે છે, અને આપણાં જેવાં સંસારીઓ માટે આનાથી કોઈ સરળ માર્ગ છે નહીં!

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડે દ્વારા પાલનપુર-સામાખ્યાલી સેક્શનનું સઘન નિરીક્ષણ





**અમદાવાદ, તા.17**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ આજે તા.17.06.2026ના રોજ અમદાવાદ મંડળના પાલનપુર-સામાખ્યાલી રેલવે સેક્શનનું વ્યાપક નિરીક્ષણ કર્યું. આ ઉચ્ચસ્તરીય નિરીક્ષણનો મુખ્ય હેતુ રેલવે સંચાલનમાં સુરક્ષા અને સલામતીને વધુ મજબૂત બનાવવો, આધારભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યોની પ્રગતિનું મૂલ્યાંકન કરવું તેમજ સ્ટેશનો પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓ અને અન્ય વિકાસ કાર્યોની સમીક્ષા કરવી હતો. આ પ્રસંગે તેમની સાથે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્યાલયના વિવિધ વિભાગોના વિભાગાધ્યક્ષો (PHODs) તથા અમદાવાદ મંડળના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ન્યૂ પાલનપુર સ્ટેશન પર રનિંગ સ્ટાફ અને લોબીનું નિરીક્ષણ

નિરીક્ષણની શરૂઆતમાં મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ ન્યૂ પાલનપુર સ્ટેશન ખાતે ક્રૂ લોબી અને રનિંગ રૂમની વિગતવાર સમીક્ષા કરી. તેમણે ત્યાં સ્થાપિત ક્રૂ મેનેજમેન્ટ સિસ્ટમ (CMS)ની કાર્યપદ્ધતિનું બારીકાઈથી અવલોકન કર્યું. મહાપ્રબંધકે ફરજ પર તહેનાત રનિંગ સ્ટાફ (લોકો પાયલોટ અને ગાર્ડ) સાથે સીધો સંવાદ કરી તેમને ઉપલબ્ધ ભોજનની ગુણવત્તા અને અન્ય સુવિધાઓ અંગે પ્રતિસાદ મેળવ્યો, જેના પ્રત્યે સ્ટાફે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો. આ ઉપરાંત તેમણે બેઝ કિચન, શૌચાલય અને પરિસરની અન્ય વ્યવસ્થાઓનું પણ નિરીક્ષણ કર્યું. અમૃત સ્ટેશન યોજના અને યાત્રી સુવિધાઓની સમીક્ષા, તેમના પ્રવાસ દરમિયાન મહાપ્રબંધકે 'અમૃત સ્ટેશન યોજના' હેઠળ પુનર્વિકસિત થઈ રહેલા પાલનપુર સ્ટેશનના કાર્યોનું સઘન નિરીક્ષણ કર્યું. તેમણે સ્ટેશન પર પીવાના પાણીની સુવિધા (Water Tap), પ્રતીક્ષાલય (Waiting Room), ફૂડ સ્ટોલ, ફૂટ ઓવર બ્રિજ (FOB), પ્લેટફોર્મ અને અંડરપાસ સહિત વિવિધ યાત્રી સુવિધાઓની સમીક્ષા કરી તેમજ સમગ્ર સ્ટેશન પરિસરમાં સ્વચ્છતાની સ્થિતિનું વ્યાપક મૂલ્યાંકન કર્યું.

ટ્રેક અને સુરક્ષા ધોરણોનું સઘન નિરીક્ષણ, સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા મહાપ્રબંધકે પાલનપુરથી સામાખ્યાલી વચ્ચેના રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ ફાટકો, મહત્વપૂર્ણ તથા નાના પુલો, પોઈન્ટ્સ, સેક્શનમાં આવેલા કર્વ્સ (Curves) અને ક્રોસિંગનું સઘન તકનીકી નિરીક્ષણ કર્યું. તેમણે વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ દ્વારા સુરક્ષા ધોરણોની ચકાસણી કરી અને સંબંધિત અધિકારીઓને વિવિધ સુરક્ષા મુદ્દાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું.

ભીલડી અને લાકડિયા સ્ટેશનો પર વિકાસ કાર્યોની સમીક્ષા

મહાપ્રબંધક શ્રી પાંડે એ ભીલડી સ્ટેશન પર સ્ટેશન પુનર્વિકાસ કાર્યની વર્તમાન પ્રગતિ, યાત્રી સુવિધાઓ, રનિંગ રૂમ અને ક્રૂ લોબીનું નિરીક્ષણ કર્યું. અહીં પણ તેમણે રનિંગ સ્ટાફને આપવામાં આવતા ભોજનની ગુણવત્તાની જાતે ચકાસણી કરી.

લાકડિયા રેલવે સ્ટેશન ખાતે તેમણે રૂટ રિલે ઈન્ટરલોકિંગ (RRI) રૂમ અને સ્ટેશન માસ્ટર કેબિનનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. આ ઉપરાંત તેમણે બુકિંગ કાઉન્ટર, ફૂટ ઓવર બ્રિજ, દુર્ઘટના રાહત તબીબી સાધનો (ARME) તથા પ્લેટફોર્મ વગેરેનું નિરીક્ષણ કર્યું અને યાત્રીઓની સુવિધા માટે શક્ય તમામ શક્ય સુધારાઓ કરવા સૂચનાઓ આપી.

સામાખ્યાલી સ્ટેશનનું નિરીક્ષણ તથા વેપારીઓ સાથે બેઠક, મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે એ અમદાવાદ મંડળના પ્રથમ પુનર્વિકસિત સામાખ્યાલી રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. તે દરમિયાન તેમણે સ્ટેશન પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓની સમીક્ષા કરી તથા માસ્ટર કેબિન, ફૂડ સ્ટોલ, પ્રતીક્ષાલય (વેઈટિંગ રૂમ), બુકિંગ કાઉન્ટર સહિત વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું અને યાત્રીઓ સાથે સંવાદ પણ કર્યો.તેમણે રેલવે કોલોનીની મુલાકાત લીધી અને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓની પણ સમીક્ષા કરી.

આ દરમિયાન મહાપ્રબંધકે મીઠાના વેપારીઓ સાથે બેઠક યોજી, જેમાં આ ક્ષેત્રમાંથી થતી માલ લોડિંગ વધારવા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. તેમણે જણાવ્યું કે પશ્ચિમ રેલવેએ વર્ષ 2029-30 સુધીમાં 200 મિલિયન ટન માલ લોડીંગનું લક્ષ્ય હાંસલ કર્યું છે. અમદાવાદ મંડળને ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વધારાના 4 મિલિયન ટન લોડિંગનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે.

બેઠક દરમિયાન વેપારીઓ પાસેથી વિવિધ સૂચનો મેળવવામાં આવ્યા તથા રેલ પરિવહન દ્વારા મીઠાના લોડીંગને વધુ પ્રોત્સાહન આપવા માટે જરૂરી પગલાં અંગે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. વેપારીઓએ જણાવ્યું કે તેમને મંડળના અધિકારીઓ તરફથી સતત સારો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. આ પ્રસંગે ગાંધીધામના એરિયા મેનેજર શ્રી આશિષ ધાનિયા સહિત રેલવેના અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય રેલવે દ્વારા ગુજરાતમાં ₹493 કરોડની આદિપુર-ભુજ ડબલિંગ યોજનાને મંજૂરી....

- **કચ્છ વિસ્તારમાં રેલ સંપર્ક અને ક્ષમતા વિસ્તારને મળશે નવી દિશા, બંને દિશાઓમાં પ્રતિદિન બે વધારાની યાત્રી રેલ સેવાઓના સંચાલનનો માર્ગ મોકળો થશે**
- **ડબલ લાઈનથી દર વર્ષે 12 મિલિયન ટન વધારાનું માલ પરિવહન શક્ય બનશે, જેના કારણે લોજિસ્ટિક્સ અને ઔદ્યોગિક સંપર્કને મજબૂતી મળશે**

**અમદાવાદ, તા.17**

ભારતીય રેલવેએ ગુજરાતમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મજબૂતીકરણ અને ક્ષમતા વૃદ્ધિ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા પશ્ચિમ રેલવેના આદિપુર-ભુજ રેલખંડ (49 કિ.મી.)ના ડબલિંગ કાર્યને 493 કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવી છે.

મંડલ રેલ પ્રબંધક (DRM) અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આ યોજના ભારતીય રેલવે દ્વારા નેટવર્ક ક્ષમતાના વિસ્તાર માટે ચલાવવામાં આવી રહેલા ડબલિંગ, ટ્રિપલિંગ અને અન્ય આધારભૂત સંરચના વિકાસ કાર્યક્રમો હેઠળ મંજૂર કરવામાં આવી છે. વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ આ રેલખંડના ડબલિંગથી કચ્છ ક્ષેત્રમાં રેલ સંપર્ક અને સંચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે તેમજ ભવિષ્યમાં યાત્રી અને માલ પરિવહનની વધતી માંગને પૂર્ણ કરવામાં મદદ મળશે.

વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખી ક્ષમતા વિસ્તાર

ગાંધીધામ-નલીયા કોરિડોર પર સ્થિત આદિપુર-ભુજ ખંડ હાલમાં સિંગલ રેલ લાઈન છે. ક્ષેત્રમાં ચાલી રહેલી વિવિધ રેલવે યોજનાઓ પૂર્ણ થયા બાદ આ માર્ગ પર ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. તેમાં ભુજ-નલીયા ગેજ પરિવર્તન, નલીયા-વાયોર લાઈન વિસ્તાર તેમજ નલીયા-જખાઉ, વાયોર-લખપત અને દેશલપર-લૂણા નવી રેલ લાઈન યોજનાઓનો સમાવેશ થાય છે. આ યોજનાઓ પૂર્ણ થયા પછી ભુજ-આદિપુર ખંડ પર વધારાના



યાત્રી અને માલ ટ્રાફિકનું દબાણ વધવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને આ રેલખંડના ડબલિંગને મંજૂરી આપવામાં આવી છે. આથી ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને પૂર્ણ કરવાની સાથે-સાથે સંચાલન કાર્યક્ષમતામાં સુધારો થશે.

યાત્રી અને માલ પરિવહનને મળશે લાભ, આ યોજના પૂર્ણ થયા બાદ બંને દિશામાં પ્રતિદિન બે વધારાની યાત્રી રેલ સેવાઓ શરૂ કરી શકાશે, જેના કારણે વિસ્તારના મુસાફરોને વધુ સારી કનેક્ટિવિટી અને પ્રવાસ સુવિધાઓ મળશે.

ડબલ લાઈનના નિર્માણથી દર વર્ષે વધારાના 12 મિલિયન ટન (MTPA) માલ પરિવહન શક્ય બનશે, જેના કારણે પશ્ચિમ ગુજરાતમાં લોજિસ્ટિક્સ વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને ઔદ્યોગિક વિસ્તારોને વધુ સારો રેલ સંપર્ક પ્રાપ્ત થશે.

ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ ક્ષમતા વિસ્તાર, હાલમાં આ રેલખંડની લાઈન ક્ષમતા ઉપયોગિતા સતત વધી રહી છે અને વર્ષ 2029-30 સુધીમાં તે 123 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. તેથી સમયસર ક્ષમતા વિસ્તાર કરવો અત્યંત આવશ્યક બની ગયો છે. ડબલિંગ યોજના દ્વારા રેલ માર્ગ પરની ભીડમાં ઘટાડો થશે, સંચાલન સંબંધિત અવરોધો ઓછા થશે તેમજ ટ્રેન સેવાઓની સમયબદ્ધતા અને વિશ્વસનીયતામાં સુધારો થશે.

આ યોજનાથી મુસાફર અને માલ પરિવહનમાં વૃદ્ધિ થવાથી ભારતીય રેલવેની આવકમાં પણ વધારો થશે તેમજ કચ્છ વિસ્તારના આર્થિક અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળશે. આ યોજનાની મંજૂરી સાથે ભારતીય રેલવે ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ આધુનિક અને સક્ષમ રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા, સંપર્ક વધારવા તથા રાષ્ટ્રીય રેલ નેટવર્કની ક્ષમતામાં સતત વધારો કરવાની પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહી છે.

**બે ટીપાં દરેક વાર, બાળકની લઈએ દરકાર**

# ૨૮ જુન ૨૦૨૬ ને રવિવારના રોજ ખેડા જિલ્લામાં પોલિયો રસીકરણ કાર્યક્રમ યોજાશે

**જિલ્લામાં અંદાજીત ૩,૨૬,૯૦૨ બાળકોને પોલિયો વિરોધી રસીના ટીપા પીવડાવવામાં આવશે**



**નડિયાદ, તા.17**

પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ અન્વયે દર વર્ષે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે (રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ) ઉજવવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૨૮ જુન ૨૦૨૬ ને રવિવારના રોજ દેશભરમાં અને ગુજરાતમાં પણ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે (એન.આઈ.ડી) પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ ઉજવવામાં આવનાર છે.

આ સંદર્ભમાં ખેડા જિલ્લા કલેકટરશ્રી એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશનની સ્ટીયરીંગ કમીટી મીટીંગ યોજવામાં આવેલ. જે અનુસાર ખેડા જિલ્લાના વિવિધ સ્થળોએ પોલિયોના કાર્યક્રમને સફળ બનાવવા માટે કુલ ૧૧૯૩ બુથ દ્વારા ૦ થી ૫ વર્ષની વયના અંદાજીત ૩૨૬૯૦૨ બાળકોને પોલિયો વિરોધી રસીના ટીપા પીવડાવવામાં આવશે. આ ભગીરથ કામગીરીમાં કુલ ૪૭૭૨ બુથ ઉપરના કર્મચારીઓ, ૨૫૬ સુપરવાઈઝરશ્રીઓ, ૨૯ મોબાઈલ ટીમ તેમજ ૩૦ ટ્રાન્ઝીટ ટીમ સેવાકીય ફરજો બજાવશે.

આથી ૦ થી ૫ વર્ષની વયના બાળકો જેઓએ અગાઉ રસી લીધેલ હોય કે બાળક બીમાર હોય તો પણ આપના વહાલ સોયા બાળકને તા. ૨૮ જુન ૨૦૨૬ ને રવિવાર ના રોજ નજીકના પોલીયો રસીકરણ બુથ ઉપર લઈ જઈ પોલીયો વિરોધી રસીના ટીપા અવશ્ય પીવડાવવા ખેડા જિલ્લાની જાહેર જનતાને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવે છે.

નોંધનીય છે, વર્ષ ૨૦૧૪ થી આપણા ભારત દેશે પોલિયો નાબુદી હાંસલ કરેલ છે. સને ૧૯૯૫ થી બાળ લકવા નાબુદી અભિયાન ચલાવવામાં આવે છે અને આ પોલિયો રસીકરણ કાર્યક્રમમાં જનતા જનાર્દનના સાથ - સહકાર તથા સહયોગથી વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા ભારત દેશ વર્ષ ૨૦૧૪ થી પોલિયો મુક્ત જાહેર થયેલ છે. તથા આપણા દેશમાં છેલ્લો પોલિયોનો કેસ વર્ષ ૨૦૧૧માં પશ્ચિમ બંગાળ રાજ્યમાં જોવા મળેલ હતો.

# ખેડા જિલ્લામાં 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત 16 ખેડૂત તાલીમ કાર્યક્રમો યોજાયા

**નડિયાદ, તા.17**

ખેડા જિલ્લાના મહુધા, કપડવંજ, ઠાસરા, કઠલાલ, માતર, નડિયાદ, વસો, મહેમદાવાદ, ખેડા અને ગલતેશ્વર તાલુકાના વિવિધ ગામોમાં તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગ અંગે વિશેષ જાગૃતિ અભિયાન તેમજ 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત ખેડૂત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાભરમાં કુલ ૧૬ તાલીમ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ૬૪૯ ખેડૂત અને પશુપાલક ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કૃષિ ક્ષેત્રની નવીન અને ટકાઉ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને 'આત્મા પ્રોજેક્ટ' (ATMA) તથા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા અમલમાં મૂકાતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, સહાય અને તાલીમ કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ખેડૂતોને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લઈ ખેતીને વધુ નફાકારક અને ટકાઉ બનાવવા માટે માર્ગદર્શન અપાયું હતું.

કાર્યક્રમ દરમિયાન કૃષિ નિષ્ણાતો દ્વારા જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે સમતોલ અને સંકલિત ખાતર વ્યવસ્થાપન તેમજ આધુનિક ટકાઉ કૃષિ પદ્ધતિઓ વિશે વિગતવાર અને મનનીય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, તેમજ કૃષિ ક્ષેત્રે ટેકનોલોજી અને સરકારી સહાયનો વ્યાપ વધારવાના હેતુથી ફાર્મર રજીસ્ટ્રેશન, પીએમ કિસાન ઈ-કેવાયસી (e-KYC), 'કૃષિ પ્રગતિ' એપ્લિકેશનના ઉપયોગ, પાક ઉત્પાદકતા વધારવા માટે એસ.આર.આર. (SRR) યોજના અને ખેતીવાડી ખાતાની વિવિધ કલ્યાણકારી તથા યોજનાકીય માહિતી વિશે માર્ગદર્શન પૂરું પાડીને ખેડૂતોને આ બધી જ સેવાઓનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી જેવી ઓછી ખર્ચાળ, પર્યાવરણમૈત્રી અને સ્વાસ્થ્યલક્ષી ખેતી પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જીવામૃત, ઘન જીવામૃત, ગૌમૂત્ર આધારિત કૃષિ પદ્ધતિઓ સહિતના પ્રાકૃતિક વિકલ્પોની ઉપયોગિતા અંગે માહિતી આપવામાં આવી હતી.

તાલીમ કાર્યક્રમોમાં જણાવાયું હતું કે પ્રાકૃતિક ખેતીના વ્યાપક અમલથી જમીનની ફળદ્રુપતા લાંબા ગાળે જળવાઈ રહે છે, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે અને માનવ સ્વાસ્થ્ય માટે સુરક્ષિત કૃષિ ઉત્પાદન પ્રાપ્ત થાય છે.

# અમદાવાદ મંડળે ઓએચઈની દેખરેખ માટે ડ્રોન ટેકનોલોજી અપનાવી, સુરક્ષાને મળશે નવી મજબૂતી

**AI-સક્ષમ હવાઈ નિરીક્ષણથી અવરોધ ઊભો કર્યા વિના ઓએચઈ OHE ની ગંભીર ખામીઓ શોધવામાં સફળતા, જાળવણી વધુ અસરકારક બનશે**

**અમદાવાદ, તા.17**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએચઈ) ની તપાસ માટે ડ્રોનથી હવાઈ નિરીક્ષણનું સફળ પરીક્ષણ કર્યું છે. ભારતીય રેલવેમાં નવી ટેકનોલોજી દ્વારા સુરક્ષિત જાળવણીની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. રેલવે બોર્ડ દ્વારા એપ્રિલ 2026માં RDSO ના નિર્દેશ ક્રમાંક TI/IN/0060 ને મંજૂરી મળ્યા બાદ પશ્ચિમ રેલવે આ ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરનાર અગ્રણી ઝોનોમાં સામેલ થયું છે. 8 જૂન 2026ના રોજ કરવામાં આવેલા આ પરીક્ષણથી પરંપરાગત મેન્યુઅલ તપાસને બદલે આધુનિક અને વધુ સુરક્ષિત વ્યવસ્થાની દિશામાં આગળ વધવાનો માર્ગ ખુલ્યો છે.



ડ્રોન દ્વારા ઓએચઈનું હવાઈ નિરીક્ષણ, ડીજીસીએના ધોરણો અનુસાર હાઈ-રિઝોલ્યુશન કેમેરા અને જિયો-ટેગિંગ સુવિધા ધરાવતા ડ્રોનની મદદથી અમદાવાદ મંડળની ટીમે માસ્ટ સંખ્યા 493-494 વચ્ચે ઓએચઈ સંરચનાઓનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન મળી આવેલી દરેક ખામીના ફોટોગ્રાફ લેવામાં આવ્યા, તેને જીપીએસ લોકેશન સાથે દાખલ કરવામાં આવ્યા અને તેની ગંભીરતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આથી જરૂરી મરામતના કામોને પ્રાથમિકતા આધારે હાથ ધરવા સરળ બનશે.

આ નિરીક્ષણ આરડીએસઓ દ્વારા જારી કરાયેલી નવા દિશા-નિર્દેશ (TI/IN/0060) મુજબ કરવામાં આવ્યું હતું.આ દિશા-નિર્દેશમાં ડીજીસીએ માન્યતા પ્રાપ્ત ડ્રોન, જીપીએસ/જીએનએસએસ , જિયો-ટેગ્ડ તસવીરો અને થર્મલ સ્કેનિંગ જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સમયસર મળી અનેક ગંભીર ખામીઓ

પરીક્ષણ દરમિયાન વિવિધ પ્રકારની ખામીઓ સામે આવી હતી. તેમાં ઈન્સ્યુલેટર પર ફ્લેશ માર્ક, કેન્ટીલીવર પર લટકતી બાહ્ય સામગ્રી, પોર્ટલ સંરચનાઓ અને કેન્ટીલીવર પર પક્ષીઓના માળા તેમજ ત્યાં બેસેલા પક્ષીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, કેટનરી સ્ટ્રેન્ડમાં થયેલા નુકસાન જેવી ગંભીર ખામીઓ પણ મળી આવી, જેને સામાન્ય નિરીક્ષણ દરમિયાન ઓળખવી મુશ્કેલ હોય છે.

ડ્રોન દ્વારા લેવામાં આવેલી સ્પષ્ટ અને જિયો-ટેગ્ડ તસવીરોની મદદથી આ ખામીઓનું ચોક્કસ સ્થાન જાણી શકાયું. પરિણામે સમયસર સમારકામ કરીને ભવિષ્યમાં ઓએચઈ ટ્રિપિંગ, વીજ પુરવઠામાં વિક્ષેપ અને અન્ય કામગીરી સંબંધિત સમસ્યાઓને અટકાવી શકાય છે.

25 કેવી એસી વીજ પુરવઠો આપતી ઓએચઈ પ્રણાલી ભારતીય રેલવેના વિદ્યુતીકૃત નેટવર્કનો અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે. ઈન્સ્યુલેટર, કન્ડક્ટર, ક્લેમ્પ અથવા અન્ય ઉપકરણોમાં ખામી સર્જાય તો ટ્રેન સંચાલન પ્રભાવિત થઈ શકે છે.

# ગોતામાં મહિલા પર પરિચિત શખ્સનો છરીથી હુમલો.....

**પતિ સાથેની ગેરસમજનો લાભ ઉઠાવી હોટલ રોકાવાની વ્યવસ્થા કરી અશ્લીલ માંગણી કરતા ચકચાર**

**અમદાવાદ, તા.17**

ગોતા વિસ્તારમાં રહેતી એક મહિલા પર પારિવારિક સંબંધ ધરાવતા વ્યક્તિની નિયત ખરાબ થતા તેના પર હુમલો કર્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. મહિલાના પતિ સાથે થયેલી ગેરસમજનો લાભ ઉઠાવી આરોપીએ તેને હોટલમાં રોકાવાની વ્યવસ્થા કરી આપી હતી. હોટેલમાં આરોપીની નિયત બદલાઈ ગઈ હતી. અને મહિલા પાસે અશ્લીલ માંગણી કરી હતી. જો કે મહિલાએ ઈનકાર કરતા આરોપીએ હુમલો કરતા મહિલાએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.




ગોતામાં રહેતી મહિલાએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, 12 જૂનના રોજ તે પોતાની માતાના ઘરે એકલી હતી. ત્યારે પારિવારિક સંબંધ ધરાવતા નિતેષ રાણા ત્યાં આવ્યો હતો. આ દરમિયાન મહિલાનો પતિ રાહુલ અચાનક ત્યાં પહોંચી જતા ગેરસમજ ઊભી થઈ હતી અને તેણે પત્નીને પોતાના ઘરે પરત આવવાની ના પાડી દીધી હતી.

આ પરિસ્થિતિનો લાભ ઉઠાવી નિતેષે મહિલાને અન્યત્ર રોકાઈ જવાની સલાહ આપી હતી. વિશ્વાસમાં લઈને તેણે મહિલાને આવકાર નામની હોટલમાં રોકાવાની વ્યવસ્થા કરી આપી હતી. જોકે, હોટલમાં પહોંચ્યા બાદ નિતેષની નિયત ખરાબ થઈ હતી અને તેણે મહિલા પર શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કર્યું હતું. મહિલાએ સ્પષ્ટ ઈનકાર કરતાં નિતેષ ઉશ્કેરાઈ ગયો હતો અને તેની સાથે ગાળાગાળી શરૂ કરી હતી.

પરિસ્થિતિ ગંભીર બનતા મહિલાએ નિતેષની પત્નીને ફોન કરીને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. આ વાતથી નિતેશ વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની પાસે રહેલી છરી વડે મહિલાના પગમાં ઘા મારી દીધો હતો. બાદમાં નિતેષની પત્ની ઘટના સ્થળે પહોંચી હતી અને ઘાયલ મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી. સમગ્ર મામલે મહિલાએ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દેવગઢ બારીઆ નગર ખાતે યોજાઈ ભાજપા પ્રશિક્ષણ વર્ગ ની બેઠક

આજરોજ ભારતીય જનતા પાર્ટી ની આગામી સમયમાં યોજાનાર પ્રશિક્ષણ વર્ગના માર્ગદર્શન માટેની અગત્યની કાર્યશાળા દાહોદ જિલ્લા ના ઝોન મહામંત્રી શ્રી મુકેશભાઈ લબાના સાહેબ ના અધ્યક્ષસ્થાને તથા દેવગઢ બારીઆ શહેર ના પ્રભારી શ્રી દેવીદાસભાઈ ખત્રી સાહેબ,દેવગઢ બારીઆ તાલુકા પ્રભારી શ્રી રાકેશભાઈ માળી સાહેબ,દેવગઢ બારીઆ શહેર પ્રમુખ શ્રી અક્ષયભાઈ ભગતાણી તથા શહેર ના પૂર્વ પ્રમુખ શ્રી નિમેષભાઈ જોષી સાહેબ ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાઈ જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા

## ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો મહારોમાંચ

# નેપાળ-નેધરલેન્ડ્સ મેચમાં સર્જાયો વર્લ્ડ રેકોર્ડ, એક-બે નહીં પણ 3-3 સુપર ઓવર રમાઈ....!

નવી દિલ્હી, તા.17

કોઈપણ ક્રિકેટ ચાહક માટે મેચ ટાઈ થવી અને ત્યારબાદ વિજેતા નક્કી કરવા માટે 'સુપર ઓવર' રમાવી એ સોનામાં સુગંધ ભળવા સમાન હોય છે. જો ક્રિકેટપ્રેમીઓને કોઈ મેચમાં સુપર ઓવર જોવા મળે, તો જાણે તેમને દિવાળીનું બોનસ મળી ગયું હોય તેવો આનંદ થાય છે. જોકે જરા વિચારો કે, જો કોઈ એક જ મેચમાં એક કે બે નહીં, પરંતુ સળંગ 3 વખત સુપર ઓવર જોવાનો મોકો મળે તો તેને શું કહેશો? આ અદ્ભુત, અકલ્પનીય અને અવિશ્વસનીય ઘટના પુરુષોના વ્યાવસાયિક ક્રિકેટના ઈતિહાસમાં પ્રથમ વખત વાસ્તવિકતા બની છે, જ્યાં એક જ મેચનું પરિણામ લાવવા માટે ત્રણ-ત્રણ સુપર ઓવરનો આશરો લેવો પડ્યો હતો.




વાસ્તવમાં, સ્કોટલેન્ડના ગ્લાસ્ગોમાં નેપાળ અને નેધરલેન્ડ્સ વચ્ચે T20 ટ્રાઈ સિરીઝનો એક અત્યંત રોમાંચક મુકાબલો ખેલાયો હતો. આ રોમાંચક મેચ નિર્ધારિત 20 ઓવરમાં ટાઈ પર સમાપ્ત થઈ હતી. ત્યારબાદ વિજેતા નક્કી કરવા માટે પ્રથમ સુપર ઓવર રમાડવામાં આવી, પરંતુ આશ્ચર્યની વાત એ રહી કે આ સુપર ઓવર પણ ટાઈ થઈ. આવી સ્થિતિમાં નિયમ મુજબ બંને ટીમો વચ્ચે બીજી સુપર ઓવર રમાડવામાં આવી. ક્રિકેટ જગત ત્યારે સ્તબ્ધ થઈ ગયું જ્યારે બીજી સુપર ઓવરનું પરિણામ પણ ટાઈ આવ્યું! આંતરરાષ્ટ્રીય પુરુષ ક્રિકેટના ઈતિહાસમાં આજ સુધી ક્યારેય બીજી સુપર ઓવર ટાઈ થઈ નહોતી. આ અભૂતપૂર્વ સ્થિતિ બાદ ત્રીજી સુપર ઓવર રમાડવી પડી, જેમાં આખરે મેચનું પરિણામ આવી શક્યું હતું.

મુખ્ય મેચ: આ મુકાબલામાં નેધરલેન્ડ્સે પ્રથમ બેટિંગ કરતા 7 વિકેટના નુકસાને 152 રન બનાવ્યા હતા. તેના જવાબમાં અદભુત લડત આપતા નેપાળની ટીમે પણ 8 વિકેટ ગુમાવીને બરાબર 152 રન જ બનાવ્યા અને મેચ ટાઈ થઈ.

પ્રથમ સુપર ઓવર: નેપાળે પહેલા બેટિંગ કરીને 1 વિકેટના ભોગે 19 રન બનાવ્યા. જવાબમાં નેધરલેન્ડ્સે પણ કોઈ વિકેટ ગુમાવ્યા વિના બરાબર 19 રન ફટકારી દીધા. (સુપર ઓવર ટાઈ)

બીજી સુપર ઓવર: આ વખતે નેધરલેન્ડ્સે પ્રથમ બેટિંગ કરી 1 વિકેટ ગુમાવીને 17 રન બનાવ્યા. નેપાળની ટીમે વળતો પ્રહાર કરીને કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના બરાબર 17 રન બનાવી દીધા અને બીજી સુપર ઓવર પણ ટાઈ કરી દીધી!

સતત બે સુપર ઓવર ટાઈ થયા બાદ ત્રીજી સુપર ઓવર શરૂ થઈ, જેમાં નેપાળની ટીમ પ્રથમ બેટિંગ કરવા મેદાને ઉતરી હતી. પરંતુ અહીં નેપાળનું નસીબ રૂઠ્યું હોય તેમ, ટીમે પ્રથમ ચાર બોલમાં જ પોતાની બંને વિકેટ ગુમાવી દીધી અને ટીમ ખાતું પણ ખોલાવી શકી નહીં (0 રન).

હવે નેધરલેન્ડ્સને જીતવા માટે માત્ર 1 રનની જરૂર હતી. આ સમયે ક્રિકેટના મેદાન પર વધુ એક અજીબોગરીબ નજારો જોવા મળ્યો. નેધરલેન્ડ્સના બેટ્સમેનોએ બેટથી એક પણ રન બનાવવો ન પડ્યો, કારણ કે નેપાળના બોલરે પ્રેશરમાં આવીને નો-બોલ ફેંક્યો હતો. આ નો-બોલ પર નેધરલેન્ડ્સના બેટ્સમેનોએ બાય તરીકે દોડીને 2 રન પણ લઈ લીધા હતા.

આમ, નેધરલેન્ડ્સે બેટિંગમાં સત્તાવાર એક પણ રન બનાવ્યા વિના જ આ ઐતિહાસિક મેચ પોતાના નામે કરી લીધી અને નેપાળને ભારે સંઘર્ષ છતાં અંતે હારનો સામનો કરવો પડ્યો. ભલે નેપાળ આ મેચ હારી ગયું, પરંતુ 3-3 સુપર ઓવરનો આ મહામુકાબલો હંમેશા માટે ક્રિકેટના ઈતિહાસના પાનાઓમાં સુવર્ણ અક્ષરે વર્લ્ડ રેકોર્ડ તરીકે નોંધાઈ ગયો છે.

# વૈભવ સૂર્યવંશી અંગે મેદાનમાં ફરી ડ્રામા, કેચ પર હોબાળો, ત્રિકોણીય શ્રેણીમાં વધુ એક 'ફ્લોપ' ઈનિંગ

નવી દિલ્હી, તા.17

ઈન્ડિયા એ અને અફઘાનિસ્તાન એ વચ્ચે રમાઈ રહેલી ટ્રાઈ-સિરીઝની પાંચમી મેચની શરૂઆતમાં જ એક મોટો વિવાદ સામે આવ્યો છે. ટૉસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની ઈનિંગની બીજી જ ઓવરમાં અમ્પાયરના એક નિર્ણયે મેદાન પર તણાવભરી સ્થિતિ સર્જી દીધી હતી. અફઘાનિસ્તાનના ફિલ્ડર દ્વારા વૈભવ સૂર્યવંશીના પકડાયેલા એક શાનદાર કેચને જ્યારે થર્ડ અમ્પાયરે 'નોટ આઉટ' જાહેર કર્યો, ત્યારે અફઘાન ખેલાડીઓ દંગ રહી ગયા હતા અને તેમણે ગ્રાઉન્ડ પર જ અમ્પાયર્સ સાથે તીખી ચર્ચા શરૂ કરી દીધી હતી. આ સમગ્ર ઘટના ભારતીય ઈનિંગની 1.3 ઓવરમાં બની હતી. અફઘાનિસ્તાનના બોલર શમ્સ ઉર રહેમાનના દડા પર ભારતીય ઓપનર વૈભવ સૂર્યવંશીએ પોઈન્ટની દિશામાં હવામાં કટ શોટ રમ્યો હતો. ત્યાં તહેનાત અફઘાન ફિલ્ડર ફરીદૂને ડાબી બાજુ અદભુત ડાઈવ લગાવીને એક હાથે અત્યંત મુશ્કેલ અને શાનદાર કેચ ઝડપી લીધો હતો.




મેદાન પર હાજર તમામ લોકોને લાગ્યું કે આ એકદમ ક્લીન કેચ હતો. જોકે, મેદાન પરના અમ્પાયરોએ ચોકસાઈ કરવા માટે આ નિર્ણય થર્ડ અમ્પાયરને સોંપ્યો હતો. રીપ્લેના એક ફ્રેમમાં જોવા મળ્યું કે જ્યારે ફિલ્ડર ફરીદૂન જમીન પર પડ્યો, ત્યારે દડાનો અમુક હિસ્સો ઘાસને અડી રહ્યો હતો. બસ, આ જ બાબતને આધાર બનાવીને થર્ડ અમ્પાયરે વૈભવ સૂર્યવંશીને 'નોટ આઉટ' આપ્યો હતો, જેની સામે અફઘાનિસ્તાનની ટીમે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

મેદાન પર આ પ્રકારનો તણાવ ભારતીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી માટે નવો નથી. આ જ ટ્રાઈ-સિરીઝની અગાઉની મેચમાં શ્રીલંકા એ સામે રમાયેલા મુકાબલા દરમિયાન પણ વૈભવ વિવાદોમાં આવ્યો હતો. તે મેચે પણ ભારે હેડલાઈન્સ મેળવી હતી જ્યારે વૈભવની શ્રીલંકાના ખેલાડીઓ સાથે તીખી નોકઝોક અને લડાઈ થઈ ગઈ હતી. હવે સતત બીજી મેચમાં વૈભવ ક્રિઝ પર હોય તે જ ઓવરમાં વિવાદ થતાં તે ફરી ચર્ચાનો વિષય બન્યો છે. આ વિવાદાસ્પદ નિર્ણયના કારણે વૈભવ સૂર્યવંશીને એક મોટું જીવનદાન મળ્યું તેમ છતાં તે તેનો લાભ ઊઠાવવામાં નિષ્ફળ રહ્યો અને 38 રન કરીને આઉટ થઈ ગયો હતો. વૈભવ સૂર્યવંશી આ ત્રિકોણીય શ્રેણીમાં કોઈ ખાસ રંગ બતાવી શક્યો નથી. મેદાન પરના આ ડ્રામા બાદ સોશિયલ મીડિયા પર પણ ક્રિકેટ ફેન્સ વચ્ચે આ કેચને લઈને જોરદાર ચર્ચા અને દલીલો શરૂ થઈ ગઈ છે.

# બ્રાઝિલના ફેન્સને મોટો ઝટકો: નેયમાર ઈજાને કારણે ફીફા વર્લ્ડ કપના સમગ્ર ગ્રૂપ સ્ટેજમાંથી થઈ શકે છે બહાર

નવી દિલ્હી, તા.17

ફિફા વર્લ્ડ કપ 2026ની ધમાકેદાર શરૂઆત વચ્ચે બ્રાઝિલના ફૂટબોલ ચાહકો માટે એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. બ્રાઝિલના સ્ટાર ફૂટબોલર નેયમાર જુનિયરની ઈજાને લઈને મોટું અપડેટ આવ્યું છે. લેટેસ્ટ મેડિકલ રિપોર્ટ્સ અને તપાસ બાદ એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, નેયમાર 2026 ફિફા વર્લ્ડ કપના સમગ્ર ગ્રૂપ સ્ટેજમાંથી બહાર થઈ શકે છે. ઈજાના કારણે જ નેયમાર બ્રાઝિલની ટૂર્નામેન્ટની પ્રથમ મેચ પણ રમી શક્યો નહોતો.



વાસ્તવમાં, નેયમારને મે 2026માં ગ્રેડ-2 કાફ સ્ટ્રેનની ઈજા થઈ હતી. આ ગંભીર ઈજાના કારણે તે હાલમાં બ્રાઝિલ ટીમના નિયમિત ટ્રેઈનિંગ સેશનમાં પણ સામેલ થઈ શક્યો નથી. તેને જમણા પગની આ ઈજામાંથી સાજા થવામાં અપેક્ષા કરતાં ઘણો વધુ સમય લાગી રહ્યો છે, જેના કારણે તેની ફિટનેસને લઈને હજુ પણ અનિશ્ચિતતા યથાવત છે.

બ્રાઝિલના મુખ્ય કોચ કાર્લો એન્સેલોટી અને ટીમ મેનેજમેન્ટ નેયમારની ઈજા પર સતત નજર રાખી રહ્યા છે. ટીમ ઈચ્છે છે કે નેયમાર ઉતાવળ કરવાના બદલે સંપૂર્ણપણે ફિટ થયા બાદ જ મેદાનમાં પરત ફરે, જેથી ટીમ જ્યારે નોકઆઉટ તબક્કામાં પહોંચે ત્યારે તેઓ પૂરી તાકાત સાથે રમી શકે. આ ગણતરીના ભાગરૂપે જ આગામી મેચોમાં તેને આરામ આપવામાં આવી શકે છે. નેયમાર બ્રાઝિલની મોરક્કો સામેની શરૂઆતની ઓપનિંગ મેચમાં પણ રમી શક્યો નહોતો. હવે જો તેની રિકવરી અપેક્ષા મુજબ નહીં થાય, તો તે આગામી 20 જૂને હૈતી અને 25 જૂને સ્કોટલેન્ડ સામે રમાનારી ગ્રૂપ સ્ટેજની બંને મહત્ત્વની મેચો પણ ગુમાવશે. સમગ્ર વિશ્વના ફૂટબોલ ચાહકો નેયમારની જાદુઈ વાપસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# ફીફા વર્લ્ડ કપ 2026: અલ્જીરિયાને 3-0થી કચડી આર્જેન્ટિનાએ તોડ્યો 44 વર્ષ જૂનો સિલસિલો

નવી દિલ્હી, તા.17

આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સીએ ફીફા વર્લ્ડ કપ 2026માં પગ મૂકતાની સાથે જ એક નવો ઈતિહાસ રચી દીધો છે. ગ્રુપ Jના પોતાના પ્રથમ મુકાબલામાં આર્જેન્ટિનાએ અલ્જીરિયાને 3-0થી કારમો પરાજય આપીને પોતાના ખિતાબ બચાવવાના અભિયાનની શાનદાર શરૂઆત કરી છે. આ ધમાકેદાર જીતના એકમાત્ર મહાનાયક કેપ્ટન લિયોનેલ મેસ્સી રહ્યા હતા, જેમણે પોતાની 200મી આંતરરાષ્ટ્રીય મેચ અને રેકોર્ડ 6ઠ્ઠા વર્લ્ડ કપમાં અદ્ભુત હેટ્રિક ફટકારીને વર્લ્ડ રેકોર્ડ્સની ઝડી લગાવી દીધી છે. કેનસસ સિટીના એરોહેડ સ્ટેડિયમ ખાતે 69,045 દર્શકોની હાજરીમાં રમાયેલા આ મેચમાં 38 વર્ષીય સુપરસ્ટારે એવું જાદુઈ પ્રદર્શન કર્યું, જેને ફૂટબોલ પ્રેમીઓ લાંબા સમય સુધી યાદ રાખશે. મેચની શરૂઆત વિશ્વ ચેમ્પિયન આર્જેન્ટિના માટે સરળ રહી નહોતી. મેચની 5મી મિનિટે જ મેસ્સીએ બોલને ગોલપોસ્ટમાં પહોંચાડી દીધો હતો, પરંતુ બિલ્ડ-અપ દરમિયાન ઑફસાઈડ હોવાને કારણે રેફરીએ ગોલ રદ કર્યો હતો. તેના થોડા જ સમય બાદ અલ્જીરિયાના ફાર્સ ચાબીએ પણ ગોલ કરીને ઉજવણી શરૂ કરી દીધી હતી, પરંતુ અહીં પણ VAR (વીડિયો આસિસ્ટન્ટ રેફરી)એ તેને ઑફસાઈડ જાહેર કરતા ગોલ અમાન્ય રહ્યો હતો.



શરૂઆતની 15 મિનિટ સુધી અલ્જીરિયાએ વિશ્વ ચેમ્પિયન ટીમને ખુલ્લો પડકાર આપ્યો હતો અને બોલ પર સારું નિયંત્રણ જાળવી રાખ્યું હતું, પરંતુ ત્યારબાદ મેસ્સીનો અસલી ક્લાસ જોવા મળ્યો હતો. મેચની 17મી મિનિટે રોડ્રિગો ડી પોલે એક શાનદાર થ્રૂ-બોલ પાસ આપ્યો. મેસ્સીએ ડિફેન્ડરોના ભારે દબાણ વચ્ચે પણ બોલ પર અદભૂત નિયંત્રણ મેળવીને તેને ટોપ કોર્નરમાં ધકેલી દીધો, જેનો અલ્જીરિયાના ગોલકીપર લુકા જિદાન પાસે કોઈ જવાબ નહોતો. આ ગોલ અનેક રીતે ખાસ હતો. બરાબર 20 વર્ષ પહેલાં, 16 જૂન 2006ના રોજ મેસ્સીએ સર્બિયા અને મોન્ટેનેગ્રો સામે પોતાનો પ્રથમ વર્લ્ડ કપ ગોલ કર્યો હતો અને હવે 16 જૂન 2026ના રોજ જ તેમણે ફરી એક ઐતિહાસિક અધ્યાય લખી દીધો. આ સાથે જ મેસ્સી પુરુષ ફૂટબોલમાં 5 અલગ-અલગ વર્લ્ડ કપમાં ગોલ કરનાર વિશ્વના માત્ર બીજા ખેલાડી બન્યા છે.

# સોનુ નિગમને ગંભીર બીમારી થવા છતાં શૉ કેન્સલ ના કર્યો, કહ્યું - ખૂબ જ પીડા થાય છે...

મુંબઈ, તા.17

બોલિવૂડના ફેમસ સિંગર સોનુ નિગમે એક ચોંકાવનારો વીડિયો શેર કર્યો છે. સિંગરે ખુલાસો કર્યો કે, હું એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરી રહ્યો છું. અસહ્ય દુઃખાવામાં હોવા છતાં તે પોતાની પ્રોફેશનલ કમિટમેન્ટ્સ નથી ભૂલ્યો. આવો જાણીએ સોનુ નિગમને શું થયું છે અને હાલ તેમની હેલ્થ કેવી છે.

સોનુ નિગમે તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને મુંબઈમાં યોજાનારા લાઈવ પરફોર્મન્સ પહેલા પોતાની તબિયત અંગે વાત કરી હતી. તેણે જણાવ્યું કે, 'હું પિન્ચ્ડ નર્વ (દબાયેલી નસ)ની સમસ્યાથી પીડાઈ રહ્યો છું. હું છેલ્લા એક અઠવાડિયાથી આ સમસ્યાને સમજવા માટે અનેક મેડિકલ ટેસ્ટ કરાવી રહ્યો છું.'



પોતાની હેલ્થ વિશે વાત કરતા સિંગરે કહ્યું કે, મારી નસ દબાઈ ગઈ છે. હું એક અઠવાડિયાથી MRI અને CT સ્કેન કરાવી રહ્યો છું અને ઘણી બધી દવાઓ લઈ રહ્યો છું. સિંગરે સારવાર દરમિયાન થતા અસહ્ય દુઃખાવા વિશે પણ જણાવ્યું. સોનુ નિગમના જણાવ્યા પ્રમાણે તેમના ફિઝિયોથેરાપી સેશન્સ ખૂબ જ પીડાદાયક રહ્યા છે અને હાલ તે આ દુઃખાવામાંથી રાહત મેળવવા માટે પેઈન કિલર્સ લઈ રહ્યો છે.

તેમણે કહ્યું કે, ફિઝિયોથેરાપી ખૂબ જ પીડાદાયક હતી. હું અત્યારે દુઃખાવાની દવાઓ લઈ રહ્યો છું, જેના કારણે મારો અવાજ પણ થોડો ભારે થઈ ગયો છે. અસહ્ય દુખાવામાં હોવા છતાં સોનુ નિગમે સ્પષ્ટ કર્યું કે મારો આગામી કૉન્સર્ટ રદ કરવાનો કોઈ ઈરાદો નથી. હું ઘણા સમય પછી સ્ટેજ પર પર્ફોર્મ કરવા જઈ રહ્યા છું અને કોઈ પણ સંજોગોમાં પર્ફોર્મ કરીશ જ. તેમણે એ પણ જણાવ્યું કે સ્નાયુઓને આરામ આપવા માટે (મસલ રિલેક્સન્ટ) જે દવા આપવામાં આવી છે, તેના કારણે મારા ગળા પર પણ અસર થઈ છે. એક સિંગર માટે લાઈવ શૉ પહેલા અવાજમાં ભારેપણાની સમસ્યા આવવી એ ચિંતાજનક બાબત છે.

સોનુ નિગમે ચાહકોને ખાતરી આપી કે ભલે ગમે તે થાય, હું પરફોર્મ કરવાનું ચાલુ રાખીશ. સોનુ નિગમનો વીડિયો જોયા બાદ ચાહકો તેના જલદીથી સાજા થવાની પ્રાર્થના કરી રહ્યા છે. ચાહકો તેને પરફોર્મ કરવા માટે હિંમત આપી રહ્યા છે.

# અરબાઝ ખાનની કારમાં અજાણ્યો શખ્સ પરાણે બેસી ગયો

મુંબઈ, તા.17

સલમાન ખાનના ભાઈ અને અભિનેતા અરબાઝ ખાન સાથે એક આંચકાજનક ઘટના બની હતી. કોલકતા ખાતે એક કાર્યક્રમ પછી અરબાઝ સ્થળમાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે એક અજાણ્યો શખ્સ અચાનક તેની કારમાં બળજબરીપૂર્વક બેસી ગયો.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જણાય છે કે અરબાઝ ચુસ્ત સુરક્ષા વચ્ચે પોતાની કાર તરફ જઈ રહ્યો હતો ત્યારે એક અજાણ્યો વ્યક્તિ કારની અંદર બેઠેલો જણાયો હતો.

સુરક્ષા કર્મીઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને આ વ્યક્તિને કારની બહાર ઘસડીને કાઢ્યો અને પરિસ્થિતિ વણસે તે પહેલા તેને નિયંત્રણમાં લઈ લીધો. અચાનક મચેલી અફરાતફરીથી અરબાઝ સ્પષ્ટ રીતે હતપ્રભ થઈ ગયો હતો.



અરબાઝ ખાનના ભાઈ સલમાન ખાનને વારંવાર બિશ્નોઈ ગેન્ગની ધમકી મળતી હોવાથી આ ઘટનાએ વ્યાપક ચિંતા ફેલાવી છે. આ સંદર્ભમાં આ ઘટનાને માત્ર સુરક્ષા ચૂક તરીકે જોવાની બદલે સખત જાહેર પ્રસંગોએ સેલિબ્રિટીઓની સલામતીના પગલાને સખત બનાવવાની જરૂર વિશે ચર્ચા થઈ રહી છે.

# ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વોર' પૂર્ણ થવાને આરે

■ ભણસાલીએ સેટની ગોપનીયતા જાળવી રાખવા પાંચસો કરાર કર્યા



મુંબઈ, તા.17

સંજય લીલા ભણસાલીની રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ અભિનિત અતિ અપેક્ષિત પીરિયડ ફિલ્મ 'લવ એન્ડ વોર' નિર્માણના અંતિમ તબક્કામાં દાખલ થઈ છે. ત્રણેય મુખ્ય કલાકારો ૧૮ જૂને ફિલ્મના સૌથી ભવ્ય સીક્વન્સ, રોયલ પામ્સ ખાતે ભવ્ય ગીતના સેટ પર એકત્ર થશે. મૂળ આઠમી જૂને નિર્ધારીત શૂટમાં કોરીયોગ્રાફી, કોસ્ચ્યુમ અને વિસ્તૃત પ્રોડક્શન ડીઝાઈનને સમાવિષ્ટ કરતી વ્યાપક તૈયારીને કારણે વિલંબ થયો છે. વિશાળ સ્તરે ડીઝાઈન થયેલા આ ગીતના દ્રશ્યમાં ભણસાલીની શૈલી મુજબની ભવ્યતા હશે તેવો દાવો કરાયો છે. પ્રોજેક્ટ ફરતે ગોપનીયતા જાળવી રાખવા સર્જકોએ ગુપ્તતા જાળવવાના સખત પગલા લીધા છે. જેમાં સેટ પરથી માહિતી બહાર જતી રોકવા પાંચસોથી વધુ કરારો પર સહી કરવામાં આવી છે. શૂટિંગમાં વિલંબના કારણે ફિલ્મની રીલિઝ વારંવાર ઠેલાતી રહી છે. હવે લેટેસ્ટ જાહેરાત મુજબ ફિલ્મ ૨૦૨૭ની શરુઆતમાં રીલિઝ કરાશે.

# આલિયાની 'કલ્કી 2898'માં એન્ટ્રીની અફવા યથાવત્

## સીક્વલમાંથી દીપિકાની છુટ્ટી કરી દેવાયા પછી સાઈ પલ્લવીનું નામ ચર્ચાયું હતું

મુંબઈ, તા.17

'કલ્કી ૨૮૯૮ એડી'ની સીક્વલમાં આલિયા ભટ્ટે ફિલ્મની કાસ્ટ સાથે જોડાઈને હૈદરાબાદમાં કેટલાક દ્રશ્યોનું શૂટિંગ કર્યાનો દાવો સોશિયલ મીડિયામાં કરાયા પછી ફિલ્મમાં તેના કાસ્ટિંગની અફવા વધુ તીવ્ર બની હતી. કેટલીક અફવાઓમાં એવું જણાવાયું હતું કે તે સુમથી તરીકે દીપિકાનું સ્થાન લશે જ્યારે અન્ય અફવાઓ અનુસાર આલિયા માટે નવું જ પાત્ર રચાયું છે. ખાસ કરીને સાઈ પલ્લવી સાથે આલિયાને પડદા પર સાથે જોવાની બાબતે ચાહકોએ ઓનલાઈન ઉત્સુક્ત વ્યક્ત કરી હતી. જો કે પ્રોજેક્ટના પ્રવક્તાએ ફિલ્મમાં આલિયાએ શૂટિંગ શરૂ કર્યું હોવાના અહેવાલ નકારી દીધા હતા અને જણાવ્યું કે આલિયાના કાસ્ટિંગ વિશે કોઈ સત્તાવાર સ્પષ્ટતા નથી થઈ. તેમણે આ અફવાઓ માટે સોશિયલ મીડિયાને જવાબદાર ઠેરવ્યું હતું.



ઉલ્લેખનીય છે કે ૨૦૨૫માં સીક્વલમાંથી દીપિકા પાદુકોણેની છુટ્ટી કરાઈ હોવાની પુષ્ટી પછી અનિશ્ચિતતા પ્રવર્તતી રહી છે. અગાઉના અહેવાલો અનુસાર દીપિકાની જગ્યાએ સાઈ પલ્લવીનું નામ નક્કી કરાયું હતું. જો કે, એ દાવાની પણ પુષ્ટી નહોતી થઈ. દરમ્યાન અમિતાભ બચ્ચન અને કમાલ હસન શૂટમાં જોડાઈ ચૂક્યાછે જ્યારે પ્રભાસ હજી સુધી આ ફિલ્મના શૂટમાં સામેલ થયો નથી.

# ગોવિંદ નામદેવના દાવાથી કાલા હિરનનો વિવાદ વધુ વકર્યો.....

## નિર્માતાએ નામદેવને માફી અને વળતરની માગણી કરતી કાનૂની નોટિસ ફટકારી

મુંબઈ, તા.17

સલમાન ખાન સાથે સંકળાયેલા ૧૯૯૮ના કાળા હરણના શિકારના કેસથી પ્રેરિત હોવાનું મનાતી ફિલ્મ 'કાલા હિરન' ફરતેનો વિવાદ વધી ગયો છે. નિર્માતા અમિત જાનીએ અગ્રણી કલાકાર ગોવિંદ નામદેવને કાનૂની ચેતવણી જારી કરી છે.

નામદેવે તાજેતરમાં તેને પ્રોજેક્ટમાં ગેરમાર્ગે દોરવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. નામદેવે કહ્યું હતું કે ફિલ્મનું મૂળ નામ 'સંભલ' હતું અને વાર્તાને પછી ફેરવી નાખવામાં આવશે તેવી તેને જાણ નહોતી.

ગોવિંદ નામદેવના આરોપના પ્રતિસાદમાં અમિત જાનીએ તેને નોટિસ આપીને સાત દિવસમાં માફી માગવાની તેમજ પચાસ લાખનું વળતર આપવાની માગણી કરી છે. નિર્માતાએ જણાવ્યું કે નામદેવે કાલા હિરનમાં તેમજ તેની સીક્વલમાં પણ પૂરતી જાણકારી સાથે કામ કરવાનું નક્કી કર્યું હતું.



ફિલ્મ હાઈ પ્રોફાઈલ કાળા હરણ કેસ સાથે સંકળાયેલી હોવાનું માનવામાં આવતા પહેલેથી વિવાદમાં ઘેરાયેલી છે. ફિલ્મમાં સલમાન ખાનના નામનો ઉલ્લેખ નથી પણ તેના અને ટીઝરમાં દર્શાવવામાં આવેલા કલાકાર આયાન ખાન વચ્ચે ઘણુ સામ્ય છે. દરમ્યાન સલમાન ખાને દિલ્હી હાઈ કોર્ટમાં ફિલ્મ પર સ્ટે મુકવાની માગણી કરી છે જેની સુનાવણી ૧૯ જૂને થવાની છે.

# ચાંદી ₹744 ઘટીને ₹2.48 લાખ પર આવી: 10 ગ્રામ સોનું ₹558 સસ્તું થઈને ₹1.50 લાખનું થયું

નવી દિલ્હી, તા.17



સોના અને ચાંદીના સ્થાનિક બજારમાં આજે એટલે કે ૧૭ જૂનના રોજ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જેના કારણે કિંમતી ધાતુઓની ખરીદી કરનારાઓને થોડી રાહત મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, ઔદ્યોગિક માગમાં નબળાઈને કારણે એક કિલોગ્રામ ચાંદીના ભાવમાં ૭૪૪ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, જેથી તેની કિંમત હવે ઘટીને ૨.૪૮ લાખ રૂપિયાના સ્તર પર આવી ગઈ છે, જે આ પૂર્વેના સત્રમાં ૨.૪૯ લાખ રૂપિયા પ્રતિ કિલો પર ટ્રેડ થઈ રહી હતી. ચાંદીની જેમ જ સોનાના ભાવમાં પણ મોટો કડાકો જોવા મળ્યો છે, જેમાં ૨૪ કેરેટ શુદ્ધતા ધરાવતું ૧૦ ગ્રામ સોનું ૫૫૮ રૂપિયા સસ્તું થઈને ૧.૫૦ લાખ રૂપિયા પર આવી ગયું છે. જોકે, આ દૈનિક ઘટાડા છતાં ચાલુ વર્ષ ૨૦૨execના પ્રારંભથી અત્યાર સુધીમાં બંને કિંમતી ધાતુઓના ભાવમાં બહુ મોટો ઉછાળો આવી ચૂક્યો છે. આ વર્ષે સોનું અત્યાર સુધીમાં ૧૭ હજાર રૂપિયા મોંઘું થઈ ગયું છે, કારણ કે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧.૩૩ લાખ રૂપિયા હતો, જે હવે વધીને ૧.૫૦ લાખ રૂપિયા થયો છે. તેવી જ રીતે ચાંદી પણ ચાલુ વર્ષે ૧૮ હજાર રૂપિયા જેટલી મોંઘી થઈ છે, જે ગત વર્ષના અંતે ૨.૩૦ લાખ રૂપિયા પ્રતિ કિલો હતી અને હવે ૨.૪૮ લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

આગામી સમયમાં સોના-ચાંદીના ભાવમાં હજુ પણ મોટો ઉછાળો આવવાની શક્યતાઓ નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમેરિકી બેન્કિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસિસ ગ્રુપ વેલ્સ ફાર્ગોએ સોનાની કિંમત અંગે ખૂબ જ સકારાત્મક અંદાજ રજૂ કર્યો છે અને વૈશ્વિક બજારમાં તેનો લક્ષ્યાંક વધારીને ૬,૧૦૦ થી ૬,૩૦૦ ડોલર પ્રતિ ઔંસ કર્યો છે, જે સ્થાનિક બજારના હિસાબે જોતાં સોનાના ભાવને ૧.૯૩ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી લઈ જઈ શકે છે. આ સાથે જ ઔદ્યોગિક ક્ષેત્રે વધતી જતી માગ અને બજારમાં સપ્લાયની વર્તમાન અછતને ધ્યાનમાં રાખતા ચાંદી પણ લાંબા ગાળાના રોકાણકારો માટે ખૂબ જ નફાકારક સાબિત થઈ શકે તેમ છે.

આવા સમયે જ્યારે તમે કોઈ પણ સ્થાનિક જ્વેલર્સ પાસેથી સોનાની ખરીદી કરવા જાઓ ત્યારે કેટલીક મહત્વની બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બને છે. હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ, જેની ઓળખ તેના પર અંકિત થયેલા વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક કોડ જેમ કે AZ4524 પરથી થાય છે અને આ હોલમાર્કિંગ જ સોનાની સાચી કેરેટ શુદ્ધતા દર્શાવે છે. આ ઉપરાંત ખરીદીના દિવસે સોનાનું સાચું વજન અને તેનો તે દિવસનો સત્તાવાર ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ જેવા વિશ્વસનીય સ્ત્રોતો પરથી ક્રોસ ચેક કરી લેવો જોઈએ, કારણ કે ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ સોનાના ભાવમાં મોટો તફાવત હોય છે.

સોનાની સાથોસાથ અસલી ચાંદીની ઓળખ કરવા માટે બજારમાં ચાર સરળ અને પરંપરાગત રીતો પ્રચલિત છે જે ગ્રાહકોને છેતરાતા બચાવી શકે છે. પ્રથમ રીત મેગ્નેટ ટેસ્ટ છે જેમાં અસલી ચાંદી ક્યારેય ચુંબક તરફ આકર્ષાતી નથી, તેથી જો ઘરેણું ચુંબક સાથે ચોંટી જાય તો તે નકલી હોવાની પૂરી સંભાવના છે. બીજી રીત આઈસ ટેસ્ટ છે જેમાં ચાંદીની ઉત્કૃષ્ટ થર્મલ વાહકતાને કારણે જો તેના પર બરફનો ટુકડો મૂકવામાં આવે તો તે સામાન્ય કરતાં ઘણી ઝડપથી પીગળવા લાગે છે. ત્રીજી રીત સ્મેલ ટેસ્ટ છે જે અંતર્ગત અસલી ચાંદી સંપૂર્ણપણે ગંધહીન હોય છે, જ્યારે ભેળસેળવાળી કે નકલી ચાંદીમાંથી કોપર એટલે કે તાંબા જેવી ધાતુની ગંધ આવે છે. અંતિમ અને ચોથી રીત ક્લોથ ટેસ્ટ છે જેમાં ચાંદીની વસ્તુને કોઈ પણ ચોખ્ખા સફેદ કપડાથી થોડી વાર ઘસતાં જો કપડા પર કાળા રંગનો નિશાન કે ડાઘ દેખાય, તો તે ચાંદી અસલી હોવાની પાકી ખાતરી આપે છે.

# સેન્સેક્સ 347 પોઈન્ટ વધીને 77,156 પર બંધ થયો: નિફ્ટીમાં 97 પોઈન્ટનો વધારો રહ્યો, મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેર્સમાં વધુ ખરીદી

મુંબઈ, તા.17




ભારતીય શેરબજારમાં આજે એટલે કે ૧૭ જૂનના રોજ સતત બીજા દિવસે શાનદાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો. બજારની શરૂઆતથી જ રોકાણકારોમાં ભારે ઉત્સાહ હતો, જેના કારણે મુખ્ય ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી મજબૂતી સાથે બંધ થયા હતા. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ ૩૪૭ પોઈન્ટ એટલે કે આશરે ૦.૪૫ ટકાના ઉછાળા સાથે ૭૭,૧૫૬ ના સ્તર પર બંધ આવ્યો હતો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૯૭ પોઈન્ટ એટલે કે આશરે ૦.૪૦ ટકા વધીને ૨૪,૦૮૬ ના સ્તર પર પહોંચીને બંધ રહ્યો હતો. આજના કારોબાર દરમિયાન ખાસ કરીને આઈટી, મેટલ, સરકારી બેંકો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ક્ષેત્રના શેરોમાં રોકાણકારો દ્વારા વ્યાપક ખરીદી જોવા મળી હતી. આ સિવાય મિડકેપ ૫૦ ઈન્ડેક્સ ૧૭,૬૬૦ ના સ્તર પર ૫૩ પોઈન્ટના વધારા સાથે અને સ્મોલકેપ ૫૦ ઈન્ડેક્સ ૯,૧૮૨ ના સ્તર પર ૬૭ પોઈન્ટના સુધારા સાથે બંધ થયા હતા.

આજના બજારમાં સૌથી વધુ કમાણી કરનારા શેરોની વાત કરીએ તો નિફ્ટીના ટોપ ગેનર્સમાં ટ્રેન્ટનો શેર સૌથી મોખરે રહ્યો હતો, જે ૨૧૦ રૂપિયાથી વધુ વધીને ૩,૧૦૮ પર બંધ થયો હતો. આ ઉપરાંત ભારત ઈલેક્ટ્રોનિક્સ અને હિન્ડાલ્કોના શેરોમાં પણ નોંધપાત્ર તેજી જોવા મળી હતી. બીજી તરફ, નુકસાન કરનારા શેરોમાં ટાટા મોટર્સ પીવી (TMPV) નો શેર ૮ ટકાથી વધુ તૂટીને ૩૬૨ રૂપિયા પર આવી ગયો હતો, જ્યારે સિપ્લા અને બજાજ ફિનસર્વના શેરોમાં પણ ઘટાડો નોંધાયો હતો. વૈશ્વિક બજારોની સ્થિતિ પર નજર કરીએ તો એશિયન બજારોમાં આજે મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો, જેમાં સાઉથ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયા હતા, જ્યારે હોંગકોંગના હેંગસેંગમાં ઘટાડો થયો હતો. અગાઉના સત્રમાં અમેરિકી બજારોમાં પણ આવી જ મિશ્ર સ્થિતિ હતી, જ્યાં ડાઉ જોન્સ વધ્યો હતો પરંતુ નાસ્ડેક અને એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ નબળાઈ સાથે બંધ થયા હતા.

બજારમાં રોકાણના પ્રવાહની વાત કરીએ તો વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) સતત વેચવાલી કરી રહ્યા છે, જેમણે છેલ્લા સાત દિવસમાં આશરે ૩,૬૧૮ કરોડ રૂપિયાના શેર વેચ્યા છે, જેમાંથી તાજેતરના સત્રમાં જ ૭૪૯ કરોડ રૂપિયાની વેચવાલી નોંધાઈ છે. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ બજારને મોટો ટેકો આપ્યો છે અને છેલ્લા ૩૦ દિવસમાં એક લાખ કરોડ રૂપિયાથી વધુની ખરીદી કરી છે. ઉલ્લેખનીય છે કે આ તેજી ગઈકાલથી જ શરૂ થઈ ગઈ હતી, જ્યારે ૧૬ જૂને સેન્સેક્સ ૫૪૪ પોઈન્ટના મોટા ઉછાળા સાથે ૭૬,૮૦૮ પર અને નિફ્ટી ૧૩૫ પોઈન્ટ વધીને ૨૩,૯embed૯ ના સ્તર પર બંધ આવ્યો હતો, જે સિલસિલો આજે પણ યથાવત રહ્યો છે.

# મસ્કની સ્પેસએક્સ દુનિયાની 5મી સૌથી મૂલ્યવાન કંપની બની

## માઈક્રોસોફ્ટ-એમેઝોનને પાછળ છોડ્યા, મસ્કની એક દિવસની કમાણી બફેટના નેટવર્થ કરતાં 11% વધુ

નવી દિલ્હી, તા.17



ઈલોન મસ્કની સ્પેસ અને AI કંપની સ્પેસએક્સના શેરોમાં મંગળવારે 14% થી વધુનો ઉછાળો આવ્યો, જેના કારણે કંપનીનું માર્કેટ કેપ $2.85 ટ્રિલિયન (લગભગ 240 લાખ કરોડ) ને પાર પહોંચી ગયું.

આ તેજી સાથે સ્પેસએક્સે ટેક કંપની એમેઝોનને પાછળ છોડી દીધી છે અને થોડા સમય માટે માઈક્રોસોફ્ટથી પણ આગળ નીકળી ગઈ હતી. સ્પેસએક્સ હવે વિશ્વની પાંચમી સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે.

એટલું જ નહીં, સોમવારે સ્પેસએક્સના શેરોમાં 20% થી વધુનો ઉછાળો આવ્યો હતો. આનાથી ઈલોન મસ્કે માત્ર એક દિવસમાં 164 અબજ ડોલર એટલે કે લગભગ 15.5 લાખ કરોડ રૂપિયા કમાયા. આ વોરેન બફેટની આખી જીવનકાળની કમાણી 148 અબજ ડોલર એટલે કે લગભગ 14 લાખ કરોડ રૂપિયા કરતાં 11% વધુ છે. વોલ સ્ટ્રીટ પર લિસ્ટિંગના થોડા જ દિવસો પછી રોકાણકારો સતત આ સ્ટોકમાં ખરીદી કરી રહ્યા છે.

આ સ્પેસ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની મંગળવારે $220 પર ટ્રેડ કરી રહી હતી, જે એક દિવસમાં 14.3% નો વધારો છે. આ કિંમત તેના $135 ના IPO (આઈપીઓ) પ્રાઈસથી 62% થી વધુ ઉપર છે.

આ સ્તરે સ્પેસએક્સની કુલ વેલ્યુ લગભગ 2.85 ટ્રિલિયન ડોલર આંકવામાં આવી છે, જેણે તેને વિશ્વની પાંચ સૌથી મૂલ્યવાન કંપનીઓમાં સામેલ કરી દીધી છે. આ કંપની નાસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સમાં વૃદ્ધિ નોંધાવનારી સૌથી મોટી યોગદાનકર્તા રહી છે.

આ ઝડપ સાથે સ્પેસએક્સે એમેઝોનને પાછળ છોડી દીધું છે, જેનું માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ 2.64 ટ્રિલિયન ડોલર છે. આ ઉપરાંત, કંપનીએ થોડા સમય માટે માઈક્રોસોફ્ટને પણ પાછળ છોડી દીધું હતું, જેનું મૂલ્ય લગભગ 2.92 ટ્રિલિયન ડોલર છે, જોકે બાદમાં સ્પેસએક્સ થોડું નીચે આવી ગયું. વર્તમાનમાં, વિશ્વની ત્રણ સૌથી મોટી કંપનીઓ 4 ટ્રિલિયન ડોલરથી વધુનું માર્કેટ વેલ્યુએશન ધરાવે છે.

મંગળવારે સ્પેસએક્સના શેર સાથે સંકળાયેલા ઓપ્શન્સમાં ટ્રેડિંગ શરૂ થઈ ગયું, જેનાથી રોકાણકારોની રુચિ વધુ વધી છે. બજારના સહભાગીઓને હવે આ નવા લિસ્ટેડ સ્ટોકની દિશા પર દાવ લગાવવા માટે એક નવો માર્ગ મળી ગયો છે.

સ્પોટગામા ઓપ્શન્સ એનાલિટિક્સ પ્લેટફોર્મના સ્થાપક બ્રેન્ટ કોચુબાએ જણાવ્યું કે મંગળવારથી SPCX ઓપ્શન્સ લોન્ચ થઈ ગયા છે, જે સ્ટાન્ડર્ડ માસિક એક્સપાયરી અને $25 થી $380 સુધીની સ્ટ્રાઈક પ્રાઈસની સુવિધા આપી રહ્યા છે.

તેમણે કહ્યું કે જો કૉલ ઑપ્શન્સની માગ ભારે રહે છે, તો ડીલર્સને ઓછી લિક્વિડિટીવાળી સ્થિતિમાં પણ SPCX શેર ખરીદવા માટે મજબૂર થવું પડી શકે છે. આવતા અઠવાડિયાથી ઈન્ડેક્સની માગ પણ વધી શકે છે, જ્યારે વધુ શેર આગામી 1-2 મહિના સુધી ઉપલબ્ધ થવાની અપેક્ષા નથી.

આટલી ભારે વૃદ્ધિ છતાં બજારના કેટલાક જાણકારોએ આ વાત પર સવાલ ઉઠાવ્યા છે કે શું આ વેલ્યુએશન સંપૂર્ણપણે સાચું છે. સ્વિસકોટ બેંકના સિનિયર માર્કેટ એનાલિસ્ટ ઈપેક ઓઝકાર્ડેસ્કાયાએ કહ્યું, 'અમે નિશ્ચિતપણે કહી શકીએ છીએ કે આજના સમયમાં આ વેલ્યુએશનનો કોઈ અર્થ નથી બનતો. લોકો સ્પેસએક્સને આ આશામાં ખરીદી રહ્યા છે કે બીજા લોકો પણ તેને ખરીદશે અને કિંમતને વધુ ઉપર લઈ જશે - આ માત્ર એક સટ્ટાબાજી છે.'

# એર ઈન્ડિયાએ શરૂ કરી 'બેઝિક' ભાડાની કેટેગરી

## મફત ભોજન નહીં મળે, ચા-કોફી કોમ્પ્લિમેન્ટરી રહેશે, પસંદગીના ઘરેલું રૂટ્સ પર ટ્રાયલ શરૂ

નવી દિલ્હી, તા.17




એર ઈન્ડિયાએ પસંદગીના ઘરેલુ રૂટ્સ પર નવી 'બેઝિક' ભાડા શ્રેણી શરૂ કરી છે. જેના હેઠળ મુસાફરોને ઓછી કિંમતે મુસાફરી કરવાનો વિકલ્પ મળશે. ઈકોનોમી ક્લાસ ટિકિટમાં મફત ભોજન સામેલ નહીં હોય, જોકે મુસાફરોને મફત ચા કે કોફી આપવામાં આવશે.

એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું કે આ ભાડાને હાલમાં ટ્રાયલ બેઝિસ પર શરૂ કરવામાં આવ્યું છે, જે એવા મુસાફરોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે જેઓ ઓછા ખર્ચે મુસાફરી કરવા માંગે છે.

એર ઈન્ડિયાની આ નવી 'બેઝિક' ભાડા કેટેગરી પસંદ કરનારા મુસાફરો માટે સામાન લઈ જવાના નિયમો પણ નક્કી કરવામાં આવ્યા છે.

આ કેટેગરી હેઠળ મુસાફરી કરનારા પેસેન્જર્સ પોતાની સાથે 15 કિલોગ્રામ સુધીનો ચેક-ઈન બેગેજ લઈ જઈ શકશે.

આ ઉપરાંત, તેમને 7 કિલોગ્રામ સુધીનો કેબિન બેગેજ પોતાની સાથે એરક્રાફ્ટની અંદર લઈ જવાની મંજૂરી હશે.

ભલે આ બેઝિક ભાડામાં મફત ભોજન સામેલ નથી, પરંતુ મુસાફરો પાસે ભોજન ખરીદવાનો વિકલ્પ રહેશે. બેઝિક ફેર બુક કરનારા મુસાફરો ફ્લાઈટ ઉપડવાના 24 કલાક પહેલા સુધી પોતાના માટે ભોજન પ્રી-પર્ચેઝ કરી શકે છે.

મુસાફરોને ભોજન માટે વેજિટેરિયન, નોન-વેજિટેરિયન, જૈન અને ડાયાબિટીક મીલ્સના વિકલ્પો પણ આપવામાં આવશે.

એર ઈન્ડિયાએ મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને ભોજનના રિફંડ અને ટ્રાન્સફર અંગેના નિયમો પણ સ્પષ્ટ કર્યા છે. એરલાઈન મુજબ, જો ફ્લાઈટના શેડ્યૂલમાં કોઈ ફેરફાર થાય છે અથવા મુસાફરને બીજી ફ્લાઈટમાં શિફ્ટ કરવામાં આવે છે, તો મુસાફર દ્વારા અગાઉથી ખરીદેલું ભોજન નવી ફ્લાઈટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. જો કોઈ પરિસ્થિતિમાં ભોજન ઉપલબ્ધ ન હોય, તો મુસાફરને તેના પૈસા રિફંડ કરવામાં આવશે.

એરલાઈને સ્પષ્ટ કર્યું છે કે આ નવા વિકલ્પ આવ્યા પછી પણ ગ્રાહકો પાસે જૂના ભાડાના વિકલ્પો પણ ઉપલબ્ધ રહેશે.

યાત્રીઓ પહેલાની જેમ જ એરલાઈનની હાલની વેલ્યુ, ક્લાસિક અને ફ્લેક્સ ભાડાની કેટેગરી બુક કરવાનું ચાલુ રાખી શકે છે.

આ ત્રણેય જૂની કેટેગરીમાં યાત્રીઓને પહેલાની જેમ મફત ભોજન એટલે કે કોમ્પ્લિમેન્ટરી મીલ્સની સુવિધા પણ મળતી રહેશે.

એર ઈન્ડિયાનું કહેવું છે કે આ બેઝિક ભાડું હાલમાં ફક્ત કેટલાક પસંદગીના ઘરેલુ રૂટ્સ પર જ ઉપલબ્ધ છે. જે યાત્રીઓ આ ભાડા હેઠળ ટિકિટ બુક કરવા માંગે છે, તેઓ એર ઈન્ડિયાની સત્તાવાર વેબસાઈટ, મોબાઈલ એપ, કોન્ટેક્ટ સેન્ટર અને એરપોર્ટ ટિકિટિંગ ઓફિસો દ્વારા પોતાની બુકિંગ કરાવી શકે છે.

એર ઈન્ડિયા અનુસાર, આ સંપૂર્ણ કવાયત તે મુસાફરો માટે છે જેઓ સસ્તી મુસાફરીને પ્રાધાન્ય આપે છે. એરલાઈન આ પાયલોટ ફેઝ (ટ્રાયલ) દરમિયાન ગ્રાહકો પાસેથી મળેલા પ્રતિસાદ અને તેમના ફીડબેકનું મૂલ્યાંકન કરશે.

આ ટ્રાયલમાંથી મળેલા અનુભવો અને ગ્રાહકોના પ્રતિભાવની સમીક્ષા કર્યા પછી જ કંપની આ બેઝિક ભાડાની સેવાને ભવિષ્યમાં કાયમી ધોરણે લાગુ કરવા અથવા આગળ વધારવા અંગે કોઈ અંતિમ નિર્ણય લેશે.

કોઈ કંપની જ્યારે પોતાની કોઈ નવી સેવા કે પ્રોડક્ટને સમગ્ર બજારમાં મોટા પાયે લોન્ચ કરતા પહેલાં કેટલાક પસંદગીના સ્થળો કે રૂટ્સ પર મર્યાદિત સમય માટે શરૂ કરે છે, ત્યારે તેને પાયલોટ ફેઝ કે ટ્રાયલ કહેવાય છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રાહકોનો પ્રતિસાદ જોવો અને આવનારી ખામીઓને સુધારવાનો હોય છે.

# NSEએ 11 નવા સેક્ટોરલ ઈન્ડેક્સ લોન્ચ કર્યા: નિફ્ટી પાવર, રિટેલ અને હોસ્પિટલ્સ પણ સામેલ, હવે કુલ 34 ઈન્ડેક્સથી અર્થતંત્રને ટ્રેક કરવું સરળ બનશે

મુંબઈ, તા.17




નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ની પ્રખ્યાત ઈન્ડેક્સ સર્વિસિસ કંપની NSE ઈન્ડાઈસિસ લિમિટેડ દ્વારા ભારતીય શેરબજારના ઈતિહાસમાં એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કંપનીએ રોકાણકારો માટે બજારમાં એકસાથે અગિયાર નવા સેક્ટોરલ ઈન્ડેક્સ લોન્ચ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક પગલાના પરિણામે હવે નિફ્ટીના મુખ્ય માળખા હેઠળ ઉપલબ્ધ કુલ સેક્ટોરલ ઈન્ડેક્સની સંખ્યા નોંધપાત્ર રીતે વધીને ચોંત્રીસ પર પહોંચી ગઈ છે. આ વિસ્તરણ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ભારતીય અર્થતંત્રના વિવિધ અને ઝડપથી વિકસતા અલગ-અલગ ક્ષેત્રોની આર્થિક ગતિવિધિઓને બજારમાં વધુ ચોકસાઈ અને સચોટતા સાથે ટ્રેક કરી શકાય.

એનએસઈ દ્વારા લોન્ચ કરવામાં આવેલા આ તમામ નવા ઈન્ડેક્સ ખાસ કરીને એવા ઉદ્યોગો અને ક્ષેત્રોને સંપૂર્ણપણે આવરી લે છે, જેમણે તાજેતરના વર્ષોમાં દેશની આર્થિક પ્રગતિમાં અને ભારતીય શેરબજારમાં પોતાની મજબૂત પકડ જમાવી દીધી છે. આ નવા લોન્ચિંગમાં પાવર, કેપિટલ ગુડ્સ, ટેલિકમ્યુનિકેશન્સ, કન્સ્ટ્રક્શન, રિટેલ બિઝનેસ, હેલ્થકેર અને ફાઈનાન્સિયલ સર્વિસિસ જેવા અત્યંત અગત્યના અને પ્રભાવશાળી મુખ્ય ક્ષેત્રોનો વ્યાપક સમાવેશ કરવામાં આવ્યો છે. બજારના આ મોટા વિસ્તરણથી એસેટ મેનેજર્સ, મોટા ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સ એટલે કે સંસ્થાકીય રોકાણકારો અને પેસિવ ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ્સ માટે બેન્ચમાર્કિંગના નવા અને વધુ વૈવિધ્યસભર વિકલ્પો ખૂલી જશે.

આ મહત્વની જાહેરાત એવા સમયે સામે આવી છે જ્યારે ભારતની સર્વાંગી આર્થિક વૃદ્ધિ સાથે સીધી રીતે સંકળાયેલી વિશિષ્ટ થીમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરતા રોકાણકારોમાં સેક્ટોરલ ઈન્વેસ્ટિંગ એટલે કે કોઈ એક ચોક્કસ ક્ષેત્રમાં જ મૂડીરોકાણ કરવા પ્રત્યેની રુચિ અને આકર્ષણ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ETFs) અને ઈન્ડેક્સ ફંડ્સ જેવા આધુનિક પેસિવ રોકાણના સાધનો દ્વારા હવે ગ્રાહકો માટે વધુને વધુ સેક્ટર્સ સીધા જ રોકાણ કરવા માટે ઉપલબ્ધ બની રહ્યા છે. બજારની આ બદલાતી અને આધુનિક માગને સમયસર પૂરી કરવાના હેતુથી જ બેન્ચમાર્ક પ્રોવાઈડર્સ સતત પોતાની નવી પ્રોડક્ટ્સની શ્રેણીમાં વધારો કરી રહ્યા છે. એનએસઈ ઈન્ડાઈસિસના સત્તાવાર નિવેદન અનુસાર, આ નવા પગલાનો મૂળભૂત હેતુ ભારતીય અર્થતંત્રનું બજારમાં વધુ ઊંડું, વ્યાપક અને બિલકુલ સચોટ કવરેજ પૂરું પાડવાનો છે.

કંપનીએ આ બાબતે વધુ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે આ નવા ઈન્ડેક્સની વૈજ્ઞાનિક મદદથી બજારમાં પહેલેથી જ સ્થાપિત થયેલા મોટા ઉદ્યોગો અને ખૂબ જ ઝડપથી ઉભરી રહેલા નવા સેક્ટર્સ બંને પ્રકારના ક્ષેત્રોને રોકાણકારો સમક્ષ વધુ સારી રીતે રજૂ કરી શકાશે, જેના લીધે દેશના સમગ્ર અર્થતંત્રમાં સેક્ટોરલ રિપ્રેઝન્ટેશન એટલે કે ક્ષેત્રીય પ્રતિનિધિત્વ ઘણું મજબૂત બનશે. સ્ટોક એક્સચેન્જનું એવું દ્રઢપણે માનવું છે કે આ નવા લોન્ચ કરાયેલા બેન્ચમાર્ક દેશમાં સતત વિકસી રહેલા અને લોકપ્રિય બની રહેલા પેસિવ ઈન્વેસ્ટમેન્ટ ઈકોસિસ્ટમમાં આવનારા સમયમાં બહુ મોટી અને નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

સામાન્ય રીતે શેરબજારના નિયમો અનુસાર સેક્ટોરલ ઈન્ડેક્સ જ વૈશ્વિક સ્તરે ETFs, ઈન્ડેક્સ ફંડ્સ અને અન્ય સ્ટ્રક્ચર્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ્સનો મુખ્ય આધાર બને છે. તેની સૌથી મોટી ઉપયોગિતા એ છે કે તેની મદદથી સામાન્ય અને મોટા રોકાણકારોને અલગ-અલગ કંપનીઓના હજારો શેરો વચ્ચેથી જાતે પસંદગી કરવાની કોઈ જ જરૂર રહેતી નથી, પરંતુ તેઓ એક ચોક્કસ ઉદ્યોગમાં સીધું જ સામૂહિક રોકાણ કરવાની શાનદાર તક મેળવી શકે છે. દેશના તમામ મોટા એસેટ મેનેજર્સ માટે આ નવા અગિયાર ઈન્ડેક્સ આવનારા દિવસોમાં રેફરન્સ ઈન્ડેક્સ તરીકે મહત્વનું કામ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે એનએસઈ ઈન્ડાઈસિસ લિમિટેડને ભૂતકાળમાં 'ઈન્ડિયા ઈન્ડેક્સ સર્વિસિસ એન્ડ પ્રોડક્ટ્સ લિમિટેડ (IISL)' ના લોકપ્રિય નામથી ઓળખવામાં આવતું હતું. આ સંસ્થા નેશનલ સ્ટોક એક્સચેન્જની જ એક મુખ્ય સહાયક કંપની છે, જે ભારતના સૌથી પ્રખ્યાત નિફ્ટી પચાસ સહિત સમગ્ર નિફ્ટી ફેમિલીના તમામ નાના-મોટા ઈન્ડેક્સનું કાનૂની અને વ્યવસાયિક મેનેજમેન્ટ સંપૂર્ણપણે સંભાળે છે. વર્તમાન સમયમાં આ કંપની પાસે ઈક્વિટી, ફિક્સ્ડ-ઈનકમ, થીમેટિક અને ગ્રાહકોની જરૂરિયાત મુજબ તૈયાર કરાયેલા કસ્ટમાઈઝ્ડ ઈન્ડેક્સની એક બહુ મોટી અને વિશાળ રેન્જ ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ભારત ઉપરાંત વિદેશના અગ્રણી ફંડ મેનેજર્સ દ્વારા વૈશ્વિક સ્તરે મોટા પાયે કરવામાં આવી રહ્યો છે.

શેરબજારની પદ્ધતિમાં સેક્ટોરલ ઈન્ડેક્સ એ બજારનું એક એવું ચોક્કસ અને વૈજ્ઞાનિક માપદંડ માનવામાં આવે છે જે કોઈ એક ખાસ સેક્ટર જેમ કે બેન્કિંગ, ઓટોમોબાઈલ અથવા પાવર ઉદ્યોગની અગ્રણી અને પસંદગીની કંપનીઓના દૈનિક પ્રદર્શનને ટ્રેક કરે છે અને જો તે આખું સેક્ટર દેશમાં સારું કામ કરી રહ્યું હોય તો ઈન્ડેક્સ સીધો ઉપર તરફ ગતિ કરે છે. તેની સાથે જોડાયેલા ETFs અને ઈન્ડેક્સ ફંડ્સ પણ એવા ખાસ પ્રકારના મ્યુચ્યુઅલ ફંડ હોય છે જે આ ઈન્ડેક્સની બિલકુલ નકલ કરે છે, જેમાં નાણાં રોકવાથી રોકાણકારોને અલગથી કોઈ વ્યક્તિગત રિસર્ચ કરીને શેર પસંદ કરવાની જંજટ રહેતી નથી, પરંતુ તેમના પૈસા તે આખા સેક્ટરમાં એકસાથે અને સુરક્ષિત રીતે રોકાઈ જાય છે.

## 'સર્વર ડાઉન છે'ના જવાબથી અરજદારો કંટાળ્યા

# રાજ્યભરની RTOમાં 5 દિવસથી સારથી પોર્ટલમાં ઈસ્યૂ, કંડકટરની ભરતી વચ્ચે લાઈસન્સ માટે લાંબી લાઈનો

**અમદાવાદ, તા.17**

અમદાવાદના સુભાષબ્રિજ RTO સહિત રાજ્યભરની RTOમાં છેલ્લા પાંચ દિવસથી સારથી પોર્ટલની ટેકનિકલ ખામીને કારણે અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. વહેલી સવારથી અરજદારો અલગ અલગ કામગીરીને લઈને કચેરીએ લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. કલાકો સુધી લાઇનમાં ઊભા રહેવા છતાં સર્વર ડાઉન હોવાના કારણે કામગીરી ન થતા અરજદારોને ધક્કા ખાવા પડી રહ્યા છે.

GSRTCમાં કંડક્ટરની ભરતીની જાહેરાત કરવામાં આવી છે ત્યારે, કંડક્ટર લાઈસન્સ માટે આવતા ઉમેદવારોના પણ કામ ન થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સારથી પોર્ટલની ટેકનિકલ ખામી દૂર કરવાના બદલે અધિકારીઓ દ્વારા સોમવાર સુધી કચેરીએ ન આવવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

સુભાષબ્રિજ RTO કચેરીમાં સારથી પોર્ટલની ટેકનિકલ ખામી હવે અરજદારો માટે માથાનો દુખાવો બની ગઈ છે. સતત પાંચમા દિવસે પણ પોર્ટલ યોગ્ય રીતે કાર્યરત ન થતાં લાયસન્સ, કંડકટર બેજ, રિન્યુઅલ સહિતની વિવિધ સેવાઓ માટે આવતા અરજદારોને નિરાશ થઈને પરત ફરવું પડી રહ્યું છે. દરરોજ સવારના 7 વાગ્યાથી લોકો લાંબી લાઈનોમાં ઉભા રહે છે, પરંતુ કલાકો સુધી રાહ જોયા બાદ પણ તેમની કામગીરી પૂર્ણ થતી નથી. ડિજિટલ ઈન્ડિયાના દાવાઓ વચ્ચે એક સામાન્ય ટેકનિકલ ખામીના કારણે લોકોનો સમય અને પૈસા બગડી રહ્યા છે.

અત્યારે રાજ્યમાં કંડકટર ભરતીની પ્રક્રિયા ચાલી રહી હોવાથી મોટી સંખ્યામાં ઉમેદવારો કંડકટર લાયસન્સ અને બેજ મેળવવા RTO કચેરીએ પહોંચી રહ્યા છે. પરંતુ સારથી પોર્ટલ વારંવાર બંધ થઈ જતાં ભરતી માટે જરૂરી પ્રક્રિયા સમયસર પૂર્ણ થઈ શકતી નથી. ઘણા ઉમેદવારો દૂર-દૂરના વિસ્તારોમાંથી આવી રહ્યા છે, છતાં તેમને માત્ર 'સર્વર બંધ છે' અથવા 'પોર્ટલ કામ કરતું નથી' જેવા જવાબો મળી રહ્યા છે. ભરતી જેવી મહત્વની પ્રક્રિયા દરમિયાન પણ સિસ્ટમને સારી રીતે ચાલુ રાખવામાં તંત્ર નિષ્ફળ રહ્યું હોવાનું લોકો જણાવી રહ્યા છે. જો અરજદારો સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો મેળવી નહીં શકે તો તેના માટે જવાબદાર કોણ રહેશે તે સૌથી મોટો સવાલ છે.




છેલ્લા પાંચ દિવસથી ટેકનિકલ ખામી સર્જાઈ રહી છે, છતાં પણ તંત્ર દ્વારા તેનું નિરાકરણ લાવવા માટે યોગ્ય પ્રયાસ કરવામાં આવી રહ્યો નથી. જેના કારણે ઉમેદવારો અને અરસદારોને ધક્કા ખાવા પડી રહ્યા છે. ત્યારે સારથી પોર્ટલમાં હજુ પણ ટેકનિકલ ખામી સર્જાવવાની હોવાથી ઉમેદવારોને અને અરજદારોને સોમવાર સુધી કચેરીએ ન આવવા માટે અપીલ કરવામાં આવી રહી છે. ટેકનિકલ ખામી દૂર કરવાના બદલે કચેરીએ જ ન આવવાની અપીલ કરતાં ઉમેદવારો પણ નિરાશ થઈને પરત જઈ રહ્યા છે. હવે અરજદારો રાહ જોઈ રહ્યા છે કે, તંત્ર માત્ર અપીલ કરીને જવાબદારીમાંથી છટકી જશે કે પછી સમસ્યાનો કાયમી ઉકેલ લાવી અરજદારોને રાહત આપશે.

નરોડાથી આવેલા રાજદીપભાઈએ જણાવ્યું હતું કે, ત્રણ દિવસથી ધક્કા ખાઈએ છીએ પરંતુ કોઈ પણ કામ થતું નથી. પાંચ જુલાઈ સુધીમાં ફોર્મ ભરવું ખૂબ જ જરૂરી છે. જ્યારે પણ કચેરીએ આવીએ છીએ ત્યારે એવું કહેવામાં આવે છે સર્વર ડાઉન છે જેથી અત્યારે કામગીરી થઈ શકશે નહીં.

નરોડાથી આવેલા ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે, કચેરી ખાતે ચોથો ધક્કો ખાવો પડી રહ્યો છે. ત્રણ વખત આવ્યો પણ કામ થયું જ નહીં. સર્વર ડાઉન રહેતું હોવાથી કામગીરી થઈ શકતી નથી. ફોર્મ ભરાઈ તો જાય છે પરંતુ ફોટો પાડવામાં સર્વર કામ ન કરતું હોવાનું અધિકારીઓ જણાવે છે. કંડક્ટરની ભરતી માટે લાયસન્સ ખૂબ જ જરૂરી છે. કારણ કે તેના વગર ફોર્મ ભરી શકાતું જ નથી. કારણ કે મેઈન પ્રાયોરિટી કંડકટર લાયસન્સની માંગવામાં આવે છે.

ચાંદખેડાથી આવેલા વિવેક પટેલે જણાવ્યું હતું કે, આજે ચોથી વખત કામગીરી કરાવવા માટે કચેરીએ આવ્યો છું. જ્યારે પણ આવીએ ત્યારે એવું કહેવામાં આવે છે કે અત્યારે સર્વર ડાઉન છે જેથી કોઈપણ પ્રકારની કામગીરી થઈ શકશે નહીં. કાલે પણ આવ્યા હતા તો સર્વર ડાઉન હોવાથી આજે કામગીરી થશે નહીં તેવું કહીને પરત મોકલવામાં આવ્યા હતા. ભરતી માટે ફોર્મ ભરવા લાયસન્સ લેવું ખૂબ જ જરૂરી બન્યું છે.

અમદાવાદ આરટીઓના નીરવ બક્ષીએ જણાવ્યું હતું કે, અત્યારે લાઈસન્સ માટે જે સારથી પોર્ટલ કામ કરી રહ્યું છે તેમાં ટેકનિકલ ખામી આવી રહી છે. આખા ગુજરાતમાં આ પ્રોબ્લેમ પોર્ટલમાં થઈ રહ્યો છે. જે માટે વડી કચેરીને પણ ધ્યાન દોરવામાં આવ્યું છે. તેમજ સારથી પોર્ટલમાં સુધારા માટેની કામગીરી પણ અત્યારે ચાલી રહી છે. હેડ ઓફિસ ખાતે પણ ચર્ચા કરી વહેલી તકે સમસ્યાનું નિરાકરણ લાવવા માટે રજૂઆત કરી છે.

જેથી ટેકનિકલ ઈસ્યુ સોલ્વ થયા બાદ કામગીરી પણ વહેલી તકે કરવામાં આવશે. ગઈકાલે જેટલા અરજદારો કંડકટર લાયસન્સ માટે આવ્યા હતા તે તમામ લોકોને બે કલાક માટે જ્યારે પોર્ટલ શરૂ થયું ત્યારે પાંચ જેટલી વિન્ડો ઓપન કરી કામગીરી કરવામાં આવી હતી. અત્યારે પણ સારથીના કારણે અનેક સેવાઓને અસર થઈ રહી છે. ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક, એડ્રેસ ચેન્જ રિન્યુ, નામ ચેન્જ કરવા સહિતની તમામ સેવાઓને અત્યારે અસર થઈ રહી છે.

વધુમાં નીરવ બક્ષીએ જણાવ્યું હતું કે, પરંતુ સાંજ બાદ ફરીથી સારથી પોર્ટલમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. તેમજ અત્યારે પણ પોર્ટલમાં ઈસ્યુ આવી રહ્યા છે. જોકે કંડકટર લાયસન્સ માટેની પ્રોસેસ 5 જુલાઈ સુધી વેલીડ રાખવામાં આવી છે. જેથી અરજદારોને અપીલ કરીએ છીએ કે હજુ પણ ઈસ્યુ ચાલુ રહેશે જેથી આ અઠવાડિયું કચેરીએ આવવું નહીં. તેમજ અઠવાડિયા સુધી કચેરી ખાતે આવવાનું ટાળો તેવી અપીલ કરીએ છીએ. તેમજ ફેસલેશ સુવિધા પણ ઉપલબ્ધ છે, જો તમારા આધારે KYC કરશો તો કચેરી આવવાની જરૂર પડશે નહીં. તેમજ અન્ય જે અરજીઓ હશે તેને પોર્ટલ ફરી શરૂ થયા બાદ નિરાકરણ લાવવામાં આવશે.

# અસારવા સિવિલમાં મહિલા સિક્યોરિટી ગાર્ડ પર હુમલો

## ■ દર્દીના પરિવારજનો અને સિક્યોરિટી ગાર્ડ વચ્ચે મારામારી, હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા સામે ફરી સવાલો

**અમદાવાદ, તા.17**

શહેરની અસારવા સિવિલ હોસ્પિટલમાં મહિલા સિક્યોરિટી ગાર્ડ પર થયેલા જીવલેણ હુમલાએ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. દર્દીના પરિવારજનો અને સિક્યોરિટી કર્મચારીઓ વચ્ચે થયેલી મારામારીમાં મહિલા ગાર્ડને માથામાં ગંભીર ઈજા પહોંચી છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલમાં લુખ્ખા તત્વોનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. હોસ્પિટલના રૂમ સેક્ટરમાં મહિલા સિક્યોરિટી ગાર્ડ પર હુમલાની ઘટના સામે આવી છે. હુમલામાં મહિલા ગાર્ડ ગંભીર રીતે ઘાયલ થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાના પગલે દર્દીઓ અને હોસ્પિટલ સ્ટાફની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. 15 જૂનના રોજ હોસ્પિટલમાં પ્રવેશ માટે



ફરજિયાત પાસ અને આઈકાર્ડના નિયમનું પાલન કરાવવા દરમિયાન દર્દીના કેટલાક સગાઓ સાથે વિવાદ સર્જાયો હતો. તે દરમિયાન મહિલા સિક્યોરિટી ગાર્ડ સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ 16 જૂનના રોજ ટ્રોમા સેન્ટરમાં પાર્કિંગ મુદ્દે ફરી હોબાળો મચ્યો હતો.

આ ઘટનામાં ત્રણ વ્યક્તિઓએ સિક્યોરિટી કર્મચારીઓ સાથે મારામારી કરી હોવાનું સામે આવ્યું છે. હુમલામાં મહિલા સિક્યોરિટી ગાર્ડને માથામાં ઈજા પહોંચી હતી. સમગ્ર મામલે હોસ્પિટલ તંત્ર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે. ઘટના બાદ હોસ્પિટલ તંત્રે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાના દાવા કર્યા છે. સાથે જ દર્દીઓના સગાઓને હોસ્પિટલના નિયમોનું પાલન કરવા અને સિક્યોરિટી સ્ટાફ સાથે સહકાર રાખવા અપીલ કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ રાકેશ જોશીના જણાવ્યા અનુસાર હોસ્પિટલમાં પ્રવેશ માટે આઈકાર્ડ અને પાસ ફરજિયાત છે. ટ્રોમા સેન્ટરમાં દરરોજ 300થી 400 જેટલા કેસ આવતા હોવાથી દર્દીઓને સારી અને સુવ્યવસ્થિત સારવાર મળી રહે તે માટે નિયમો બનાવવામાં આવ્યા છે. તેમણે તમામ લોકોને નિયમોનું પાલન કરવાની અને સુરક્ષા કર્મચારીઓ સાથે સહકાર આપવાની અપીલ કરી છે. સિવિલ હોસ્પિટલ જેવી આરોગ્ય સંસ્થામાં સુરક્ષા કર્મચારીઓ પર હુમલાની ઘટના થતા તેના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં કેટલાક લોકોનું ટોળું એકબીજા પર હુમલો કરતા નજરે પડી રહ્યું છે.

# 'આદિત્ય પટેલ' બની વિધવાઓને ફસાવનાર કરીમ વિરુદ્ધ વધુ એક ફરિયાદ

## મહિલા સાથે દુષ્કર્મ આચરી ખંડણી માંગી, મહિલા ક્રાઈમે તપાસનો ધમધમાટ તેજ કર્યો

**અમદાવાદ, તા.17**

આદિત્ય પટેલ' બની મેટ્રિમોનિયલ સાઈટ પર વિધવાઓને ફસાવતો કરીમની વધુ એક કરતૂત સામે આવી છે. 100થી વધુ હિન્દુ મહિલાઓને ફસાવનાર આરોપી વિરુદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં વધુ એક ફરિયાદ નોંધાઈ છે. એટલે કે આરોપીએ એક મહિલા સાથે દુષ્કર્મ કરીને મહિલા પાસેથી ખંડણી માંગી હતી. જે અંગે મહિલાએ ફરિયાદ નોંધાવી છે.

મહત્વનું છે કે અગાઉ પણ એક મહિલા સાથે ખોટી ઓળખ આપીને છેતરપિંડી કરી હતી. ત્યારે દુષ્કર્મ અને ખંડણી માંગવાને લઈ મહિલા ક્રાઈમે ફરિયાદ નોધી તપાસ હાથ ધરી છે.



મેટ્રિમોનિયલ સાઈટ પરથી પ્રોફાઈલ મેળવી લગ્નગ્રંથીએ જોડાતા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદની એક વિધવાનો એક મેટ્રિમોનિયલ સાઈટ પર આદિત્ય પટેલ નામના યુવકનો સંપર્ક થયો હતો. બંને વચ્ચે ચારથી પાંચ મહિના સુધી સંપર્ક રહ્યો હતો. એક દિવસ જ્યારે આદિત્યએ ફોન કર્યો ત્યારે મહિલાના ટ્રુ કોલરમાં કરમી નામ આવતા પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જો કે મહિલાએ હિંમત એકઠી કરી કહેવાતા આદિત્યનો ભાંડો ફોડવાનું મન બનાવી લીધું હતું. મહિલાએ બજરંગદળનો સંપર્ક કર્યો હતો અને કરીમ ઉર્ફે આદિત્યનો ભાંડો ફોડી નાખ્યો હતો.

જ્યારે કરીમ ઉર્ફે આદિત્યના ફોનની તલાશી લેવામાં આવી ત્યારે અનેક મહિલાઓ સાથેની ચેટ અને કઢંગી હાલતમાં ફોટો-વીડિયો મળી આવ્યા હોવાનો બજરંગદળના જ્વલિત મહેતાએ દાવો કર્યો છે. કરીમના કબજામાંથી બોગસ પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ, આધારકાર્ડ અને રાશન કાર્ડ પણ મળી આવ્યા હોવાનો પણ દાવો કરાયો છે.

અમદાવાદમાં રહેતી એક વિધવા મહિલાનો મેટ્રિમોનિયલ સાઈટ પર 'આદિત્ય પટેલ'નામના વ્યકિત સાથે સંપર્ક થયો હતો. આદિત્ય પટેલે પણ પોતે વિધૂર હોવાની ઓળખ આપી હતી. પોતાને પ્લાસ્ટિકનો સારો બિઝનેસ હોવાનો અને ઉચ્ચ અભ્યાસ કર્યો હોવાનો દાવો કરાયો હતો. પાનકાર્ડ, આધારકાર્ડ, રાશનકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ પણ આદિત્ય પટેલ નામના રજૂ કરાયા હતા. મહિલા અને આદિત્ય પટેલ ચારથી પાંચ મહિના એકબીજાના સંપર્કમાં રહ્યા હતા.

કરીમ કોઈ મહિલાના સંપર્કમાં આવી પહેલા તેને ઈમ્પ્રેસ કરવા માટે મોંઘી ગિફ્ટ આપતો અને ત્યારબાદ તેને વોટ્સએપ પર પોતાના ન હોય તેવા બંગલા અને ગાડીઓના ફોટા મોકલતો તથા મોટા ખેતરના ફોટા મોકલી પોતાની ઘણી જમીન હોવાની બડાશ મારતો હતો. તે તક મળતાં મહિલાઓ પાસેથી રૂપિયા પણ પડાવતો હતો. કરીમે પોતાની પત્નીનું ફેક ડેથ સર્ટિફિકેટ પણ તૈયાર કરાવી લીધું હતું અને તે મહિલાઓને મોકલતો હતો. પોલીસનું માનીએ તો હકીકતમાં કરીમ પાસે કોઈ કામ નહોતું અને નાનું મોટું સ્ટોકમાર્કેટનું કામ કરતો હતો.

# CA દંપતીએ સગા સંબંધીઓને જ 10 કરોડનો ચૂનો લગાવ્યો

## શેરબજારમાં રોકાણ કરવાનું કહી મામા સહિતના લોકો પાસેથી પૈસા પડાવ્યા, અમદાવાદ-ગાંધીનગરમાં ઓફિસ ધરાવતા

**અમદાવાદ, તા.17**

અમદાવાદમાં રહેતા અને CA (ચાર્ટડ એકાઉન્ટ)ના વ્યવસાય સાથે સંકળાયેલા દંપતીએ સગા સંબંધીઓ સહિતના લોકો સાથે 10 કરોડ રૂપિયાની છેતરપિંડી કરતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ઠગ દંપતની ધરપકડ કરી 21 જૂન સુધીના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. શેરબજારમાં રોકાણ કરાવવાનું કહી કરોડો રૂપિયા પડાવી લીધા બાદ દંપતીએ પૈસા ક્યાં રોક્યા છે તેની હાલ તપાસ શરૂ કરવામાં આવી છે.

ગોતામાં રહેતા કૌશલભાઈ વિનોદકુમાર નાયકે EOW ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમની બહેનના દીકરા જ્વલિત ઉર્ફે જય અને તેની પત્ની બોસકી બંને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેથી તેમનું તથા પરિવારના તમામ સભ્યોનું ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરાવવાથી લઈને તમામ નાણાકીય બાબતો તેઓ જ સંભાળતા હતા. દરમિયાન જ્વલિત અને બોસકીએ શેરબજારમાં રોકાણ કરીને વધુ નફો કમાવી આપવાની લાલચ આપી કૌશલભાઈ પાસેથી રૂ. 5.91 કરોડ



તથા અન્ય સંબંધીઓ પાસેથી રૂ. 4.44 કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ઠગ દંપતીએ કુલ રૂ. 10.36 કરોડ ટ્રાન્સફર કરાવી લીધા બાદ તે રકમ જુદી જુદી જગ્યાએ રોકાણ કરી દીધી હોવાનું જણાવ્યું હતું. જ્યારે કૌશલભાઈએ દીકરાના અભ્યાસ માટે વિઝાની પ્રક્રિયા સંદર્ભે બેંક સ્ટેટમેન્ટ માંગ્યાં ત્યારે તેમને બેંકનું ખોટું સ્ટેટમેન્ટ મોકલવામાં આવ્યું હતું. ઉપરાંત ખોટી વિગતો ધરાવતો ઈ-મેઈલ પણ કરવામાં આવ્યો હતો.આટલું જ નહીં, આ દંપતી પાસે નાયક પરિવારના સભ્યોના તમામ દસ્તાવેજો હોવાથી તેમણે ખોટી કંપનીઓ રજિસ્ટર કરાવી, તેમના નામે બેંક ખાતાં ખોલાવી અને ખોટા ટ્રાન્ઝેક્શન પણ કર્યા હતા. આ વિશ્વાસઘાત અંગે જ્યારે કૌશલભાઈ નાયકને જાણ થઈ ત્યારે તેમણે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે કરોડોના ફ્રોડ મામલે જ્વલિત અને તેની પત્ની બોસકીની ધરપકડ કરી લીધી છે અને 21 જૂન સુધીના રિમાન્ડ મેળવ્યા છે. આરોપી દંપતીએ સગા સંબંધીઓ પાસેથી રોકાણના નામે મેળવેલી કરોડોની રકમ ક્યાં રોકી છે તેની હાલ પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસનું માનીએ તો, આરોપી દંપતી CA હોય ટ્રાન્જેકશનમાં પાવરધા છે જેથી તેઓએ આટલી મોટી રકમ ક્યાં રોકી છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસની તપાસમાં આરોપી દંપતીની અમદાવાદ અને ગાંધીનગરમાં એક એક ઓફિસ આવેલી હોવાનું જાણવા મળ્યું છે. લોકોને પોતાની જાળવામાં ફસાવવા માટે પતિ-પત્ની લેવિશ લાઈફ જીવતા હતા જેથી લોકોને લાગે કે આ લોકો રોકાણ કરી સારી એવી આવક મેળવી રહ્યા છે. હાલ જે ફરિયાદી છે તે સિવાય અન્ય કોઈ લોકો આ દંપતીના ભોગ બન્યા હોય તો તેઓને પણ પોલીસ સમક્ષ આવવા અપીલ કરવામાં આવી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**




